શ્રી

# મહાવીર જૈન વિદ્યાલયનો

## ચતુર્થ વાર્ષિક રિપોર્ટ.

વીરાત્ ૨૪૪૪-૫. વિક્રમાર્ક ૧૯૭૪-૭૫.

૧ જુન ૧૯૧૮ થી ૩૧ મે ૧૯૧૯.

સ્થાન. ગોવાળીઆ ટેંકરોડ, વિદ્યાલય બીલ્ડીંગ્સ. મુંબઇ.

કમીટિના હુકમથી
છપાવી પ્રસિદ્ધ કરનાર.
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
ઑ. સેક્રેટરી.

## આર્યાવર્તનો સંક્રાન્તિકાળ

આર્યાવર્તના ઇતિહાસમાં આ અસાધારણ સંક્રાન્તિકાળ છે. જ્યારે ભગવાન્ વીર સમયથી અત્યારસુધી લંબાતા કાળપટ પર લખાયલાં ઐતિહાસિક અવનવાં ચિત્રો પર ન૦ કરીએ છીએ ત્યારે ભારતવાસીઓના બાહ્ય અને આન્તર જીવનમાં કેટલો ફેરફાર થતો ૦ છે તેમજ પ્રાચીન યુગની ભાવનાઓ કેટલાં રૂપાન્તર સ્વીકારતી જાય છે તેનો કાંઇક ખ્ય. આવે છે. અંગ્રેજી રાજ્યના આરંભથી આર્યાવર્તના રૂઢિપ્રિય જીવનમાં પાશ્ચાત્ય સંસ્કૃ પ્રવેશ પામી અને તેનું રાજા રામમોહનરાયમાં પ્રથમ્ દર્શન થયું. વર્તમાનકાળે આપણુ આસપાસ જે વાતાવરણુ ઉભું થયું છે તેમાં નિવૃત્તિ કરતાં પ્રવૃત્તિનાં આંદોલનો અધિક પ્રમાણુમાં અનુભવાય છે; સમષ્ટિઅનુસરણુ ઉપેક્ષા પામી વ્યક્તિસ્વાતંત્ર્ય સવિશેષ પ્રોત્સાહન પામે છે; મનુજહૃદયમાં શ્રધ્ધા ગૌણુ પદને ધારણુ કરે છે, પ્રજ્ઞા પ્રધાન પદને પામે છે. સામાજિક ભાવનાઓ પણુ એવાજ વિપર્યય પામી રહી છે. પુરૂષ પરમેશ્વર અને સ્ત્રી સેવિકા મનાવાના સ્થાને બન્ને એકમેકની ખોટ પૂરનારાં અને શોભા વધારનારાં જીવનરથનાં અપરિહાર્ય સહચરો મનાતાં જાય છે. પરદેશગમન વધતું જાય છે અને જ્ઞાતિબંધનો શિથિલ થતાં જાય છે. એક વખત સ્વસ્થિતિસંતોષ ધર્મ મનાતો અત્યારે સ્વસ્થિતિથી અસંતોષ પ્રગતિનું મૂળ લેખાય છે. ધર્મ અને જ્ઞાતિઓના અગણિત ભેદો પાણીના પરપોટાની જેમ લય પામી આ આર્યાવર્તમાં રાષ્ટ્રીય સંઘ બંધાતો જાય છે. આ રાષ્ટ્રીય સંઘ સબળ અને સાર્થક બને તે માટે લોકવ્યાપક કેળવણી સિવાય અન્ય કોઇ સાધન નથી એ હવે કોઇને અજાણુ રહ્યું નથી. લોકો અજ્ઞાન અંધકારમાંથી મુક્ત થાય અને જ્ઞાનસમૃધ્ધ બને તે માટે ચોતરફ અનેક પ્રયત્નો ચાલી રહ્યા છે. અંગ્રેજ સરકાર કેટલીક યુનિવર્સિટીઓ સ્થાપીને તથા કૉલેજ, હાઇસ્કુલ તેમજ ગુજરાતી નિશાળો ઉભી કરીને આ દિશાએ યથાશક્તિ નહિ તો યથામતિ પ્રયાસ કરી રહી છે. વર્તમાન હિંદમાં લોકવ્યાપી શિક્ષણનો પ્રશ્ન સૌથી વધારે અગત્યનો છે, કારણુ કે ચારે બાજુએ વસતી સ્વાર્થપરાયણુ પ્રજાઓમાં આત્મપ્રગતિ લોકવ્યાપી શિક્ષણુ સિવાય સિધ્ધ થવી સર્વથા અશક્ય છે, પણુ આ મહાન્ પ્રશ્નનો અંગ્રેજ સરકારથી સંતોષકર નિવેડો થયો જણાતો નથી. એક તો હિંદુસ્તાનમાં બીજા દેશોના પ્રમાણુમાં વસ્તીના બહુજ ઓછા ટકા કેળવણી પામે છે અને વળી જે કેળવણી અપાય છે તે અનેક અંશે અપૂર્ણ છે. પરદેશી પ્રજા શિક્ષણુને લોકવ્યાપક બનાવવા આપણા જેટલી ઇન્તેજાર ન હોય તે. તે સ્વાભાવિક છે. વળી અંગ્રેજ સરકાર આધુનિક શિક્ષણુનો વિચાર રાષ્ટ્રીય દૃષ્ટિબિન્દુથી કરી ન શકતી હોય તો તેમાં પણુ નવાઇ પામવા જેવું નથી. ગમે તેમ હોય, પણુ એ તો સુનિશ્ચિત છે કે દેશમાં કેળવણી વિના હવે ચાલી શકે તેમ નથી. **बुद्धिर्यस्य बलं तस्य**નો આ યુગ છે. અશિક્ષિત પ્રજાને સ્વમાનથી ભ્રષ્ટ થઇ અન્ય પ્રજાનાં સ્વચ્છન્દી આક્રમણો મૂક ભાવે સહન

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

નો

## ચોથો વાર્ષિક રિપોર્ટ.

તા. ૧ જુન ૧૯૧૮ થી તા. ૩૧ મે ૧૯૧૯

**સુધીની**

**આંતર વ્યવસ્થા, આવક જાવક, સરવૈયા**

વિગેરેનો

**મેનેજીંગ કમીટિનો સંપૂર્ણ રિપોર્ટ.**

(આ રિપોર્ટમાં સંસ્થાને લગતી સર્વ જરૂર જાણવા જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.)

વીરાત્ ૨૪૪૫ વિક્રમ ૧૯૭૫ સને ૧૯૧૯

**મેનેજીંગ કમીટિના હુકમથી**

છપાવી પ્રસિદ્ધ કરનાર

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

ઑ. સેક્રેટરી.

સ્થળ-ગોવાળીઆ ટેંકરોડ, વિદ્યાલય બીલ્ડીંગ્સ,

**મુંબઇ.**

श्रृणुत धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ॥
धर्मादधिगतश्वैर्यो धर्ममेव निहन्ति यः ।
कथं शुभायतेर्भावी स स्वामी द्रोहपातकी ॥

રતીલાલ હરજીવન પટેલે શ્રીકૃષ્ણ પ્રિંટીંગ પ્રેસમાં છાપ્યો.
નં ૯, અનંતવાડી મુંબઇ ૨.

## રિપોર્ટવાળા વર્ષની મેનેજીંગ કમીટિ.

### તા૦ ૨૨ મી સપ્ટેમ્બર ૧૯૧૮ ને રોજ ચુંટાયલી.

| | | |
|---|---|---|
| ૧ | મી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ | ઓ. સેક્રેટરી. |
| ૨ | શેઠ દેવકરણ મુળજી | ખજાનચી. |
| ૩ | શેઠ મકનજી જે. મ્હેતા બારીસ્ટર એટ-લો | મેંબર. |
| ૪ | શેઠ મુળચંદ હીરજી | આ. સેક્રેટરી. |
| ૫ | શેઠ નરોત્તમદાસ ભાણજી | મેંબર. |
| ૬ | શેઠ મોતીલાલ મુળજી | ,, |
| ૭ | શેઠ નાનચંદભાઇ કસ્તુચંદ મોદી એલ. એમ. એન્ડ એસ. | ,, |
| ૮ | શેઠ સારાભાઇ મગનલાલ મોદી બી. એ. | ,, |
| ૯ | શેઠ મણીલાલ સુરજમલ ઝવેરી | ,, |
| ૧૦ | ઝવેરી લલુભાઇ દીપચંદ | ,, |
| ૧૧ | શેઠ અમરચંદ ઘેલાભાઇ ગાંધી | ,, |
| ૧૨ | શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ. એલ. બી. | ,, |
| ૧૩ | શેઠ ચુનીલાલ વીરચંદ | ,, |
| ૧૪ | શેઠ નરોત્તમદાસ હેમચદ અમરચંદ | ,, |
| ૧૫ | શેઠ ફકીરચંદ નગીનચંદ કપુરચંદ | ,, |

એ ઉપરાંત ધારાધોરણ કલમ ૨૪ ની રૂએ નીચેના મેંબરો મેનેજીંગ કમીટિમાં બેસવાને હકદાર હતા.

૧ શેઠ નાગરદાસ પુરૂષોત્તમ (તા. ૬-૮-૧૯૧૬)
૨ શેઠ નેમચંદ ભીમજી (તા ૧-૭-૧૯૧૭)
૩ શેઠ પાનાચંદ પ્રેમચંદ (તા. ૧-૭-૧૯૧૭)
૪ શેઠ મુળચંદ હીરાચંદ (તા. ૧-૭-૧૯૧૭)
૫ શેઠ ગોવિંદજી ખુશાલ (તા. ૧-૭-૧૯૧૭)
૬ શેઠ પરમાણંદ રતનજી (તા. ૧-૭-૧૯૧૭)
૭ શેઠ ગુલાબચંદ ધરમચંદ (તા ૨૯- ૧-૧૯૧૭)
૮ શેઠ હીરાલાલ બકોરદાસ (તા ૧૮-૧૧-૧૯૧૭)
૯ શેઠ મોહનલાલ ઝવેરચંદ (તા. ૧૮-૧૧-૧૯૧૭)
૧૦ શેઠ રતનલાલ ચુનીલાલ (તા ૧૦-૨-૧૯૧૮)
૧૧ શેઠ હીરાલાલ અમૃતલાલ (તા ૭-૪-૧૯૧૮)
૧૨ શેઠ લલ્લુભાઇ નથુભાઇ (તા ૭-૪-૧૯૧૮)

તા૦ ૧૭ ઓગસ્ટ ૧૯૧૯ ને રોજ જનરલ મીટિંગનો મેળાવડો કરવામાં આવ્યો હતો તે વખતે વોટીંગ પેપરથી ચુંટાઇ આવેલા મેંબરોનું લીસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. સદરહુ મેનેજીંગ કમીટિ કાયમ રહી હતી, માત્ર શેઠ નરોત્તમદાસ હેમચંદનો દેહોત્સર્ગ થતાં તેમની ખાલી પડતી જગાએ શેઠ હીરાલાલ અમૃતલાલ બી. એ. ને ચુંટવામાં આવેલા જાહેર કર્યા હતા સદરહુ મીટિંગમાં આ સાથે છાપેલો રિપોર્ટ બહાલ રાખવામાં આવ્યો હતો અને આવક જાવકનો હિસાબ તથા સરવૈયાને પણ આ સાથે છાપવામાં આવ્યા છે. તે પસાર થયા હતા. સંસ્થાના ધારાધોરણ પ્રમાણે એ મીટિંગનું પ્રમુખસ્થાન શેઠ દેવકરણ મુળજીને આપવામાં આવ્યું હતું અને સગવડ માટે મેળાવડો શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના હોલમાં કરવામાં આવ્યો હતો.

ઓ. સેક્રેટરી.



## રિપોર્ટની અનુક્રમણિકા.


| બાબત. | પૃષ્ટ સંખ્યા. |
|---|---|
| ટાઇટલ પેજ | ૧ |
| જુની તથા નવી મેનેજીંગ કમીટિ | ૨ |
| અનુક્રમણિકા | ૩ |
| કવોટેશન ફકરા | ૪ |
| ચતુર્થ વાર્ષિક રિપોર્ટ | ૫ |
| નં. ૧ ચોથા વર્ષનો આવક જાવકનો હિસાબ | ૨૮ |
| નં. ૨ સંસ્થાનું ચોથા વર્ષની આખર સુધીનું આર્થિક સરવૈયું | ૩૦ |
| નં. ૩ ચોથા વર્ષમાં મુકામફંડમાં વસુલ આવેલ સહાય અને સહાયકોનું લીસ્ટ | ૩૨ |
| નં. ૪ ચોથા વર્ષમાં પાછળના વર્ષની વસુલ આવેલી લવાજમની મદદ | ૩૨ |
| નં. ૫ ચોથા વર્ષમાં સંવત્ ૧૯૭૫ ની વસુલ આવેલી લવાજમની મદદ | ૩૪ |
| નં. ૬ ચોથા વર્ષમાં હવે પછીની વસુલ આવેલી લવાજમની મદદ | ૩૬ |
| નં. ૭ ચાલુ વર્ષમાં ચાલુ ખાતે મળેલી સહાયની વિગત | ૩૬ |
| નં. ૮ ચાલુ વર્ષમાં ચીજોની મળેલી ભેટની વિગત | ૩૯ |
| નં. ૯ ચોથા વર્ષના (૧૯૧૮-૧૯ ના) સંસ્થામાં રહી અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓની વિગત | ૪૦ |
| નં. ૧૦ નવીન વર્ષ (૧૯૧૯-૨૦) માં સંસ્થામાં રહેલા વિદ્યાર્થીઓની વિગત | ૪૨ |
| નં. ૧૧ ચોથા વર્ષના વિદ્યાર્થીઓના અભ્યાસ તથા કોમ આદિ હકીકતના કોઠા | ૪૬ |
| નં. ૧૨ નવીન વર્ષના વિદ્યાર્થીઓના કોમ અભ્યાસ વિગેરે બાબતોના કોઠા | ૪૭ |
| નં. ૧૩ સંસ્થામાંથી બહાર પડેલ વિદ્યાર્થી ગ્રેજ્યુએટ સંબંધી વિગત | ૪૮ |
| નં. ૧૪ સંસ્થાનાં આંતર ખાતાંઓમાં કામ કરનાર વિદ્યાર્થી સેક્રેટરીઓની વિગત | ૪૯ |
| નં. ૧૫ વિદ્યાર્થીમંડળ (આંતર) નો રિપોર્ટ તથા ભાષણોની વિગત | ૫૧ |
| નં. ૧૬ રિટાયર થયેલા સુપ્રીન્ટેન્ડેન્ટનો રિપોર્ટ (મી. શ્રોફ) | ૫૩ |
| નં. ૧૭ ચાલુ સુપ્રીન્ટેન્ડેન્ટ (મી. શાહ) નો રિપોર્ટ અને સૂચનાઓ | ૫૬ |
| નં. ૧૮ (તા ૫-૧ ૧૯) મી. બરોડીઆએ લીધેલ ધાર્મિક પરીક્ષાનો સવાલપત્રક | ૬૦ |
| નં. ૧૯ ધાર્મિક પરીક્ષક મી. બરોડીઆનો રિપોર્ટ અને પરીક્ષાનું પરિણામ | ૬૨ |
| નં. ૨૦ ધાર્મિક શિક્ષણ પર પંડિત વ્રજલાલજીના વિચારો અને અભિપ્રાયો | ૬૩ |
| નં. ૨૧ (તા. ૩-૮-૧૯) ને રોજ લીધેલ 'જૈન દર્શન' પુસ્તકની પરીક્ષાનો સવાલપત્રક | ૬૫ |
| નં. ૨૨ વિદ્યાર્થી પ્રમાણે વાર્ષિક તથા માસિક ખર્ચ પત્રક | ૬૬ |
| નં. ૨૩ ચોથા વર્ષ ખાતાવાર માસિક ખર્ચના કોઠા | ૬૭ |
| નં. ૨૪ ચોથા વર્ષની મેનેજીંગ કમીટિના મેંબરો તથા મળેલ વોટની સંખ્યા | ૬૯ |
| નં. ૨૫ મેનેજીંગ કમીટિની મીટિંગમાં હાજરી | ૭૦ |
| નં. ૨૬ ઇન્સ્પેકશન કમીટિ તથા પ્રમુખનાં નામો | ૭૧ |
| નં. ૨૭ ખરીદેલી સંસ્થાની મિલ્કતોનું વર્ણન | ૭૨ |
| નં. ૨૮ તા. ૨૨-૧૨-૧૯૧૮ ને રોજ મળેલી જનરલ મીટિંગનું પ્રોસીડીંગ | ૭૫ |


તા. ક. વિઝીટનું પરિશિષ્ટ રિપોર્ટ મોટો થઇ જવાથી રદ કર્યું છે

" But without organisation India will not be able to withstand the forces that have come and are coming into being and one supreme aim of our educational system should be to teach and train people to organise themselves and to act in co-operation. An unorganised people is a mere rabble, a helpless unsentient mass and can never be a power for good. Their natural and inevitable lot is to be poor spirited inefficient slaves whether of foreigners or of the aristocrats, of wealth or intellect, or of caste or priestcraft or of all combined. A people that have no corporate mind or will need never aspire to statue. If a system of education be not calculated to improve the people's capacity for organisation and co-operation that system must be vitally defective and there should be no hesitation in discarding it.

***Concluding he said :--***

" One piece of practical advice; I should like to give you. Start
" on your life with as little personal and domestic burden on
" your shoulders as possible. You will then find that
" your earning capacity will greatly increase and you will at
" the same time be in a more favourable position to render
" valuable services to the state. Keep your breast always filled
" with courage and faith, hold up your hand in whatever position
" you are placed. Look upon honest work of every kind as
" equally worthy of the greatest and the lowest and never
" scruple to brush aside whatever artificial obstacles you may
" find in the way of any work which your conscience tells you
" is for the good of the hnmanity. Remember always that the
" highest mission in life is to serve one's fellow-beings. I wish
" you every good fortune in your future career."

**Sir Abdur Rahim's Convocation Address.**

*( Mysore University. )*

परमात्मने नमः

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

નો

## ચતુર્થ વાર્ષિક રિપોર્ટ.

મેનેજીંગ કમીટિએ પસાર કર્યો તા. ૬-૮-૧૯ ની મીટીંગમાં.
જનરલ કમીટિએ પસાર કર્યો તા. ૧૭-૮-૧૯ ની મીટીંગમાં.

## મેનેજીંગ કમીટિની કાર્યવાહીનો રિપોર્ટ.

**માન્યવર મહાશયો,**

**પ્રસ્તાવના.**

આ સંસ્થાનો ચોથો વાર્ષિક રિપોર્ટ આપની સમક્ષ રજુ કરતાં ઘણો આનંદ થાય છે. ઘણી ચર્ચાને પરિણામે અપવાદ વગર સુજ્ઞ વિચારકોનો એવો નિર્ણય થયો છે કે કોઇ પણ કોમ, દેશ કે પ્રજાનો વિકાસ કેળવણીના પ્રચાર અને સુવ્યવસ્થા પર આધાર રાખે છે. અત્યારે જો વિચારકોમાં મતભેદ હોય તો તે માત્ર કેળવણી કે[illegible] પ્રકારની અને કેવી રીતે આપવી તે સંબંધમાં છે, પણ ખુદ કેળવણીની [illegible]પણ આતના પ્રશ્ન પર કોઇ પ્રકારનો બે મત નથી અને તેમ હોવું સંભ[illegible] અને નથી. પ્રાચીન વિચારકો પણ જ્ઞાનની મહત્તા સમજે છે અને સ્વી[illegible] તો તેનું કોઇ કોઇવાર વર્ત્તમાન કેળવણી તરફ તેમનો અભાવ જોવામ[illegible] પરંતુ જ્ઞાનનો પૃથક્કરણ કરતાં તે માત્ર કેળવણીની પદ્ધતિને અંગે જણા[illegible] આપણી કોમનું વિસ્તાર કર્તવ્ય છે એ સંબંધમાં તેમનો વાંધો જણાશે[illegible]તથી આપણે વ્યાપારનું લક્ષ્ય કેળવણીના અગત્યના વિષય પર બહુ મોડું પડ[illegible] સાધનોને અભાવે આપણે ક્ષેત્ર પણ સંકોચવું પડયું છે અને સાહસ [illegible] ક્ષેત્રમાં લાગવગ ઓછી થતાં વિશેષ વધારો બતાવી શકતા નથી; વ્યાપા[illegible] આપણે પાછા પડતા જઇએ એવી રાજ્યદ્વારી અને સાંસારિક પરિસ્થિતિમાં [illegible] આપણી ઘણી મોટી જવાબદારીઓને સ્વાભાવિક પણ અનિષ્ટ સ્થિતિ જણા[illegible] અને

પહોંચી વળવા માટે આપણે ભગીરથ પ્રયત્ન કરવો જોઇએ એમ જણાયું. અનેક વિચારવિનિમય, ચર્ચા અને વાદવિવાદને પરિણામે કેળવણીના સવાલને ગંભીર રીતે ઉચકી લેવાના નિર્ણય પર આપણી કોમ આવી અને બને તેટલી વ્યવહારૂ યોજનાઓ કરવાની જરૂરીઆત ચોતરફથી સ્વીકારવામાં આવી. આપણી મહાન્ સંસ્થા કોન્ફરન્સમાં કરેલા વિચારોએ અને ચર્ચાએ આપણી ખરી સ્થિતિ અને જરૂરીઆતો આપણી સમક્ષ રજુ કરી.

આ દરમિયાન પૂજ્ય **મુનિ મહારાજશ્રી વલ્લભવિજયજી**નું ચાતુર્માસ સંવત્ ૧૯૬૯ માં મુંબઇમાં થતાં તેઓશ્રીના ઉપદેશથી કેળવણીના કાર્યને વ્યવહારૂ રૂપ આપવાની શરૂઆત કરવામાં આવી. વિચાર કરતાં કેળવણીના આખા વિશાળ ક્ષેત્રમાં આપણે બહુ કાર્ય કરવાનું છે એમ જણાયું. બહુ મોટા પાયા ઉપર એ ક્ષેત્રને ખેડવાની જરૂરીઆત સ્પષ્ટ થતાં એ કાર્યને ઉપાડવાની યોજનાઓ ઉપર વિચાર કરવામાં આવ્યા. અનેક યોજનાઓ રજુ થતાં આ સંસ્થાની યોજના બહુ વિચારને પરિણામે હાથ ધરવામાં આવી અને કેળવણીના સવાલોને વ્યવહારૂ આકારમાં જેમ બને તેમ વિસ્તારથી મૂકવાના ઇરાદાથી આ સંસ્થા સંબંધી વિચારો યોજાયા. બીજા વર્ષમાં પણ યોજના પર વધારે વિચાર થયો અને સંવત્ ૧૯૭૧ ના માગશર માસમાં એ યોજનાને વ્યવહારૂ રૂપ આપવાનો નિર્ણય કરાવી વાર્ષિક મદદમાં દર વર્ષ માટે રૂ. ૯૪૫૦) ની મદદ સુધીનાં વચનો મેળવી અને કાર્યવાહકોને પ્રેરણા કરી પૂજ્ય શ્રી વલ્લભવિજયજી મુંબઇથી વિહાર કરી ગયા. ત્યાંસુધી એક કામચલાઉ મેનેજીંગ કમીટિ કામ ચલાવતી રહી હતી.

સંવત્ ૧૯૭૧ ના ફાગણ માસમાં એક મેનેજીંગ કમીટિની સ્થાપના કરવામાં આવી અને સંસ્થાની યોજના અમલમાં મૂકવા વ્યવહારૂ પગલાં ભરવાની સવિશેષ [illegible]ગતિ ત્યારપછી કરવામાં આવી. સંવત્ ૧૯૭૧ ના વૈશાખ વદ ૮ તા. ૧૮ [illegible] [illegible]૯૧૫ ને રોજ આ સંસ્થાને અંગે ચાલતી બોર્ડીંગ (વિદ્યાર્થીઆશ્રમ) [illegible]ત પ્રાચીન પદ્ધતિ પ્રમાણે કરવામાં આવી અને અનેક શુભ આશાઓ [illegible]દાથી શરૂ થયેલ આ સંસ્થાએ ત્યારપછી ત્રણ વર્ષમાં શું કાર્ય [illegible]પની સમક્ષ રિપોર્ટ દ્વારા રજુ કરવામાં આવ્યું છે. ત્યારપછી [illegible]ાહી કેવા પ્રકારની થઈ છે અને ભાવી ભાવનાઓ કેવી છે [illegible]ર્તવ્ય પ્રાપ્ત થાયછે તે સંબંધી વિગતવાર રિપોર્ટ આપની [illegible] કમીટિને ઘણો આનંદ થાય છે. જે પરિણામ બતાવી [illegible] પ્રેમ અને સલાહને આભારી છે. આપ શાંતિપૂર્વક [illegible]મારી ખાસ વિજ્ઞપ્તિ છે. સંસ્થાનો અભ્યાસ કરી [illegible] કમીટિ પૂરતી રીતે વિચાર કરશે તે બાબત

(left-margin fragments of the same lines: બજાવ્યું છે / ચોથા વર્ષમાં / અને તેને અંગે શો / સમક્ષ રજુ કરતાં મેન / શકાય છે તે આપની દ્રષ્ટિએ / આખો રિપોર્ટ વિચારશો એટલે / જે સૂચનાઓ કરવામાં આવશે તેના / આપને વારંવાર જણાવવાની જરૂર નથી.)



## વિદ્યાર્થીઓ.

આ સંસ્થાને અંગે બોર્ડીંગની યોજના પ્રથમ હાથ ધરવામાં આવી છે તે સંબંધમાં ગત વર્ષમાં થયેલ કાર્યનો હેવાલ પ્રથમ વિગતવાર રજુ કરવામાં આવે છે. આ સંસ્થાની પ્રગતિ કેવી રીતે થઇ છે તે બતાવવા આ વખતે આંકડાઓ વધારે બારીકીથી વર્ષવાર આપવામાં આવ્યા છે જેથી અગત્યની બાબતો પર લક્ષ્ય દોરી શકાય.

| | | પ્રથમ ટર્મ | દ્વિતીય ટર્મ | |
|---|---|---|---|---|
| **વિદ્યાર્થી સંખ્યા** | સંવત્ ૧૯૭૧-૨ | ૧૫ | ૧૮ | પ્રથમ વર્ષ |
| | સંવત ૧૯૭૨-૩ | ૨૮ | ૩૧ | દ્વિતીય વર્ષ |
| | સંવત્ ૧૯૭૩-૪ | ૩૬ | ૩૯ | તૃતીય વર્ષ |
| | સંવત્ ૧૯૭૪-૫ | ૩૭ | ૩૮ | ચતુર્થ વર્ષ |
| | સંવત્ ૧૯૭૫-૬ | ૪૩ | ... | ચાલતું વર્ષ |

રિપોર્ટવાળા વર્ષની શરૂઆતમાં ૩૭ વિદ્યાર્થીઓ સંસ્થામાં હતા અને બીજા ટર્મની શરૂઆતમાં એક વિદ્યાર્થીને વધારે દાખલ કર્યો તેથી સંસ્થામાં ગયા વર્ષ આખરે ૩૮ વિદ્યાર્થીઓ રહ્યા. ઉપરના પત્રક ઉપરથી સંસ્થાનું કાર્ય કેવી રીતે આગળ વધતું જાય છે તે પણ જોવામાં આવશે એ ૩૮ વિદ્યાર્થી પૈકી ત્રણ વિદ્યાર્થીઓએ સંસ્થા છોડી, જેમાંના બે પેઇંગ વિદ્યાર્થી હતા અને એક વિદ્યાર્થી અભ્યાસમાં ઘણો કાચો જણાયાથી તેને સારી લાઇન લેવાની સલાહ આપવામાં આવી. ઉપરાંત ચાર વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થતાં સંસ્થા છોડી ગયા એટલે જુનામાંથી ૩૧ વિદ્યાર્થીઓ રહ્યા અને એક વિદ્યાર્થીએ મેડીકલ સર્ટીફીકેટ મોકલ્યું છે તેથી બાકી ૩૦ જુના રહ્યા. આ વર્ષમાં નવા ૧૩ વિદ્યાર્થીઓને લેવામાં આવ્યા છે અને કુલ સંખ્યા વધારીને ૪૩ કરવામાં આવી છે. કેટલાક વિદ્યાર્થી અરજી કરીને જોડાતા નથી તેથી ગડબડ થઇ જાય છે. અનુકૂળતા પ્રમાણે હજુ પણ સંખ્યામાં વધારો કરવાની હોંશ રાખવામાં આવે છે. ધારા ધોરણની ૭૯ મી કલમ પ્રમાણે પેઇંગ વિદ્યાર્થીનું પ્રમાણ ફ્રી કરતાં ૩/૪ હોવું જોઇએ અને કુલ ૫૦ વિદ્યાર્થીઓ દાખલ કરેલા હોવાથી મેનેજીંગ કમીટિએ તે પ્રમાણ જાળવી રાખ્યું હતું, છતાં અરજી પસાર કરેલા વિદ્યાર્થીઓ પૈકી તેમજ જુનામાંથી જોડાયા નહિ તેથી પ્રમાણમાં ફેરફાર થઇ ગયો છે તે માટે મેનેજીંગ કમીટિ જવાબદાર નથી. બહુ થોડા દિવસોમાં વિદ્યાર્થીઓને દાખલ કરવાના હોય છે અને દાખલ કરેલ સર્વને કોલેજોમાં એડમીશન મળતાં નથી તેથી આ બાબતમાં મેનેજીંગ કમીટિને છુટછાટ આપવી જરૂરની છે. ફ્રી વિદ્યાર્થીને ભોગે પેઇંગને દાખલ કરવામાં સંસ્થાનો ઉદ્દેશ જળવાતો નથી, પણ સગવડ અને સમાસ હોય તો ખાલી રહેતી જગા મેનેજીંગ કમીટિ પેઇંગ વિદ્યાર્થીઓથી તે વર્ષ માટે પૂરે એવી સત્તા આપવાની જરૂરીઆત લાગે છે. આ સંબંધી આપ જરૂર વિચાર કરશો અને આ ચાલુ વર્ષમાં બે પેઇંગ વિદ્યાર્થી વધારે રહ્યા છે તેમને ખાલી પડી રહેલી જગાએ આ વર્ષ માટેજ દાખલ કર્યા છે એમ ગણવાની બાબતમાં સંમતિ આપશો.

પહોંચી વળવા માટે આપણે ભગીરથ પ્રયત્ન કરવો જોઇએ એમ જણાયું. અનેક વિચારવિનિમય, ચર્ચા અને વાદવિવાદને પરિણામે કેળવણીના સવાલને ગંભીર રીતે ઉચકી લેવાના નિર્ણય પર આપણી કોમ આવી અને બને તેટલી વ્યવહારૂ યોજનાઓ કરવાની જરૂરીઆત ચોતરફથી સ્વીકારવામાં આવી. આપણી મહાન્ સંસ્થા કોન્ફરન્સમાં કરેલા વિચારોએ અને ચર્ચાએ આપણી ખરી સ્થિતિ અને જરૂરીઆતો આપણી સમક્ષ રજુ કરી.

આ દરમિયાન પૂજ્ય **મુનિ મહારાજશ્રી વલ્લભવિજયજી**નું ચાતુર્માસ સંવત્ ૧૯૬૯ માં મુંબઇમાં થતાં તેઓશ્રીના ઉપદેશથી કેળવણીના કાર્યને વ્યવહારૂ રૂપ આપવાની શરૂઆત કરવામાં આવી. વિચાર કરતાં કેળવણીના આખા વિશાળ ક્ષેત્રમાં આપણે બહુ કાર્ય કરવાનું છે એમ જણાયું. બહુ મોટા પાયા ઉપર એ ક્ષેત્રને ખેડવાની જરૂરીઆત સ્પષ્ટ થતાં એ કાર્યને ઉપાડવાની યોજનાઓ ઉપર વિચાર કરવામાં આવ્યા. અનેક યોજનાઓ રજુ થતાં આ સંસ્થાની યોજના બહુ વિચારને પરિણામે હાથ ધરવામાં આવી અને કેળવણીના સવાલોને વ્યવહારૂ આકારમાં જેમ બને તેમ વિસ્તારથી મૂકવાના ઇરાદાથી આ સંસ્થા સંબંધી વિચારો યોજાયા. બીજા વર્ષમાં પણ યોજના પર વધારે વિચાર થયો અને સંવત્ ૧૯૭૧ ના માગશર માસમાં એ યોજનાને વ્યવહારૂ રૂપ આપવાનો નિર્ણય કરાવી વાર્ષિક મદદમાં દર વર્ષ માટે રૂ. ૯૪૫૦) ની મદદ સુધીનાં વચનો મેળવી અને કાર્યવાહકોને પ્રેરણા કરી પૂજ્ય શ્રી વલ્લભવિજયજી મુંબઇથી વિહાર કરી ગયા. ત્યાંસુધી એક કામચલાઉ મેનેજીંગ કમીટિ કામ ચલાવતી રહી હતી.

સંવત્ ૧૯૭૧ ના ફાગણ માસમાં એક મેનેજીંગ કમીટિની સ્થાપના કરવામાં આવી અને સંસ્થાની યોજના અમલમાં મૂકવા વ્યવહારૂ પગલાં ભરવાની સવિશેષ [illegible]ગતિ ત્યારપછી કરવામાં આવી. સંવત્ ૧૯૭૧ ના વૈશાખ વદ ૮ તા. ૧૮ [illegible]૧૯૧૫ ને રોજ આ સંસ્થાને અંગે ચાલતી બોર્ડીંગ ( વિદ્યાર્થીઆશ્રમ ) ની [illegible] પ્રાચીન પદ્ધતિ પ્રમાણે કરવામાં આવી અને અનેક શુભ આશાઓ અને [illegible]દાથી શરૂ થયેલ આ સંસ્થાએ ત્યારપછી ત્રણ વર્ષમાં શું કાર્ય બજાવ્યું છે [illegible]પની સમક્ષ રિપોર્ટ દ્વારા રજુ કરવામાં આવ્યું છે. ત્યારપછી ચોથા વર્ષમાં [illegible]ાહી કેવા પ્રકારની થઇ છે અને ભાવી ભાવનાઓ કેવી છે અને તેને અંગે શાં [illegible] કર્તવ્ય પ્રાપ્ત થાયછે તે સંબંધી વિગતવાર રિપોર્ટ આપની સમક્ષ રજુ કરતાં મેનેજી[illegible] કમીટિને ઘણો આનંદ થાય છે. જે પરિણામ બતાવી શકાય છે તે આપની દ્રવ્યસ[illegible] પ્રેમ અને સલાહને આભારી છે. આપ શાંતિપૂર્વક આખો રિપોર્ટ વિચારશો એટલી [illegible]મારી ખાસ વિજ્ઞપ્તિ છે. સંસ્થાનો અભ્યાસ કરી જે સૂચનાઓ કરવામાં આવશે તેના પર[illegible] કમીટિ પૂરતી રીતે વિચાર કરશે તે બાબત આપને વારંવાર જણાવવાની જરૂર નથી.



## વિદ્યાર્થીઓ.

આ સંસ્થાને અંગે બોર્ડીંગની યોજના પ્રથમ હાથ ધરવામાં આવી છે તે સંબંધમાં ગત વર્ષમાં થયેલ કાર્યનો હેવાલ પ્રથમ વિગતવાર રજુ કરવામાં આવે છે. આ સંસ્થાની પ્રગતિ કેવી રીતે થઇ છે તે બતાવવા આ વખતે આંકડાઓ વધારે બારીકીથી વર્ષવાર આપવામાં આવ્યા છે જેથી અગત્યની બાબતો પર લક્ષ્ય દોરી શકાય.

| | | પ્રથમ ટર્મ | દ્વિતીય ટર્મ | |
|---|---|---|---|---|
| **વિદ્યાર્થી સંખ્યા** | સંવત્ ૧૯૭૧-૨ | ૧૫ | ૧૮ | પ્રથમ વર્ષ |
| | સંવત ૧૯૭૨-૩ | ૨૮ | ૩૧ | દ્વિતીય વર્ષ |
| | સંવત્ ૧૯૭૩-૪ | ૩૬ | ૩૯ | તૃતીય વર્ષ |
| | સંવત્ ૧૯૭૪-૫ | ૩૭ | ૩૮ | ચતુર્થ વર્ષ |
| | સંવત્ ૧૯૭૫-૬ | ૪૩ | ... | ચાલતું વર્ષ |

રિપોર્ટવાળા વર્ષની શરૂઆતમાં ૩૭ વિદ્યાર્થીઓ સંસ્થામાં હતા અને બીજા ટર્મની શરૂઆતમાં એક વિદ્યાર્થીને વધારે દાખલ કર્યો તેથી સંસ્થામાં ગયા વર્ષ આખરે ૩૮ વિદ્યાર્થીઓ રહ્યા. ઉપરના પત્રક ઉપરથી સંસ્થાનું કાર્ય કેવી રીતે આગળ વધતું જાય છે તે પણ જોવામાં આવશે એ ૩૮ વિદ્યાર્થી પૈકી ત્રણ વિદ્યાઓએ સંસ્થા છોડી, જેમાંના બે પેઇંગ વિદ્યાર્થી હતા અને એક વિદ્યાર્થી અભ્યાસમાં ઘણો કાચો જણાયાથી તેને સારો લાઇન લેવાની સલાહ આપવામાં આવી. ઉપરાંત ચાર વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થતાં સંસ્થા છોડી ગયા એટલે જુનામાંથી ૩૧ વિદ્યાર્થીઓ રહ્યા અને એક વિદ્યાર્થીએ મેડીકલ સર્ટીફીકેટ મોકલ્યું છે તેથી બાકી ૩૦ જુના રહ્યા. આ વર્ષમાં નવા ૧૩ વિદ્યાર્થીઓને લેવામાં આવ્યા છે અને કુલ સંખ્યા વધારીને ૪૩ કરવામાં આવી છે. કેટલાક વિદ્યાર્થી અરજી કરીને જોડાતા નથી તેથી ગડબડ થઇ જાય છે. અનુકૂળતા પ્રમાણે હજુ પણ સંખ્યામાં વધારો કરવાની હોંશ રાખવામાં આવે છે. ધારા ધોરણની ૭૯ મી કલમ પ્રમાણે પેઇંગ વિદ્યાર્થીનું પ્રમાણ ફ્રી કરતાં $\frac{1}{3}$ હોવું જોઇએ અને કુલ ૫૦ વિદ્યાર્થીઓ દાખલ કરેલા હોવાથી મેનેજીંગ કમીટિએ તે પ્રમાણ જાળવી રાખ્યું હતું, છતાં અરજી પસાર કરેલા વિદ્યાર્થીઓ પૈકી તેમજ જુનામાંથી જોડાયા નહિ તેથી પ્રમાણમાં ફેરફાર થઇ ગયો છે તે માટે મેનેજીંગ કમીટિ જવાબદાર નથી. બહુ થોડા દિવસોમાં વિદ્યાર્થીઓને દાખલ કરવાના હોય છે અને દાખલ કરેલ સર્વને કોલેજોમાં એડમીશન મળતાં નથી તેથી આ બાબતમાં મેનેજીંગ કમીટિને છુટછાટ આપવી જરૂરની છે. ફ્રી વિદ્યાર્થીને ભોગે પેઇંગને દાખલ કરવામાં સંસ્થાનો ઉદ્દેશ જળવાતો નથી, પણ સગવડ અને સમાસ હોય તો ખાલી રહેતી જગા મેનેજીંગ કમીટિ પેઇંગ વિદ્યાર્થીઓથી તે વર્ષ માટે પૂરે એવી સત્તા આપવાની જરૂરીઆત લાગે છે. આ સંબંધી આપ જરૂર વિચાર કરશો અને આ ચાલુ વર્ષમાં બે પેઇંગ વિદ્યાર્થી વધારે રહ્યા છે તેમને ખાલી પડી રહેલી જગાએ આ વર્ષ માટેજ દાખલ કર્યા છે એમ ગણવાની બાબતમાં સંમતિ આપશો.

**ફ્રી અને પેઇંગ**

એ પ્રત્યેક વર્ષમાં ફ્રી અને પેઈંગ વિદ્યાર્થીઓનું પ્રમાણ કેવું રહ્યું હતું તે પણ જાણવું જરૂરી છે તેની વિગત નીચે પ્રમાણે છે.

| | ફ્રી | પેઇંગ |
|---|---|---|
| પ્રથમ વર્ષ ૧૯૭૧-૨ | ૧૧ | ૭ |
| દ્વિતીય વર્ષ ૧૯૭૨-૩ | ૨૭ | ૩+૧ |
| તૃતીય વર્ષ ૧૯૭૩-૪ | ૩૦ | ૬ |
| ચતુર્થ વર્ષ ૧૯૭૪-૫ | ૩૧ | ૭ |
| નવીન વર્ષ ૧૯૭૫-૬ | ૩૧ | ૧૨ |

ફ્રી અને પેઇંગ વિદ્યાર્થીઓની સંખ્યામાં આવી રીતે ફેરફાર રહ્યા કરે છે. પેઇંગ વિદ્યાર્થી કોઇ પણ વખતે સંસ્થા છોડી શકે છે તેમજ છેલ્લી પરીક્ષા સંસ્થામાંથી પસાર કરે તોજ તેને અહીંથી થયેલ ગ્રેજ્યુએટ ગણવામાં આવે છે. અત્યાર સુધીમાં આ સંસ્થાના જનરલ રજીસ્ટરમાં કુલ           આ સંસ્થાનો લાભ લઇ ચુકયા છે. એક ટર્મ પેઇંગ તરીકે દાખલ થાય તેનું નામ પણ જનરલ રજીસ્ટરમાં દાખલ કરવામાં આવે છે.

**પરીક્ષાનાં પરિણામો.**

આપણે છેલ્લા વર્ષમાં ( રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન ) આ સંસ્થામાં ૩૭-૩૮ ( પ્રથમ દ્વિતીય ટર્મમાં ) વિદ્યાર્થીઓ રહ્યા તેમના પરીક્ષાના પરિણામો કેવાં આવ્યાં તે તપાસી લઇએ.

| અભ્યાસ | પાસ | નપાસ. | બેઠા નહિ. | પરીક્ષા નહિ. | રિમાર્ક |
|---|---|---|---|---|---|
| બી. એ. (છેવટની) | ૨ | ૦ | ૦ | ૦ | |
| બી. કોમ. (છેવટની) | ૨ | ૧ | ૦ | ૦ | |
| ઇન્ટર બી. કોમ | ૨ | ૧ | ૦ | ૦ | |
| જુનીયર બી. એ | ૦ | ૦ | ૦ | ૬ | |
| જુનીયર બી.એસ.સી. | ૦ | ૦ | ૦ | ૨ | |
| ઇન્ટર આર્ટ્સ | ૫ | ૧ | ૦ | ૦ | એક સેકન્ડ કલાસ |
| ત્રીજું વર્ષ ડાકટરી | ૩ | ૦ | ૦ | ૦ | ત્રણે સેકન્ડ કલાસ |
| બીજું વર્ષ ડાકટરી | ૦ | ૦ | ૦ | ૪ | |
| પ્રથમ વર્ષ ડાકટરી | ૧ | ૧ | ૧ | ૦ | |
| પ્રથમ વર્ષ ઇજનેર | ૨ | ૦ | ૦ | ૦ | બન્ને ફર્સ્ટ કલાસ |
| પ્રથમ વર્ષ આર્ટ્સ | ૨ | ૧ | ૧ | ૦ | |
| | ૧૯ | ૫ | ૨ | ૧૨ = ૩૮ | |



આ પ્રમાણે ૩૮ વિદ્યાર્થીઓ પૈકી ૧૨ વિદ્યાર્થીઓને પરીક્ષા નહોતી, બાકી ૨૬ વિદ્યાર્થીઓ પૈકી બે વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા નહિ. તે બન્નેમાંથી એક પેઇંગ હતો તેણે સંસ્થા છોડી અને બીજાને સલાહ આપી તે અનુસાર બીજી લાઇનમાં દાખલ થયો. બાકી ૧૯ વિદ્યાર્થીઓ પસાર થયા અને પાંચ નપાસ થયા. પુને આપણે ખરચે ભણતા બન્ને વિદ્યાર્થીઓ બહુ હદસરનો ખર્ચ કરે છે, બન્ને ફર્સ્ટ કલાસમાં આવ્યા છે. ચોથા વર્ષના વિદ્યાર્થીઓની વિગતવાર હકીકત પરિશિષ્ટ નં. ૯ માં આપવામાં આવી છે ત્યાંથી તેમના સંબંધી નામવાર સર્વ વિગત મળશે. તેમજ તેજ વિદ્યાર્થીઓ કયા કયા જીલ્લાના છે, કઇ જ્ઞાતિના છે તેની વિગત પરિશિષ્ટ નં. ૧૧ માં મળશે. આ પ્રસંગે ખાસ જણાવવાની જરૂરીઆત છે કે વિદ્યાર્થીને દાખલ કરતી વખતે તેમની લાયકાત અને જરૂરીઆત પર અને સંસ્થામાં સગવડ કેટલાની થઈ શકે છે તે બાબતો પરજ લક્ષ્ય આપવામાં આવે છે, તેમની જ્ઞાતિ કે જીલ્લા પર ધ્યાન આપવામાં આવતું નથી, તેથી કોઇ પણ જ્ઞાતિ કે જીલ્લાવાળાએ એ સંબંધમાં ખોટી કલ્પના કરવાની જરૂર રહેતી નથી. જ્યાં સહાયની જરૂર હોય ત્યાં આ સંસ્થા હાથ લંબાવે છે અને અત્યંત વિશાળ વૃત્તિથી કસોટિ પસંદગી કરે છે. આ સંબંધી જરાપણ ગેરસમજુતી થવી ન જોઇએ એવી ખાસ સૂચના કરવાની આવશ્યકતા લાગી છે.

**પાસ નપાસનું પ્રમાણ**

જે વિદ્યાર્થી પરીક્ષામાં એકવાર નપાસ થાય છે તેમને ખાસ ચેતવણી આપવામાં આવે છે અને તેના નપાસ થવાનાં કારણો વિચાર પર લેવામાં આવે છે. પરીક્ષામાં ૨૪ વિદ્યાર્થી બેઠા તેમાંથી ૧૯ પસાર થયા તે રીતે ૭૯ ટકા પરિણામ ગણાય, ૩૮ માંથી ૩૧ વિદ્યાર્થીઓ ઉપરના વર્ગમાં ગયા તેમ જોતાં પરિણામ ૮૧.૫ ટકા ગણાય અને પરીક્ષામાં ૨૬ બેસવા જોઇએ તેમ ગણતાં ૭૩ ટકા પરિણામ ગણાય. એકંદરે પરિણામ ઘણું સંતોષકારક છે. કોલેરા અને ઇન્ફ્લ્યુએન્ઝાને લઇને વિદ્યાર્થીઓની ગેરહાજરી છતાં તેઓ સુંદર પરિણામ બતાવી શકયા છે તે માનપ્રદ છે.

**નવા વિદ્યાર્થીઓ**

જુના તેમજ નવીન દાખલ કરેલા વિદ્યાર્થીઓનો અભ્યાસ નીચે પ્રમાણે છે. આ પત્રકમા પાંચમાં નવા વર્ષના સર્વ જુના તેમજ નવા દાખલ કરેલા ફ્રી તેમજ પેઈંગ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

| | | | |
|---|---|---|---|
| બી. કોમ. વ્યાપારી છેવટની | ૧ | મેડીકલ ચોથું વર્ષ | ૩ |
| | | " ત્રીજું " | ૪ |
| બી. એ. છેવટની | ૭ | " બીજું " | ૩ |
| બી. એસ. સી. છેવટની | ૧ | " પ્રથમ " | ૫ |
| બી. એ. પ્રથમ વર્ષ | ૬ | ઇન્ટર આર્ટ્સ | ૨ |

| | | | |
|---|---|---|---|
| બી. કોમ. વ્યાપારી દ્વિતીય વર્ષ | ૧ | ઇજનેરી બીજું | ૨ |
| | | પ્રીવીયસ | ૬ |
| બી. કોમ. પ્રથમ વર્ષ | ૧ | ઇજનેરી પ્રોબેશન | ૧ |
| | | | ૪૩ |

આ પ્રમાણે નવીન ચાલુ વર્ષના વિદ્યાર્થીઓનો અભ્યાસ છે. આમાં જે ખાસ લક્ષ્ય ખેંચવા જેવી બાબત છે તે મેડીકલ લાઇન છે. એ લાઇનમાં મોટો ખર્ચ થાયછે, ફી ઘણી મોટી છે અને બીજો પણ બહુ ખર્ચ છે; છતાં તેવી ખર્ચાળ લાઇનમાં આપણે ૧૫ વિદ્યાર્થીઓ દાખલ કર્યા છે. તેઓ ઉપર આપણી તંદુરસ્તીનો આધાર છે અને તેમને માથે મોટી જવાબદારી છે.

આ વર્ષે પુને ઇજનેરી લાઇનનો અભ્યાસ કરવા એક વધારે વિદ્યાર્થીને પ્રોબેશન કલાસમાં સંસ્થાને ખરચે દાખલ કરેલ છે.

**પેઇંગ વિદ્યાર્થી.** આ વર્ષે પેઇંગ વિદ્યાર્થીઓ વધારે આવ્યા છે તે સૂચવે છે કે ગૃહસ્થ અને મધ્યમ વર્ગના બંધુઓ આવી સંસ્થામાં પોતાના પુત્રોને મોકલી સંસર્ગ અને શ્રદ્ધાનો લાભ લેવાની જરૂરીઆત સમજતા અને સ્વીકારતા જણાય છે. આ બાબત બહુ મહત્ત્વની છે. નવા વર્ષમાં સંસ્થામાં દાખલ થયેલા વિદ્યાર્થીઓની વિગતવાર હકીકત પરિશિષ્ટ નં. ૧૦ માં આપવામાં આવી છે અને તેમના અભ્યાસ જ્ઞાતિ સ્થાન વિગેરેના કોઠા પરિશિષ્ટ નાં. ૧૨ માં આપવામાં આવ્યા છે.

**સંસ્થામાં જીવન.** સંસ્થામાં રહી વિદ્યાર્થીઓ સ્વાશ્રયી બને, કર્ત્તવ્યપરાયણ રહે, ધર્મ સન્મુખ રહે, મર્યાદા યુક્ત સ્વતંત્રતા શીખે અને નિયંત્રણા સાથે દંભરહિત થાય એવી યોજનાઓ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ ભાષણો સાંભળવા જાય છે. અંદર અંદર ચર્ચા ચલાવે છે અને જે વિષયની હારમાળા પરિશિષ્ટ નાં.૧૫ માં આપી છે તે જોતાં જણાશે કે અનેક ગૌરવવાળા વિષયો પર ચર્ચા કરે છે. આને પરિણામે આપણે જુસ્સાવાળા, કર્ત્તવ્યપરાયણ, સેવા-ધર્મસન્મુખ, ભોગ આપનાર એક સારો વર્ગ ભવિષ્યમાં ધરાવવા ભાગ્યશાળી થઇએ તો જે ભાવના અને ગણતરીથી સંસ્થા શરૂ કરી છે તે કેટલેક અંશે પાર પડવા સંભવ રહે છે અને તેમ થાય એમ માનવાનાં ઘણાં કારણો સંસ્થાના બારિક અવલોકનથી જણાશે. આંતર વ્યવસ્થાની અગત્યની બાબતો તેઓ જાતેજ સંભાળી લે તો તેથી તેમને જાત ઉપર વિશ્વાસ આવે છે અને આપણી પાસે વારંવાર ફરીઆદો આવતી અટકે છે તે વાત લક્ષ્યમાં રાખી આંતર વ્યવસ્થાના જૂદા જૂદા વિભાગો તેમને સોંપવામાં આવે છે. એવી રીતે વિદ્યાર્થીઓએ જે કાર્ય સંસ્થામાં રહી કર્યું તે સર્વ ખાતાના તેમનામાંથી થયેલા વિદ્યાર્થી સેક્રેટરીઓનાં નામો પરિશિષ્ટ નાં. ૧૪ માં આપવામાં આવ્યાં છે.



## ધાર્મિક શિક્ષણ.

**કોર્સ.** સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રવિવાર સિવાય દરરોજ રાત્રીના એક કલાક ધાર્મિક શિક્ષણ પંડિત વ્રજલાલજી આપે છે. કલાસ જુનની આખરે ખુલે છે અને પરીક્ષા પહેલાં થોડા દિવસે બંધ કરવામાં આવે છે. આ વર્ષમાં ઇન્ફલ્યુએન્ઝાને અંગે એક માસ નિયમ ઉપરાંત કલાસ બંધ રહ્યો હતો. સીનીયર વિદ્યાર્થીઓને શ્રીમદ્ આનંદઘનજીની ચોવીશીનાં કુલ સ્તવનોનું રહસ્ય સમજાવવામાં આવ્યું હતું અને જુનીયર કલાસના વિદ્યાર્થીઓને શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર પ્રથમ અને અને બીજા અધ્યાયનાં ચોવીશ સૂત્ર શીખવવામાં આવ્યાં હતાં. ઉપરાંત બન્ને કલાસોને શનિવારે સાથે બેસાડી શ્રીમદ્ યશોવિજયજીના જ્ઞાનસારના અષ્ટક ૯ થી ૧૨ અને ૧૪ થી ૧૬ એમ સાત અષ્ટક પર ભાષણો આપવામાં આવ્યાં હતાં. પરીક્ષા લીધા પછી કેટલોક અભ્યાસ આગળ ચાલ્યો હતો તે પણ અત્રે જણાવી દેવું યોગ્ય ગણાશે.

**રૂચિ.** વિદ્યાર્થીઓ હોંશપૂર્વક ધાર્મિક અભ્યાસ કરે છે અને તેમની સાથે સામાન્ય વાતચીત કરતાં તેઓને ધર્મનું સારૂં જ્ઞાન થતું હોય તેમ જણાય છે. પંડિતજી કોલેજની પદ્ધતિએ અભ્યાસ કરાવે છે અને પ્રત્યેકનું શંકાસમાધાન કરે છે. ધાર્મિક કલાસ ચાલતો હોય ત્યારે એકાદ કલાક ગુપચુપ બેસી સાંભળવાથી આહ્લાદ થાય તેમ છે. ધાર્મિક અભ્યાસનો અખતરો કેટલેક અંશે અહીં સફળ થયો હોય એમ લાગે છે.

**પરીક્ષા.** ધાર્મિક પરીક્ષા આ વર્ષમાં મી ઉમેદચંદ દોલતચંદ બરાડીઆ બી. એ.એ લીધી હતી. તા. ૫ મી જાન્યુઆરી ૧૯૧૯ ને રોજ તેમણે લીધેલી પરીક્ષાનો પેપર ખાસ લક્ષ્ય ખેંચી વાંચવા લાયક છે તે આ સાથે પરિશિષ્ટ નં. ૧૮ માં આપવામાં આવ્યો છે. વિદ્યાર્થી-ઓ પૈકી સીનીયર કલાસમાં ૧૯ વિદ્યાર્થી પરીક્ષામાં બેઠા હતા જે સર્વે પસાર થયા છે અને માર્ક ઘણા સારા આવ્યા છે જે પરીક્ષકના રિપોર્ટ પરથી જણાશે. જુનીયર કલાસમાં બાર વિદ્યાર્થીઓ બેઠા હતા જેમાં ૧૧ પસાર થયા હતા અને એક વિદ્યાર્થી નપાસ થયો હતો. પરીક્ષક પોતાના રિપોર્ટમાં જણાવે છે કે "પરીક્ષાનું પરિણામ ઘણું સંતોષકારક છે. માત્ર એકજ વિદ્યાર્થી નપાસ થાય છે વિદ્યાલયમાં જે ધોરણે ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓ તેમાં જે રસ લે છે તેને એ બધું આભારી છે." પરીક્ષકનો આખો રિપોર્ટ અને પરીક્ષાનું પરિણામ પરિશિષ્ટ નં. ૧૯ માં આપવામાં આવ્યા છે.

to the Committee's Offic

**સૂચન**

ધાર્મિક શિક્ષણ આપવું એ આપણો મુખ્ય ઇરાદો છે અને ખરા જૈન બનાવવાનો આપણો મુખ્ય ઉદ્દેશ છે. પદ્ધતિસર શિક્ષણ થોડું અપાય તોપણ અસર સારી નીપજાવે છે. માત્ર લોકરંજન અથવા દેખાડવા ખાતર શિક્ષણ આપવાનું હોય તો ઘણાં પાનાંઓ કે અધ્યાયોનો હવાલો આપી શકાય, પણ તેમ થતાં સંગીન જ્ઞાન મળતું નથી અને તે રીતિ આખરે સમાજ અને સંસ્થાને લાભ કરનારી નીવડતી નથી. આ સંસ્થામાં ધાર્મિક શિક્ષણનો પ્રયોગ કેટલો સફળ થયો છે તેનો ખ્યાલ વધારે સહવાસથી આવે તેમ છે. અવકાશે ધાર્મિક કલાસની ભેટ લેવા વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. ધાર્મિક શિક્ષણ સંબંધી પંડિત વ્રજલાલજીએ ઘણા અગત્યના વિચારો બતાવ્યા છે તે પરિશિષ્ટ નં. ૨૦ માં છે તે જરૂર વાંચી જવા ખાસ વિજ્ઞપ્તિ છે.

**રજા અને અભ્યાસ**

રજા દરમ્યાન આ વર્ષે વિદ્યાર્થીઓને વાંચવા માટે જૈનદર્શન નામનો નવીન ગુજરાતી ગ્રંથ જે મુનિરાજશ્રી ન્યાયવિજયજીએ લખ્યો છે તે વાંચવા આપ્યો હતો. તેની પરીક્ષા તા. ૩-૮-૧૯૧૯ ને રોજ રા. અમરચંદ ઘેલાભાઇ ગાંધીએ લીધી છે. તેનો સવાલપત્રક ખાસ વાંચવા લાયક છે તે આ સાથે પરિશિષ્ટ નં. ૨૧ માં સામેલ છે. પરીક્ષાનું પરિણામ હવે પછી જાહેર કરવામાં આવશે.

ગયે વર્ષે તા. ૨૨-૧૨-૧૯૧૮ ને રોજે ધાર્મિક પરીક્ષામાં ઉંચે નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ઇનામો આપવાનો એક મેળાવડો આપણા ઉધરતા નાગરીક શ્રીયુત ઝવેરી ગુલાબચંદ દેવચંદના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. નવીન વર્ષમાં લીધેલી પરીક્ષાનું પરિણામ પરીક્ષકના રોકાણથી બહુ મોડું આવ્યું છે. તુરતમાંજ મેળાવડો કરી ઇનામો વહેંચી આપવામાં આવશે.

## વિદ્યાર્થીમંડળ

આ સંસ્થાના વિદ્યાર્થીઓએ એક યુનીઅન અથવા વિદ્યાર્થીમંડળ કાઢ્યું છે. ત્યાં તેઓ જૂદા જુદા સારા વિષયો ઉપર ઇંગ્લીશમાં તેમજ ગુજરાતીમાં ભાષણો કરે છે, બની શકે ત્યારે સુશિક્ષિત વિદ્વાન્ પ્રમુખને બોલાવે છે તેમજ બીજી સંસ્થાઓ સાથે વધારે ગાઢ સંબંધમાં આવવાની યોજના કરે છે. આવા મંડળથી ઉધરતા વિદ્યાર્થીઓને બહુ લાભ થાય છે વિચારની આપલેથી જ્ઞાન વધે છે, વિચારોમાં યોગ્ય પરિવર્તનના પ્રસંગો પ્રાપ્ત થાય છે, બોલવાનો જુસ્સો આવે છે, પોતાની વિશેષતા અને અલ્પતા લક્ષ્યમાં આવે છે અને અંદર અંદરનો સ્નેહ વધે છે, તેમજ ચર્ચાતા વિષયો પર ખાસ લક્ષ્ય દોરાય છે. ગયા વર્ષમાં આ આંતર મંડળના કાર્યનો રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ નં. ૧૫ માં આપવામાં આવ્યો છે.



## વિદ્યાર્થીવર્તન

સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના આંતર જીવનની ભાવનાઓ વિશુદ્ધ રહે અને વર્તન અનુકરણીય થાય તેને માટે તેમના પર યોગ્ય નિયંત્રણા કરવામાં આવે છે. તેઓને નિયંત્રણા કરવામાં આવે તે અપરિપક્વ વયને લઇને તેમને ગમતું નથી તેથી કોઇ વાર કચવાટ થાય છે, છતાં તેની જરૂરીઆત સમજાતા તેઓ તાબે થાય છે. સુપ્રીન્ટેન્ડેન્ટ પ્રેમ અને ભયનાં સૂત્રો લક્ષ્યમાં રાખી ઓ. સેક્રેટરીની જરૂરી બાબતમાં સલાહ લઇ કામ લે છે. કોઈ કોઇ વિદ્યાર્થી નિયંત્રણાને તાબે થવામાં ગફલતી કરે અથવા તેમાં હીણપત સમજે ત્યારે તેમની સાથે જરા સખતાઇથી કામ લેવું પડે છે, પરંતુ એકંદરે સંસ્થામાં રહી અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓનું વર્તન સારૂં માલુમ પડ્યું છે અને તે બાબતનો પૂર્ણ આભાર ઓ. સુપ્રીન્ટેન્ડેન્ટોને ઘટે છે જે હવે પછી યોગ્ય જગોએ સ્વીકારવામાં આવેલ જણાશે. વિદ્યાર્થીઓ દેવપૂજન કરે છે, ધામિક અભ્યાસ કરે છે, અને રાત્રીભોજન કદિ કરતા નથી. એક બાબતમાં તેઓના મન પર વારંવાર ઠસાવવામાં આવતાં છતાં હજુ એક મતે તેઓ તેમાં ઉદ્યોગ કરતા નથી તે બાબત શારીરિક કસરતની છે. નાની વયમાં શરીરને મજબૂત બનાવવાની બહુ જરૂર છે અને તે સારૂ રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન પ્રો. હરિશ્ચંદ્રને રોકી કસરત કરાવવામાં આવતી હતી. કેટલાક વિદ્યાર્થીઓ કસરતનો બહુ હોંશથી લાભ લે છે, ત્યારે કોઇ કોઇ તેમ કરતા નથી. આ બાબત વારંવાર કહેવામાં આવે છે. આ બાબતમાં સમજણ તો દરેકને જરૂર આવે છે પણ ભૂલનો પસ્તાવો મોટી વયે થાય છે. નવીન સ્થાનમાં જતાં આ બાબત વધારે ઠીક થશે, સંસ્થામાં તેમજ સંસ્થા સામે આવેલા મેદાનમાં તેઓ કસરતનો જરૂર લાભ લેશે. ઉપરની એક બાબતમાં કોઇક અપવાદોને અંગે હકીકત માટે ખેદ દાખવતાં બાકીની ઘણી ખરી બાબતમાં વિદ્યાર્થીઓના આંતર જીવનને અંગે સંતોષ જાહેર કરવાનો છે અને તે ભવિષ્યમાં ઘણી રીતે લાભપ્રદ તેમને તેમજ સમાજને થઇ પડશે એવાં ચિહ્નો દેખાય છે. વિદ્યાર્થીજીવન અને ભાવનાને અંગે રિટાયર થયેલા ઓ. સુપ્રીન્ટેન્ડેન્ટ અને નવીન સુપ્રીન્ટેન્ડેન્ટના મનનીય વિચારો પરિશિષ્ટ નં. ૧૬ અને નં. ૧૭ માં રજુ કર્યા છે તે જરૂર વાંચી જશો.

## મુકામફંડ (Building fund.)

**ફંડ.**

સંસ્થાને અંગે મુકામ ફંડની જરૂરીઆત બે વર્ષ પહેલાં જોવામાં આવી હતી અને તે માટે એક ફંડ પૂજ્ય મુનિરાજશ્રી વલ્લભવિજયના સદુપદેશથી શરૂ કરવામાં આવ્યું હતું તે આપને યાદ હશે. તે ફંડમાં ગયા ત્રીજા વર્ષના રિપોર્ટમાં જણાવ્યું છે તે પ્રમાણે તે વર્ષમાં રૂા. ૯૯૪૭૪-૪-૦ વસુલ આવ્યા હતા. તેજ વર્ષમાં

ભરાયલી રકમ પેટે આ રિપોર્ટવાળા વર્ષમાં રૂ. ૨૪૧૫૭) વધારે વસુલ આવ્યા જેની વિગત નામ સાથે પરિશિષ્ટ નાં. ૩ માં જોવામાં આવશે. આ રિપોર્ટવાળા વર્ષમાં ચોમાસું નિષ્ફળ નીવડવાથી નિરાશ્રિત જનો તેમજ ઢોરોના જીવનનો તથા ઘાસચારા પાણીનો મોટો વિકટ સવાલ ઊભો થયો હતો તેથી મુકામફંડમાં ખાસ નોંધ લેવા જેવી કાંઇ રકમ ભરાણી નથી અને ભરવા માટે ઇરાદાપૂર્વક પ્રયાસ પણ કર્યો નથી.

**સ્થાનખરીદી.** ગોવાળીઆ તળાવ પર તે તળાવની પૂરેલી જગાની બરાબર સામે બે મુકામ રસ્તા પર અને બે તેની પછવાડે એમ ચાર મુકામો રૂ. ૧૪૮૦૦૦) થી ખરીદ કરવાનો સોદો ગયા વર્ષમાં કરવામાં આવ્યો હતો તે તેમજ તેને લગતા એક પાંચમા મુકામનો સોદો રૂ. ૪૨૦૦૦) થી કરી તે બન્ને મુકામોની ખરીદીનાં કામ આ વર્ષમાં પૂરાં કરવામાં આવ્યાં છે. આવી રીતે જ્યારે મુકામફંડમાં ચોથા વર્ષની આખર સુધીમાં વસુલ રકમ રૂ. ૧૨૩૬૩૧-૪-૦ આવી ત્યારે ખરીદને અંગે રૂ. ૧૯૦૦૦૦) આપવામાં આવ્યા છે. વળી તેની સાથે એનેજ લગતા એક છઠ્ઠા મુકામનો સોદો રૂ. ૩૧૦૦૦) થી કરવામાં આવ્યો છે તે ખરીદીનું કામ આ વર્ષમાં પૂરૂં કરવાનું છે. આ છ મુકામો બહુ યોગ્ય કીફાયત કિંમતે ખરીદવામાં આવ્યાં છે. હજુ તેનો સર્વનો ખાલી કબજો મળ્યો નથી, આ વર્ષમાં મળી જશે. તે મુકામોને સંસ્થા યોગ્ય કરવા સારૂ તેમાં કેટલાક ફેરફાર તથા રિપેર સારૂ મોટી રકમના ખર્ચની જરૂર છે. આ વર્ષ વરસાદ સારા થયા છે, આપનો આ સંસ્થા તરફ પ્રેમ છે, સંસ્થા સારૂં પરિણામ નીપજાવી શકે એમ માનવાનાં ઘણાં કારણો દશ્યમાન થતાં જાય છે, તો આપ સહાય કરી કરાવી આ વર્ષમાં મુકામફંડ ખાતે ઓછામાં ઓછી **એક લાખની સહાય** જરૂર કરી કરાવી આપશો. આ સંસ્થા ચિરંજીવ–સ્થાયી રહેવાનો પૂરાવો તેનાં મુકામો છે અને સિંચન કરી ઉગાડેલા વૃક્ષને પાળી પોષી ઉછેરવું એ તમારૂં કર્ત્તવ્ય છે.

**વિગતો.** સંસ્થાનાં મુકામોનું સ્થાન અને જગા એવી સારી રીતે આવેલાં છે કે આપ એ સ્થાન જોશો ત્યારે આપને જરૂર આનંદ થશે. ત્યાં કેટલો ભાગ વસવાટ માટે કરવો, કેટલો લાઇબ્રેરી માટે, કયો ભાગ સ્ટોર માટે, કયો રસોડા માટે, કયો કસરતના રૂમ માટે અને કયો વિભાગ સુપ્રીન્ટેન્ડેન્ટ માટે વાપરવો તે સર્વ નિર્ણય મેનેજીંગ કમીટિ કરશે, અત્યારથીજ મોટા નફા સાથે એ મુકામની માગણીઓ થઇ ગઇ છે જે બતાવે છે કે એ ખરીદી યોગ્ય રીતે અને યોગ્ય વખતે થઇ છે. નવીન વર્ષમાં મુકામની સર્વ વ્યવસ્થા અને બનતા રીપેર કરવાના છે. સોદા કરેલ મુકામનું વેચાણ પૂરૂં કરવાનું છે અને તેને અંગે બાકીનું ફંડ પૂરૂં કરવાનું છે તે બાબત આપ સર્વ અને આપણો



સમસ્ત જૈન વર્ગ જરૂર લક્ષ્ય પર રાખશે. સંસ્થાનાં ખરીદેલાં પાંચે મુકામના માપ તથા ચતુર્દિશાની વિગત તથા ખરીદવાનો સોદો કરેલા છઠ્ઠા મુકામની જરૂરી વિગતો પરિશિષ્ટ નાં. ૨૭ માં આપવામાં આવી છે.

## આવક ખર્ચ.

રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન આવક જાવકની વિગત પરિશિષ્ટ નં. ૧ માં જોવામાં આવશે અને અત્યાર સુધીનું કુલ સરવૈયું પરિશિષ્ટ નં. ૨ માં જોવામાં આવશે. આખો હિસાબ ઓડીટ કરાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે (હિસાબ અને સરવૈયું વાંચવાં).

**આવક.** આવકના સંબંધમાં આપનું ધ્યાન ખેંચવાની ખાસ જરૂર જણાય છે. સં. ૧૯૭૪ ના વાર્ષિક **લવાજમના** રૂ. ૧૫૩૩૧-૪-૦ વસુલ આવ્યા. આ લવાજમની રકમો અત્યાર સુધીનાં વર્ષમાં કેટલી વસુલ આવી તે આપ નીચે જોઇ શકશો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯૭૧ | (પ્રથમ વર્ષ) | ૯૮૮૮ | ૦ | ૦ |
| ૧૯૭૨ | (દ્વિતીય વર્ષ) | ૧૧૫૦૩ | ૪ | ૦ |
| ૧૯૭૩ | (તૃતીય વર્ષ) | ૧૫૧૩૦ | ૪ | ૦ |
| ૧૯૭૪ | (ચતુર્થ વર્ષ) | ૧૫૩૩૧ | ૪ | ૦ |

આ ઉપરથી આપ જોઇ શકશો કે ગયા વર્ષ દરમ્યાન વાર્ષિક આવકમાં વધારો થયો નથી. **ચાલુ ખાતાની** પરિસ્થિતિ ઉપર પણ આપને લક્ષ્ય આપવાનું છે તે આવક નીચે પ્રમાણે થઇ છે.

| | |
|---|---|
| ૧૯૭૧—૨ | ૧૧૬૯૭—૪—૧ |
| ૧૯૭૨—૩ | ૯૪૪૧—૪—૩ |
| ૧૯૭૩—૪ | ૬૬૫૯-૧૧—૦ |
| ૧૯૭૪—૫ | ૫૧૨૬—૪—૦ |

આવી રીતે ચાલુ ખાતાની આવક દર વર્ષે ઘટતી રહી છે, જ્યારે વાર્ષિક લવાજમમાં ઠીક ઠીક વધારો થતો જાય છે. આપની ઉદારતા પર આ સંસ્થા ચાલે છે. આપ પ્રેરણા કરી ચાલુ સહાયમાં નાની મોટી રકમ અપાવી શકો અને સુપ્રસંગે આપી પણ શકો. ઉપર જે લવાજમની રકમ વસુલ બતાવી છે તે તે વર્ષો દરમ્યાન તેમજ ત્યારપછી વસુલ થયેલ સર્વનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ચાલુ ખાતામાં જે આવક બતાવી છે તેમાં મોતીના કાંટાની માસિક સહાયનો સમાવેશ પણ થાય છે. રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન સદરહુ રકમ વધારીને દર માસે રૂ. ૧૨૫) ની કરવામાં આવી છે. કાંટાના વ્યવસ્થાપકોનો આભાર માનતાં સદરહુ રકમમાં હજી પણ વધારો કરવા ખાસ વિજ્ઞપ્તિ છે.

રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન મુકામફંડને અંગે થયેલી રકમનું વ્યાજ સારૂં આવ્યું છે. મુકામ લેવાઇ ગયાં તેથી હવે તે આવક નવા વર્ષમાં રહેશે નહિ. રેન્ટ એકટ ચાલુ રહેશે ત્યાંસુધી ભાડાની આવક જુજ રહેશે. આ સર્વ બાબત આપના લક્ષ્ય પર લાવવાની જરૂરં લાગે છે. ચાલુ વર્ષ દરમ્યાન લવાજમની આવેલી વસુલ રકમોની સંપૂર્ણ વિગત પરિશિષ્ટ નં. ૪-૫-૬ માં જોવામાં આવશે, ચાલુ ખાતે મળેલી રકમોની વિગત પરિશિષ્ટ નં. ૭ માં જોવામાં આવશે અને પરચુરણ ચીજો તથા પુસ્તકોની ભેટ મળી તેની વિગત પરિશિષ્ટ નં. ૮ માં જોવામાં આવશે.

## ખર્ચ.

ખર્ચ દર વર્ષે વધતો જાય છે. વિદ્યાર્થીની સંખ્યા વધે છે તેમ ખર્ચ વધતોજ જાય એ સ્વાભાવિક છે. વળી ચાલુ વર્ષ સખ્ત મોંઘવારીનું હતું તેથી પણ ખર્ચમાં વધારો થયો છે. વસ્તુઓ જાતીય દેખરેખ નીચે ખરીદાય છે અને સુપ્રીન્ટેન્ડેન્ટ બહુ પ્રયાસ કરી ખર્ચ ઓછો કરવા પ્રયત્ન કરે છે તેથીજ ખર્ચની એવરેજ ઓછી આવી શકે છે. સંસ્થામાં મોટી સંખ્યાના ડાક્ટરી લાઇનના વિદ્યાર્થીની સંખ્યા જોતાં તેમજ જે વસ્તુઓ આવે છે તેની જાત સંબંધી તપાસ કરતાં ખર્ચનું પ્રમાણ અન્ય કોઇ પણ સંસ્થા કરતાં ઓછું આવે છે. ખર્ચની વિગતો સરખાવી લક્ષ્ય પર લેશો.

| | ખર્ચ ચાલુ. | વિદ્યાર્થી કુલ સંખ્યા. |
|---|---|---|
| સંવત્ ૧૯૭૧-૨ | ૮૩૯૦-૧૧-૧૧ | ૧૮ |
| સંવત્ ૧૯૭૨-૩ | ૧૨૩૩૬-૧૪—૦ | ૩૧ |
| સંવત્ ૧૯૭૩-૪ | ૧૪૫૭૯-૧૦—૩ | ૩૯ |
| સંવત્ ૧૯૭૪-૫ | ૧૮૧૧૮—૫—૭ | ૩૮ |

પ્રથમ ચાલુ વર્ષની વિગત તપાસી જઇએ. ચાલુ ખર્ચ ઉપર જણાવ્યું તેમ છેલ્લા વર્ષમાં રૂા. ૧૮૧૧૮-૫-૭ થયો છે. તેમાં માણસોના પગારની રકમ રૂા. ૧૩૫૮-૧૫-૦ થયેલ છે તેનો થોડો ભાગ સંસ્થાના વહીવટને અંગે જાય અને છપામણીમાંથી રિપોર્ટ છપામણીની રકમ સહજ ઓછી થાય તો ૩૮ વિદ્યાર્થીને અંગે વાષિક સરેરાશ રૂા. ૪૫૭-૪-૦ ની આવે અને માસિક ખર્ચ રૂા. ૩૮-૧-૬ આવે. એવરેજ ખર્ચ નીચે પ્રમાણે અત્યાર સુધી દર માસે આવ્યો છે તે સરખાવવા યોગ્ય છે.

| | રૂા. આ પા. |
|---|---|
| સંવત્ ૧૯૭૧-૨ | ૪૦-૧૧—૫ |
| સંવત્ ૧૯૭૨-૩ | ૩૫—૬—૬ |
| સંવત્ ૧૯૭૩-૪ | ૩૫—૬—૨¾ |
| સંવત્ ૧૯૭૪-૫ | ૩૮—૨—૬ |



**એવરેજ.**

આમાં ભાડાની દર માસે અપાતી રૂા. ૨૩૫) ની રકમનો સમાવેશ થાય છે જેથી અવરેજ ખર્ચ વધારે આવે છે. આવતી સાલથી તે રકમ ઓછી થઇ જશે. ભોજનખર્ચ સારી વ્યવસ્થાને લઇને ઘણો ઓછો આવે છે, આ વર્ષમાં બારે માસ રસોડુ ચાલુ રહ્યું હતું છતાં ભોજનખર્ચ કુલ રૂા. ૬૨૩૦-૧૦-૬ થયો તેમાં બે રસોયા અને બે ઘાટીના પગારના રૂા. ૭૨૦) ઉમેરીએ તો કુલ રકમ રૂા. ૬૯૫૦-૧૦-૬ થાય એટલે વિદ્યાર્થી દીઠ ભોજનને અંગે વાર્ષિક ખર્ચ રૂા. ૧૯૩-૦-૧૦ નો થાય અને માસિક ખર્ચ રૂા. ૧૬-૧-૫ થયા. આ અવરેજ ૩૬ વિદ્યાર્થી પર ગણેલ છે. પુનાના બે વિદ્યાર્થીનો આમાં સમાવેશ થતો નથી અને બીજા સર્વ ખર્ચો થાય તે બરાબર ગણવામાં આવ્યા છે. કોઇ પણ સંસ્થામાં દુધ અને ઘીનો ખર્ચ સાથે ગણતાં આટલી ઓછી માસિક ખર્ચની અવરેજ આવતી નથી એનું કારણ વ્યવસ્થા છે. ખોરાકની વસ્તુઓ ઘણી સંભાળથી અને જાતીય દેખરેખ નીચે લાવવામાં આવે છે અને વારંવાર તેની તપાસ થાય છે. દરરોજનો હિસાબ કોઠારનો રહે છે,

ઉપર જે કુલ ખર્ચ ગણ્યો તેમાં વિદ્યાર્થીની ફી, પુસ્તક, કસરતને અંગે પ્રો. હરીશ્ચંદ્રનો પગાર, કપડાં, ધાર્મિક શિક્ષણ આદિ સર્વ બાબતોનો સમાવેશ થાય છે. માત્ર ફરનીચર, ડેડસ્ટોક અને લાયબ્રેરીનો ખર્ચ તેમાં સમાવવામાં આવતો નથી, કારણ કે તે સંસ્થાની સ્થાયી મિલ્કત ગણાય છે. કેટલીકવાર ભોજનખર્ચ ઓછા થવાને અંગે સંશય ઉત્પન્ન થાય છે કે વસ્તુઓ બરાબર આવતી હશે કે કેમ તો તે સંબંધમાં ખાસ ભાર મૂકીને આંતર વ્યવસ્થા જોવા તથા તપાસ કરવા સૂચના કરવી યોગ્ય લાગે છે. એ બાબત રીતસરનો ખર્ચ માત્ર સુવ્યવસ્થાને આભારી છે.

**આવકખર્ચ પર સમાલોચના**

આપ આવક અને ખર્ચની ખરી સ્થિતિ લક્ષ્યમાં લેશો આ સંસ્થાની જરૂરીઆતો કેટલી વધતી જાય છે, તેની લોકપ્રીયતા વધે છે કે કેમ અને વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા સાથે આવકના માર્ગો વધારવા જોઇએ એ સર્વ બાબતો આપ નજરમાં લેશો. સંસ્થાને પગભર કરવા ખર્ચની બાબતમાં વ્યવસ્થાપકોને માથે ચિંતા ન હોય તો તેઓ સંસ્થાના અંદરના કામમાં વધારે ધ્યાન આપી શકે એ સુસ્પષ્ટ બાબતછે અને આ સંસ્થાને એક સ્થાયી ફંડની ખાસ જરૂરછે તે આપ નજરમાં રાખશો. અત્યારે તો સ્થાયી ફંડની વધારાની તેમજ થાપણુની રકમમાંથી મુકામ લીધાં છે પણ હજુ જવાબદારી તેને અંગે પણ મોટી છે. આપ કામ લેવા ધારશો તો જરૂર લઇ શકશો, પ પણરિણામ બતાવવા માટે સાધનોની વિપુળતા જોઇએ અને તે કરી આપવી તે આપના હાથમાં છે આ સંબંધમાં અંતિમ પ્રાર્થના

કરવામાં આવશે તે વખતે વિશેષ કહેવાશે, અહીં આપને જે બાબત પર ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે તે એ છે કે સંસ્થાનો વહીવટ બને તેટલી યોગ્ય કરકસરથી પણ જરૂરીઆત તરફ સંપૂર્ણ લક્ષ્ય રાખીને કરવામાં આવે છે અને તેમાં જ્યાં સુધારવાનું સ્થાન જણાય અથવા તે માટે સૂચના થાય કે બનતી રીતે તુરતજ તે પર અમલ કરવામાં આવે છે. આપ સાધનો પૂરાં પાડશો એટલી અત્ર પ્રસ્તુત વિજ્ઞપ્તિ છે.

## ટ્રસ્ટ.

મુકામફંડ માટે વિજ્ઞપ્તિ કરવામાં આવે છે ત્યારે કોઇ જગોએ આ સંસ્થાનું ટ્રસ્ટડીડ કરવા માટે સૂચવવામાં આવે છે. આ સવાલ આપના લક્ષ્ય પર ગયા વર્ષમાં લાવવામાં આવ્યો હતો. સંસ્થાની જે ધારા ધોરણે વ્યવસ્થા થાય છે તેથી કાર્યવાહકોની જવાબદારી ટ્રસ્ટીઓ જેટલીજ છે એમ ધારાશાસ્ત્રીઓનો મત છે. જ્યારે આપણે ગયા વર્ષમાં મુકામ લેવા સોદો કર્યો ત્યારે ટ્રસ્ટડીડ કરવા સંબંધી વિચાર કરવા જનરલ કમીટિ તા. ૨૨-૧૨-૧૯૧૮ના રોજ બોલાવી હતી, તે વખતે કમીટીએ ધારા ધોરણની કલમ ૯૨ માં મોટો ફેરફાર કર્યો હતો તે જનરલ કમીટિનું આખું પ્રોસીડીંગ પરિશિષ્ટ નં. ૨૮ માં રજુ છે તે પરથી આપ જોઇ શકશો કે નીચેના બંધુઓનાં નામ પર સંસ્થાની સર્વ મિલ્કત રહે છે.

ટ્રસ્ટીઓનાં નામો.—

મી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
શેઠ દેવકરણ મુળજી
શેઠ મોતીલાલ મુળજી
શેઠ ગોવિંદજી ખુશાલ
શેઠ ફકીરચંદ નગીનચંદ કપુરચંદ.

સંસ્થાની મિલ્કતનું ટ્રસ્ટડીડ કરવું કે નહિ તે સંબંધી નિર્ણય આ જનરલ મીટિંગ પર મુલતવી રાખવામાં આવ્યો હતો. સર્વ મુકામો લેવાઇ જાય, મિલ્કત મુકરર થઈ જાય ત્યારપછી ટ્રસ્ટડીડ કરવાની જરૂર સંબંધી આપનો અભિપ્રાય આજે આપ આપશો અને ઠરાવ કરશો તેનો અમલ નવીન મેનેજીંગ કમીટિ કરશે. દરમ્યાન કોઇ પણ પ્રકારની ગેરસમજુતી ન થાય તે સારૂ આપના સમક્ષ એક વાત ભાર મૂકીને આણવાની જરૂર લાગે છે અને તે એ છે કે અત્યાર સુધી જે વહીવટ ચાલ્યો છે અને ચાલે છે તે ટ્રસ્ટના કાયદાને અનુસરીનેજ છે અને વ્યવસ્થાપકોની જવાબદારી કોઇ પણ પ્રકારે અત્યારે ઓછી નથી. આપના ઠરાવનો અમલ કરવાની ફરજ આપ આજે જે મેનેજીંગ કમીટિ ચુંટશો તેના શીર પર રહેશે.



**ગોટાળો.**

ગયા વર્ષમાં ભાઇલાલ વીરચંદ નામનો એક મુનીમ તપાસ કરી રાખવામાં આવ્યો હતો સાત દિવસના અરસામાં જરૂરી ખરચોને અંગે માગી લઈ તેમજ વસુલ આવેલા અને પુરાંત રહેલા રૂપીઆ નહિ ભરીને રૂપીઆ ચઉદસોનો ગોટાળો કરીને નાસી ગયો હતો. તે પકડાતાં તેણે ગુન્હો કબુલ કર્યો હતો અને તેને નવ માસના સખ્ત કેદખાનાની સજા તેની કબુલાતથી કોરટે કરી હતી. ઘણી સંભાળપૂર્વક વ્યવસ્થા કરવા છતાં આવી સ્થિતિ તે માણસે બહુજ થોડા વખતમાં કરી હતી, સદરહુ રકમનો બોજો સંસ્થા પર ન પડે તેવી ગોઠવણ કમીટિના મેંબરોએ કરી નાખી છે. હિસાબમાં બાકી પુરાંત મોટી દેખાય છે તે સદરહુ રકમને લઇને છે.

**હિસાબ.**

સંસ્થાનો હિસાબ રા. મુળચંદભાઇ હીરજી નિયમિત રીતે રાખે છે, દર માસનો હિસાબ તથા કાચાં સરવૈયાં મીટિંગોમાં રજુ કરે છે, વાઉચર પર મ્હેતા, સુપ્રીન્ટેન્ડન્ટ અને સેક્રેટરીની સહી થાય છે અને આસી૦ સેક્રેટરી વાઉચરનો નંબર નાખે છે. ઓડીટરો પ્રત્યેક વાઉચર બારીકીથી તપાસે છે, બની શકતી ચોકસ રીતે હિસાબ રાખવામાં આવે છે અને જરૂરી ખરચની રોકડ રકમ સુપ્રીન્ટેન્ડેન્ટ પાસે રહે છે. વસુલ ઉઘરાણી રા. મણીલાલ સુરજમલને ત્યાં ભરાય છે અને ત્યાંથી બેન્કમાં જમા થાયછે. આવી રીતે હિસાબની વ્યવસ્થા ગોઠવાયેલી છે. મેળ અને ખાતાવહી રા. મુળચંદભાઇ પોતાને હાથેજ લખે છે. અગાઉના રિપોર્ટમાં જણાવ્યું તે પ્રમાણે હિસાબ અને ચોપડાની પદ્ધતિ ગોઠવણપૂર્વક ચાલ્યા કરે છે. ઓડીટરો ઘણી ચીવટ અને સંભાળથી હિસાબ ઓડીટ કરે છે, દરેક વાઉચર, રસીદ, દસ્તાવેજો અને ઠરાવો જોઇ જાય છે, ચેક કરે છે અને યોગ્ય સૂચના તે સંબંધમાં કરે છે. ઓડીટ કરેલો હિસાબ આ સાથે રજુ છે. વહીવટ જેમ બને તેમ ચોખો રહે તેવી વ્યવસ્થા કાળજીપૂર્વક કરવામાં આવી છે અને તેની વિગતો અગાઉના રિપોર્ટમાં આપી છે. વહીવટનો અભ્યાસ કરવા આપને સૂચના છે. છેલ્લા દશ દિવસથી ચોપડા તથા વાઉચરો જોવા માટે સંસ્થાના મુકામમાં ખુલ્લાં મૂકયાં હતાં.

## ખાસ નોંધ.

રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન આ સંસ્થાને શરૂ કરવામાં મુખ્ય ભાગ ભજવનાર શેઠ હેમચંદ અમરચંદના સુપુત્ર **શેઠ નરોત્તમદાસ હેમચંદ**ના સ્વર્ગવાસથી ભારે ખોટ ગઈ છે. પિતાને પગલે પુત્રને પણ સંસ્થા તરફ તેવોજ સુંદર પ્રેમ હતો અને કેળવણીના કાર્યને એવોજ આદર આપ્યો હતો. ચાલુ બીમારીના તેઓ આખરે ભોગ થઇ પડ્યા. તેમના ભાગીઆ **શેઠ નેમચંદ ભીમજી** પણ આ સંસ્થાને મોટી સહાય આપ્યા કરતા હતા. ફંડને અંગે મદદ કરતા હતા અને

મેનેજીંગ કમીટિમાં ભાગ લેતા હતા, તેઓ પણ આજ વર્ષમાં ગત થતાં સંસ્થાને વધારે દીલગિરીની નોંધ લેવી પડી છે.

**છેલ્લા રિપોર્ટની અભિલાષાઓ.**

છેલ્લા રિપોર્ટમાં જે જે અભિલાષાઓ કરી હતી, નવીન વર્ષમાં કાર્ય કરવાં ધાર્યાં હતાં તેમાં શું શું થયું તેની વિગત તપાસી જઈએ.

૧. મુકામ સંબંધી શું કાર્ય થયું તે ઉપર જણાવાઈ ગયું છે

૨. મુકામફંડનું બાકીનું કામ બની શક્યું નથી, કારણો દુષ્કાળ અને અન્યત્ર જરૂરીઆતો.

૩. લવાજમમાં વધારો થઈ શક્યો નથી, કારણ ઉપર પ્રમાણે.

૪. બોર્ડીંગો સાથે વ્યવહાર કરવાનું કાર્ય આપણી વ્યવસ્થા થઈ જવા પછી બને તેવું છે, પણ ભવિષ્યમાં જરૂર થઈ શકશે.

૫. યુનીવર્સીટિ યોગ્ય સાહિત્ય તૈયાર કરવાની યોજના હાથ ધરવામાં આવી છે.

૬. તત્ત્વાર્થાધિગમ પર અતિ સુંદર વિવેચન તૈયાર થાય છે. સંપૂર્ણ થતાં હજુ લગભગ દોઢ વર્ષ લાગશે.

૭. નિયંત્રણાના નિયમો હજુ મેનેજીંગ કમીટિમાં પસાર થયા નથી તેથી પ્રગટ કરવામાં આવ્યા નથી.

## વિશેષ અભિલાષાઓ.

૧. મુકામફંડનું કાર્ય હાથ ધરી આગળ વધારવું.

૨. નવીન મુકામમાં વાસ કરવો, ત્યાં દેરાસરની યોજના સારા પાયા પર મૂકવી અને ફંડના પ્રમાણમાં મુકામમાં વધારા સુધારા અને રિપેર્સ કરવા.

૩. સંસ્થાને અંગે એક સારૂં ત્રિમાસિક કાઢવું જેમાં ખાસ કરીને કેળવણીના વિષયો પર ચર્ચા સાક્ષરો અને વિદ્યાર્થીઓ પાસે કરાવવી અને સંસ્થાના 'ઓરગન' તરીકે તેની પ્રગતિ સંબંધી યોગ્ય વિગતો આપવી.

૪. આપણા વિદ્યાર્થીઓ ટેકનીકલ લાઇન તરફ વધારે દોરાય તે માટે સંસ્થાના એ ઉદ્દેશને વધારે જાહેરાત આપવી.

૫. બહારગામની જૈન બોર્ડીંગો સાથે પત્રવ્યવહાર કરવો અને મુંબઇની



સર્વ હિંદુ બોર્ડીંગને અંગે કાર્યવાહકોને એકઠા કરી સામાન્ય વ્યવસ્થા પર એકતા કરવા ગોઠવણ કરવી.

૬. સંસ્થામાં ધાર્મિક વિષયો પર ખાસ તૈયાર થયેલા વિદ્વાનો પાસે ચાર ભાષણો કરાવવાં.

૭. ક્રિયાનુયોગ અને દ્રવ્યાનુયોગની એકવાક્યતા થાય તે સારૂ યોગ્ય યોજના અને ભાષણો ગોઠવવાં.

૮. સંસ્થાના નવા મુકામની સમીપમાં પરીક્ષાનો મંડપ નંખાવાય છે તો બહારગામથી પરીક્ષા માટે આવનાર જૈન વિદ્યાર્થીની સગવડ સચવાય તેવી કાંઈ વ્યવસ્થા કરવી.

**વિજયધર્મસૂરિ આગમન.**

આ વર્ષે વિજયધર્મસૂરિ મહારાજ અને તેમનો વિદ્વાન્ શિષ્યસમુદાય મુંબઇમાં સ્થિત થયેલ છે, તેમણે સંસ્થાની મુલાકાત લીધી હતી. "વિદ્યાર્થીજીવન" ઉપર એક ભાષણ તા. ૨૯-૬-૧૯૧૯ ને રોજ મુનિરાજશ્રી વિદ્યાવિજયજીએ કર્યું હતું અને આચાર્યશ્રીએ ત્યારપછી લંબાણ વિવેચન તેજ મુદ્દા પર કર્યું હતું. આચાર્યશ્રીને તેમજ તેમના શિષ્યસમુદાયને કેળવણીના વિષય તરફ ઘણો પ્રેમ છે, અને કોમ અને ધર્મનો ઉત્કર્ષ જોવા સતત પ્રેરાયલા રહે છે અને આવી સંસ્થાઓની ઘણી મોટી સંખ્યા હોવાની જરૂર સ્વીકારે છે. તેઓ પોતાના સદ્દુપદેશથી સંસ્થાની વિશાળ જરૂરીઆતો પૂરી પડાવવા આ ચતુર્માસમાં જરૂર સહાય કરશે એવી આશા રહે છે.

## સુપ્રીન્ટેન્ડેન્ટ.

સંસ્થાની શરૂઆતથી ઓનરરી સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકે કાર્ય કરી સંસ્થાની અંદરની રચનાને નિયમપર મૂકનાર અને આત્મભોગ આપનાર આપણા જાણીતા બંધુ રા. **છોટાલાલ વી. શરાફ** બી. એ આ વર્ષના જાન્યુઆરી માસથી પોતાના અન્ય વ્યાપારોમાં રોકાણને અંગે ફારેક થયા. તેમની નિઃસ્વાર્થ સેવાની નોંધ મેનેજીંગ કમીટિએ ખાસ કરી છે. તેમણે જે આત્મભોગ આપી સંસ્થાની અંદર વહીવટ ચલાવ્યો, અંદરની વ્યવસ્થામાં જે પદ્ધતિ આણી અને વિદ્યાર્થીવર્ગ પર નિયંત્રણા કરી તેને પરિણામે સંસ્થા અત્યારની સુંદર સ્થિતિએ આવેલી છે. નિયંત્રણા કરતી વખત કેટલીકવાર કચવાટ વહોરી લેવો પડે છે તેના તેઓ ભોગ પણ થયા હશે, પરંતુ અત્યારે સર્વ વિદ્યાર્થીઓ એકી અવાજે તેમનાં વખાણ કરે છે અને તેમને માટે પૂર્ણ માન ધરાવે છે એજ તેમની સેવાનો અચૂક પૂરાવો છે. તેમને વિદ્યાર્થીવર્ગ માન આપવા ઉદ્યુક્ત થઈ રહ્યો, છે પણ ચાલુ ગેરહાજરી તથા પરીક્ષાનાં રોકાણોથી તેમ બન્યું નથી. નવીન વર્ષમાં તેની ઘટના થઈ જશે.

તેમના સ્થાન પર રા. **સાકળચંદ જેઠાલાલ શાહ** બી. એ. એ કામ કરવાનું સ્વીકાર્યું છે. તેઓએ અત્યાર સુધી ઓનરરી કાર્ય કર્યું છે. તેમને પણ પેટલાદ બોર્ડીંગનો ઘણાં વર્ષોનો અનુભવ છે અને ગુજરાતના "યુવક રત્ન" ની ભાવના તેમની સન્મુખ છે તેથી તેઓ સંસ્થાને બહુ ઉપયોગી કાર્ય કરશે એમ જણાય છે. અત્યાર સુધીમાં તેમણે ઘણી ઉપયોગી નવીન સૂચનાઓ સંસ્થાના વહીવટને અંગે કરી છે.

**પંડિત વ્રજલાલજી** સંસ્થાના પંડિત તરીકે માત્ર જરૂરી ખર્ચ લઇને **પંડિત વ્રજલાલજી** ગયા વર્ષમાં ચાલુ રહ્યા હતા. વિદ્યાર્થીવર્ગનો તેમના આદર્શ-જીવન તરફ પ્રેમ છે, તેમનાં ભાષણો તરફ ખેંચાણ છે અને તેમના વર્તન માટે અંતરનું માન છે આશા છે. કે તેઓ સંસ્થાનો ઉદ્દેશ પૂર્ણ કરવાનું કાર્ય બરાબર હોંશથી ચાલુ રાખશે. નવીન મુકામમાં તેઓ માટે અલગ સ્થાનની વ્યવસ્થા થતાં તેઓ આખો વખત વિદ્યાર્થીના પરિચયમાં આવશે એટલે વિદ્યાર્થીના જીવનપર વધારે અસર કરશે એમ ચોક્કસ લાગે છે.

## નવીન મુકામમાં પ્રયાણ અને સગવડો.

નવીન વર્ષમાં ખરીદેલા મુકામમાં જવાની વ્યવસ્થા થશે. રેન્ટ એકટને લઇને કેટલીક અગવડ ઊભી થયેલી છે. ખરીદેલી જગાઓનો કબજો મળ્યો છે, પણ સર્વ વિભાગોનો ખાલી કબજો મળતો નથી, કેટલીક ખાલી થઇ શકતી નથી, કેટલાંક ભાડુતો ચોમાસાની અગવડ બતાવે છે. નવીન સ્થાનમાં ગયા પછી કેટલાક જરૂરી રીપેરો તો તુરત કરવાં પડશે. બાકીની સગવડો ધીમે ધીમે કરાવવામાં આવશે.

ત્યાં એક મોટા સેન્ટ્રલ હોલની ખાસ જરૂર રહેશે. તેમાં સંસ્થાને સારી રકમ ભેટ આપનારના ઓઇલ પેન્ટ વિગેરેની વ્યવસ્થા કમીટિ અગાઉના ઠરાવ પ્રમાણે કરશે, ત્યાં ભાષણોની ગોઠવણ થશે, જૈન વાતાવરણ ફેલાય તેની ગોઠવણો ત્યાં થશે. અને અનેક સંદેશાઓ ત્યાંથી નીકળી વિશ્વમાં જાય એવી ઘટના થશે, થઇ શકશે.

નવીન સ્થાનની સામેજ યુનિવર્સિટિનો પરીક્ષાનો મંડપ નખાય છે તો પરીક્ષા આપવા મુંબઇ આવનાર જૈન વિદ્યાર્થીઓને પૂરતી સગવડ કરી આપી શકાય તેવો સંભવ છે. તે માટે કેવી ઘટના અને શરતો કરવી તેની યોજના નવીન કમીટિ જરૂર કરશે એવી આશા રહે છે. સંસ્થાના મકાનનું સ્થાન બહુ સુંદર રીતે રસ્તા પર આવેલ છે. આપ સર્વ તેની એક વાર જરૂર મુલાકાત લેશો એવી વિજ્ઞપ્તિ છે.



## એક નવીન પગલું.

પંજાબમાં આવેલા હુશીઆરપુરના એક વિદ્યાર્થી **મી. પ્યારેલાલ** જેની ચાલચલગત માટે ઘણાં સારાં સર્ટીફીકેટ મળ્યાં છે તે ફોરેસ્ટ્રી (જંગલ ખાતા)નો વધારે અભ્યાસ સરકારી પરીક્ષા પસાર કરવા માટે ઇંગ્લાંડ જનાર છે, તેની અરજી આવતાં તે માટે યોગ્ય તપાસ કરી તેને બે વર્ષના તેના વિલાયતના વસવાટ દરમ્યાન રૂપીઆ દશ હજાર સુધી સહાય કરવાનો ઠરાવ અમુક શરતોએ મેનેજીંગ કમીટિએ કર્યો છે. આપણી કોમમાં આ ખાતામાં કોઇ સરકારમાં દાખલ થયેલ નથી અને વિદ્યાર્થીને રૂબરૂ બોલાવતાં તેના શરીર તેમજ મગજના ગુણો વિલાયતમાં વિશેષ અભ્યાસને અનુકૂળ જણાતાં તેમજ તેને અંગે કરેલી તપાસમાં તે વિદ્યાર્થી યોગ્ય જણાતાં તેને સદરહુ રકમની સહાય વગર વ્યાજે લોન તરીકે આપવાના ઠરાવ પર આપની સંમતિ માગવાની છે. એવી મોટી રકમના વ્યય માટે જનરલ કમીટિની રજા મેળવવાની ખાસ જરૂર છે, કારણ કે ગયા વર્ષના બજેટમાં તે માટે ગોઠવણ છે નહિ અને હોઇ શકે પણ નહિ. આપણે નવીન નવીન દિશાઓમાં પ્રયાણ કરશું ત્યારેજ આપણી લાગવગ વધશે અને આપણને અત્યારે રાજ્યદ્વારી નજરે પછાત સ્થિતિ ભોગવવી પડે છે તે દૂર થવાનો સંભવ પ્રાપ્ત થશે. આપ સદરહુ ઠરાવને જરૂર સંમતિ આપશો.

**નવીન લાઇનો.** એની સાથે એક બીજી સૂચના કરવી યોગ્ય લાગે છે. વિદ્યાર્થીઓ નવી નવી લાઇનો લે અને તેમાં આગળ વધે તે ખાસ ઇચ્છવા યોગ્ય છે. ઇજનેરી લાઇનમાં આપણે બહુ ઓછો લાગવગ છે અને ક્ષેત્ર ઘણું વિશાળ છે. પુનાના અગાઉના બન્ને વિદ્યાર્થીઓ તેમજ નવીન વિદ્યાર્થી જરૂર આગળ વધશે એમ તેમના વર્તન પરથી જણાય છે. તેવીજ રીતે ખેતીવાડીમાં, દાકટરી લાઇનમાં, ટેકનીકલ લાઇનમાં, મીકેનીકલ લાઇનમાં તેમજ વ્યાપારને અંગે અહીં તેમજ પરદેશ મળતી કેળવણીનો જૂદી જૂદી રીતે લાભ લેવા આપણો વિદ્યાર્થીવર્ગ ઉદ્યુક્ત થાય એ વ્યક્તિ તેમજ સમષ્ટિની નજરે અને આખા દેશની નજરે ઇષ્ટ છે, સ્વપરને લાભકારક છે અને આ સંસ્થાનો મૂળ ઉદ્દેશ પાર પાડે તેવી બાબત છે.

## આભાર.

**આપ સર્વનો** ખાસ માનવાનો છે. સંસ્થાને આ સ્થિતિએ લઇ આવવામાં સહાય એ ખાસ અંગ છે અને તે પૂરી પાડવા માટે આપ સર્વને કોમ આખી ઉપકૃત થયેલ છે. કામ કરનાર અને સાધન પૂરા પાડનાર બન્નેની ઉપયુક્તતા એક બીજા પર આધાર રાખનારી છે; સહાય વગર કામ કરનારા નિરાશ થાય છે. આપે

સંસ્થાની માગણીનો જવાબ આપ્યો છે તે ખાસ નોંધ લેવા યોગ્ય છે અને તેવી નોંધ અન્યત્ર કરી છે, સંસ્થાના સ્થાનમાં થશે અને અત્રે ખાસ કરવામાં આવે છે.

પૂજ્યપાદ મુનિમહારાજ **શ્રી વલ્લભવિજયજી** દૂર ગયા છે તોપણ આંદોલનો મોકલ્યા કરે છે, પ્રેરણા કરે છે અને અત્યારે કેળવણીની મહા યોજના મરૂભૂમિમાં લઈ બેઠા છે. જ્યાં જાય ત્યાં ઉપકાર કરવા સમર્થ, ઉપકારના પ્રેમી અને ઉપકારની દિશાઓને વ્યવસ્થામાં ગોઠવી શકનાર એ મહાન્ વ્યક્તિ તરફ દર વર્ષે આભારના શબ્દો લખવા એ મહાન્ બાબતને નરમ પાડવા જેવું લાગે છે. તેઓનો સંસ્થા તરફ પ્રેમ અને તે માટે પ્રયાસ ચાલુજ છે. માત્ર આભાર દર્શાવીને તેમની મહાન્ ભાવનાઓની મામુલી કિંમત કરવી અનાવશ્યક લાગે છે.

રા. રા. **વીરચંદભાઇ કેવળ** સંસ્થા માટે વખત કાઢી અનાજ ઘી વિગેરેની વસ્તુઓ સસ્તી અને સોજી અપાવે છે તે માટે તેમનો તેમજ ઓ. સેક્રેટરીના કાર્યમાં સહાય કરનાર **ભાઇ જીવરાજ ભીખાભાઇ**નો અને **ડો. નાનચંદભાઇ મોદી** સંસ્થામાં વારંવાર ભેટ લઈ અનેક નવી સૂચનાઓ વિદ્યાર્થીની તંદુરસ્તી માટે અને મંદવાડને પ્રસંગે કરે છે તે માટે તેમનો આભાર માનવાની આ તક લેવામાં આવે છે.

રા. રા. **મણીલાલ સુરજમલ** અનેક રીતે સંસ્થાને સહાય આપે છે, સંસ્થા માટે વખતનો ભોગ આપે છે, ઉઘરાણી કરનાર મ્હેતા પર દેખરેખ રાખે છે તે માટે તેમનો આભાર માનવાની ખાસ રજા લેવામાં આવે છે. વિલ્સન કોલેજના પ્રીન્સીપાલ આ સંસ્થાના વિદ્યાર્થીઓને ફીમાં જે ઘટાડો આપે છે તે માટે તેમનો ખાસ આભારની નોંધ અહીં લેવામાં આવે છે.

**વિજયધર્મસૂરિ મહારાજ** તરફથી **જૈન દર્શન**ની ૪૦ બુકો મળી તે રજામાં વિદ્યાર્થીઓને વાંચવા આપી હતી, તેમનો સદરહુ ભેટ માટે ખાસ આભાર માનવામાં આવે છે. બીજી નાની મોટી વસ્તુ તેમજ દ્રવ્યની સહાય કરનાર સર્વ બંધુઓનો આભાર બહુ આદર અને પ્રેમથી અત્ર દર્શાવવામાં આવે છે.

સંસ્થાના સંચલનમાં સર્વની જરૂર છે તે અને જે જે અંશે તેમાં પોતાનો ફાળો તન-મન યા ધનથી આપે તે સર્વના કાર્યના સરવાળાથીજ સંસ્થા ચાલે અને નભે છે, પ્રત્યેકના કાર્યની ઉપયુક્તતા છે અને પ્રત્યેકની નોંધ અલગ અલગ લેવી બને નહિ પણ પ્રત્યેક માટે માન છે અને તે યોગ્ય છે.

## મેનેજીંગ કમીટિ.

ધારા ધોરણની કલમ ૨૪ મી પ્રમાણે મેનેજીંગ કમીટિ માટે પંદર મેંબરોની ચુંટણી તા. ૨૨ મી સપ્ટેંબર ૧૯૧૮ ને રોજ મળેલી મીટિંગમાં જાહેર કરવામાં આવી હતી. તેમનાં નામોનું લીષ્ટ પરિશિષ્ટ નં. ૨૪ માં આપવામાં આવ્યું છે. આ વર્ષમાં મેનેજીંગ કમીટિની ૧૨ મીટિંગ બોલાવવામાં આવી હતી તે દરેકમાં કયા કયા મેંબરોએ હાજરી આપી હતી તેની વિગત પરિશિષ્ટ નં. ૨૫ બીજા વિભાગમાં બતાવી છે. તે ઉપરાંત જેઓની બીજી રીતે ચુંટણી ન થાય તેવા રૂ. ૨૫૦) થી વધારે વાર્ષિક સહાય કરનાર અથવા સાથે રૂ. ૨૫૦૦) ની સહાય કરનાર હોદ્દાની રૂઈએ કમીટિમાં બેસે છે તેમની સંખ્યા ૧૨ ની હતી જે પૈકી શેઠ નેમચંદ ભીમજી સ્વર્ગસ્થ થતાં તેમની જગોએ શેઠ કાનજી ભીમજીને નીમવામાં આવ્યા હતા તેઓ પણ સ્વર્ગસ્થ થયા છે. એ મેંબરો પણ અવારનવાર કમીટિના કાર્યમાં ભાગ લે છે. કમીટિના મેંબરોએ બનતી હોંશથી સંસ્થાના કાર્યની વ્યવસ્થા કરવામાં પોતાના વિચાર અને કાર્યનો ફાળો આપ્યો છે તે પ્રોસીડીંગો જોવાથી જણાશે. વળી બે મેંબરો દર માસે ઇન્સ્પેકશન કમીટિ તરીકે કાર્ય કરી સંસ્થા જાતે જોઇ આંતર વ્યવસ્થાથી વાકેફ થાય છે અને જરૂરી સૂચના કમીટિ ઉપર લખે છે જે પર મીટિંગ વખતે વિચાર થાય છે. ગયા વર્ષમાં ઇન્સ્પેકશન કમીટિ તરીકે કાર્ય કરનાર મેંબરોનું લીસ્ટ, દરેક સભામાં કુલ હાજરી તથા પ્રમુખની વિગત પરિશિષ્ટ નં. ૨૬ માં જોવામાં આવશે. આ હોદ્દાની રૂઇએ કમીટિમાં બેસનાર મેંબરોએ વધુ ઉત્સાહથી સંસ્થાના વ્યવહારૂ કાર્યમાં ભાગ લેવાની જરૂર છે. આ વર્ષે પણ મેનેજીંગ કમીટિની એક પણ મીટિંગ કોરમને અભાવે મુલતવી રાખવી પડી નથી.



## છેવટે.

આપ સર્વની સહાયથી આ સંસ્થા ચાલે છે, આપના ઉદાર વિચારો સંસ્થાને મજબૂત કરે છે, આપની પ્રેરણા સંસ્થાને સુબદ્ધ બનાવે છે, આપનાં શુભ આંદોલનો સંસ્થાને ભાવિત બનાવે છે, આપની શુભ લાગણીઓ સંસ્થાને સુવાસિત કરે છે. વારંવાર વિચાર કરતાં એમ જણાય છે કે કેળવણી વગર આપણો નિસ્તાર નથી, સંસ્કાર વગર પ્રગતિ નથી, પ્રગતિ વિના જાહોજલાલી નથી અને જાહોજલાલી વગર અનેક જવાબદારીઓને પહોંચી વળવાનાં સાધનો ઉત્પન્ન થાય તેમ નથી. કોમ અને ધર્મનાં વિશાળ કાર્યોનો સરવાળો લેતાં, આખા વિશ્વની આગળ વધવાની ચળવળ જોતાં અને તેવા પ્રયત્નોમાં અવ્યવસ્થા જણાતાં થતી હાનિઓ પર વિચાર કરતાં આપણે કેળવણીના સવાલને બહુ રીતે વિચારવાની જરૂર છે અને તે વિચારવા માટે કેંદ્ર આ સંસ્થા છે. ગમે કે ન ગમે પણ કેળવણી વગર ચાલે તેમ તો નથીજ, એને સુંદર રીતે સુવાસિત કરશો તો સારાં ફળો મળશે, એને અવગણનાના સ્થાને રાખશો તો એક પ્રચંડ વર્ગ તમારી સામે ઊભો થશે, એને દરિદ્ર સ્થિતિમાં રાખશો તો એનાં ફળ પણ નિર્માલ્ય તુચ્છ સડેલાં મળશે, એને પાળીપોષી તંદુરસ્ત રાખશો તો એની સંતતિ સુદૃઢ તંદુરસ્ત અને આગામી ચિંતવનશીળ ઉત્પન્ન થશે. કેળવણી તરફ પ્રહાર કરવો, કેળવાયલા વર્ગની માત્ર

કેળવણી ખાતરજ અવધીરણા કરવી એ મહા નુકશાન કરનાર છે, અધઃપાત કરાવનાર છે, જમાનાની જરૂરીઆત નહિ ઓળખવાને અંગે થયેલ પ્રમાદ છે. એના પ્રાયશ્ચિત્તમાં સમષ્ટિ શરીરને ઘણું સહન કરવું પડે તેમ છે અને પડે છે. કેળવણીના સવાલ તરફ પૂર્ણ વિચાર કરવાનો છે. અન્ય કોમો એટલી બધી આગળ વધી ગઇ છે, અન્ય દેશો વિજ્ઞાનમાં એટલા કુશળ થઇ ગયા છે, તેની સાથે ત્યાં સ્વચ્છંદતા પણ એટલી આગળ વધી ગઇ છે કે આખા કેળવણીના સવાલ પર બહુ દીર્ઘ વિચાર કરવાની જરૂર છે. માત્ર ભણાવવાથી ધારેલ પરિણામ નહિ આવે, અભણ રાખવાથી તો અધોગતિ સ્પષ્ટ છે, ભણેલા ઉપર સંસ્કાર પાડવાની યોગ્ય યોજના ન કરવામાં આવે તો ભણતરનો લાભ કોમને કે દેશને પૂર્ણ ન પણ મળે એ બનવા જોગ છે. આ સર્વ બાબતો વિચારશો; વિચારશો એટલે જણાશે કે બધી બાબતની આશાઓ કેળવાયલા પર રાખવા જેવું નથીઃ કેળવાયલાઓને પોતાનો સંસાર ચલાવવાનો હોય છે અને તેઓ માત્ર પોતાનો ફાળોજ અમુક અંશે આપી શકે તેમ છે. આ વિચારની સાથેજ એટલું પણ લક્ષ્યમાં રાખવા જેવું છે કે કેળવાયલા વર્ગ વગર સર્વ અગત્યની બાબતો સમજીને ઉપાડી લેનાર બીજો કોઇ નીકળશે નહિ. વળી એ ખાણમાંથી કોઇ મહા આત્મત્યાગી નીકળી આવશે તો તે બહુ મોટો લાભ કરી આપશે. આ સર્વ બાબતો લક્ષ્યમાં રાખવાની છે. કેળવણીની જરૂરીઆત સ્વીકારવામાંજ કોમને લાભ છે, ધર્મને શોભા છે, સમાજને આગળ પ્રયાણ છે અને દેશને ઉદય છે. આવા વખતમાં દુનિયાની પરિસ્થિતિથી અજ્ઞાત રહી પાંચસો વર્ષ પહેલાંની વાતો કરવી એ નિર્બળતા અને પ્રમાદ બતાવે છે. જમાનાની જરૂરીઆતો ઓળખવી અને દેશ કાળ ભાવની પરિસ્થિતિથી જ્ઞાત રહેવું એ નાયકોની ફરજ છે અને તેમાં સ્ખલના કરે તે નાયકપદને યોગ્ય વધારે વખત રહી શકતો નથી.

ઉપરનાં સર્વ સૂત્રો સ્વતઃસિદ્ધ જેવાં છે, છતાં તેની વ્યવહારૂ યોજનામાં તરંગવશ થઇ જતાં ઘણી વ્યક્તિઓને જોઇ છે. એમ થવું જોઇએ એ જરૂરી છે, એમ થઇ જાય એ આપણી કમનશીબી છે, એમ થઇ ગયું છે એ આપણે ઘણી વાર અનુભવ્યું છે. સમાજના સવાલોનો વિચાર કરતાં અંગત વાતને બાજુ પર મૂકવાની ખાસ જરૂર છે. અંગત બાબતોને અગત્ય આપતાં અથવા પોતાના ટુંકા વિચારોને મહાન્ રૂપ આપતાં સમષ્ટિશરીર બહુ વિકૃત થઇ જાય છે. ખાસ કરીને જવાબદાર આગેવાનોએ આ બાબત સર્વદા લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. આ સંસ્થાના અમુક કાર્યવાહકો છે, અથવા અમુક પ્રેરક છે તેથી તેના તરફ અન્યથા વર્તન રાખવું એ નિર્માલ્ય વિચારો છે, આત્મઘાત કરનારા છે, પોતાની અશક્તિની જાહેર ખબર છે. સંસ્થા કોમની છે. સંસ્થા રહેશે, કોમની ઇચ્છા પ્રમાણે કામ કરનારા આવશે અને જશે. સંસ્થાને સન્નદ્ધબધ્ધ, કરવી એમાં અંગત વિચારો કદિ ન આવવા જોઇએ.



કેળવણીના કેંદ્રની જરૂર છે કે નહિ તે જુઓ, કેળવણીનો સવાલ વ્યવહારૂ રીતે અમલમાં મૂકવામાં જેમ બને તેમ ઉતાવળ કરવાની જરૂર છે કે નહિ તે પર ખ્યાલ કરો. કેળવણીના સવાલનો થોડો ઘણો પણ અહીં નિષ્કર્ષ નીકળે છે કે નહિ તે તપાસો એટલે પછી શું કરવું તે સ્વતઃજ જણાઇ આવશે. સંસ્થા તમારીજ છે, તમે ચર્ચા સૂચના કરી તેનો વહીવટ તમારી સુનીર્ણીત ઇચ્છા પ્રમાણે કરાવી શકો છો અને આ સંસ્થા આખી કોમની છે, સર્વની છે એવી ભાવના કરવાની જરૂર છે. મુંબઇનું કેન્દ્રસ્થાન, એનું સ્વચ્છ વાતાવરણ, એની શક્તિવાળા વિચારશીળ વર્ગને પોતા તરફ બહારથી ખેંચવાની સત્તા, એની કેળવણીની પ્રગતિ કરે એવી અનેક સંસ્થાઓ અને કોલેજો સંસ્થાને યોગ્ય છે; એની ઘણી શાખાઓ થઇ શકે. જરૂરી થઇ શકે તેમ છે અને કર્તવ્ય કરવાથી અમલમાં આવે તેમ છે. **કેળવણીના સવાલને આપત્તિધર્મ તરીકે સ્વીકારવાનો નથી, પણસમય ધર્મ તરીકે સ્વીકારવાનો છે** અને આ સંસ્થા એ સવાલનો નીકાલ કરી શકે એમ આપને જણાય તો એને વધારે વિપુલ સાધનોથી વાસિત કરશો, એને સ્થાયી ફંડથી નીવાજી નાખશો, એના પર મોટી રકમો પ્રસંગે મોકલ્યા કરશો, જાહોજલાલીવાળી કોમને સંસ્થાને પગભર કરતાં આટલાં વર્ષો જાય એ બહુ માનપ્રદતો નજ ગણાય. એના કાર્યવાહકોને ધનની ચિંતા નજ હોવી જોઇએ. સુજ્ઞને આટલી ચેતવણી આપવી સ્થાનેજ છે. તમારા વિશ્વાસને યોગ્ય થઇ હોય તો આ સંસ્થાના ભાવી રિપોર્ટમાં પસા માટે પ્રાર્થના ન કરવી પડે એવી સ્થિતિ પ્રાપ્ત કરાવશો. સંસ્થાની પ્રગતિમાં આપણી સર્વની પ્રગતિ છે, એના વિકાસમાં આપણો સુવાસ છે, એના વિજયનાદમાં આપણો આનંદ છે, એના જયપોકારમાં આપણો હર્ષ છે, એની વિજય વરમાળામાં આપણો હર્ષનાદ છે. શ્રી **વીર**ના અનુયાયીઓ! **વીર**ના ભક્તો! આ **વીર** શાસનની સેવિકા, **વીર** નામથી અલંકૃતા, **વીરો**ની જનની, વીર પુરૂષોથી પરિવૃત થયેલી **વીર** સંસ્થાને વીર્યથી વાસિત કરી આપશો, તેના તરફ સદ્ભાવ રાખશો અને તેના હેતુઓ અન્યને સમજાવી સહાય કરવા પ્રેરશો.

**દેવકરણ મુળજી** — ખજાનચી.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.** — ઓ. સેક્રેટરી.

પરિશિષ્ટ નં. ૧.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

### તા. ૧ લી જુન ૧૯૧૮ થી તા. ૩૧ મી મે ૧૯૧૯ સુધીના વર્ષ એકના આવક જાવકનો હિસાબ.

| જ | ઉ |
|---|---|
| ૧૭૨-૧-૩ શ્રી પુરાંત ગયા વર્ષની બાકી | ૧૮૧૧૮-૫-૭ શ્રી ખર્ચ ખાતે |
| ૩૧૯૩૫-૪-૫ આવક | ૧૦૩-૦-૬ રીડીંગ રૂમ |
| ૨૫૫-૪-૦ ૧૯૭૩ ના લવાજમના | ૪૪૭-૧૫-૦ છપાઇ ખર્ચ |
| ૫૧૨૬-૪-૦ ચાલુ ફંડમાં | ૩૮૪૬-૦-૦ ફી કોલેજની |
| ૧૬૯૦-૦-૦ પેઇંગ બોર્ડરના | ૩૮૨-૧-૬ પુસ્તક |
| ૧૫૩૩૧-૪-૦ ૧૯૭૪ ના લવાજમના | ૧૩૫૮-૧૫-૧૦ માણસોનો પગાર |
| ૭૧૩૨-૮-૫ ડીપોઝીટ, બોંડ, મારગેજના વ્યાજ | ૧૦૩-૧-૩ ધોલાઇ |
| ૨૩૫-૦-૦ ધાર્મિક અભ્યાસ માટે ભેટ | ૨૧૭-૭-૦ દવા |
| ૧૬૫-૦-૦ દવા માટે ભેટ | ૨૯૨-૪-૬ દીવાબત્તી |
| | ૧૭૬-૧૦-૯ સ્ટેશનરી |
| ૩૧૯૩૫-૪-૫ | ૨૮૪૪-૦-૦ ભાડું |
| ૧૫૦૦-૦-૦ સ્થાયી ફંડમાં આવ્યા | ૧૩૯-૧૩-૩ કપડાં |
| ૨૪૧૫૭-૦-૦ મકાન ફંડમાં વસુલ આવ્યા | ૩૭૪-૭-૬ ધાર્મિક શિક્ષણ |
| ૨૫૦-૦-૦ યુનિવર્સિટિ સાહિત્ય માટે આવ્યા | ૩૧૯-૩-૯ પરચુરણ |
| ૩૦૦-૦-૦ બોર્ડરોના ડિપોઝીટના આવ્યા | ૬૨૩૦-૧૦-૬ ભોજન |
| ૧૨૦૮૪-૪-૦ ૧૯૭૫ ના લવાજમના વસુલ | ૭૯-૦-૩ પોષ્ટ |
| ૪૮૩-૦-૦ ૧૯૭૬ ના લવાજમના | ૧૫-૦-૦ વીમો |
| ૪૦૦૦૦-૦-૦ એસ્ટેટ પર ઇકવીટેબલ મોરગેજના આવ્યા | ૩૬૪-૮-૦ જીમનેસ્યમ |
| ૪૮૩-૦-૦ ૧૯૭૭ ના લવાજમના | ૧૮-૦-૨ મકાન ખર્ચ |

| જ | ઉ |
|---|---|
| ૫૩૩-૦-૦ ૧૯૭૮ ના લવાજમના | ૭૬૩-૭-૭ પુના વિદ્યાર્થી |
| ૫૩૩-૦-૦ ૧૯૭૯ ના લવાજમના | ૪૨-૧૦-૦ હથીઆર |
| ૫૩૩-૦-૦ ૧૯૮૦ ના લવાજમના | ૧૮૧૧૮-૫-૭ |
| ૨૫૪-૦-૦ ૧૯૮૧ ના લવાજમના | ૮૪૩-૫-૩ તત્ત્વાર્થની નોટ ખાતે |
| ૧૭૫-૦-૦ વિદ્યાર્થી લોન રીફંડ ખાતે | ૧૪૮૦૦૦-૦-૦ ગોવાળીયા તળાવ પર મકાન નં. ૪ લીધાં તેના |
| ૧૬૭-૦-૬ શ્રી દેરાસરજીના ભંડારમાં | ૪૨૦૦૦-૦-૦ ગોવાળીયા તળાવ પર મકાન નં. ૧ લીધું તેના |
| ૫૦-૦-૦ શ્રી દેરાસરજીના ખર્ચમાં | ૧૨૩-૦-૦ ઇનામ ખાતે |
| ૧૫૨-૦-૦ ૧૯૮૨ ના લવાજમના | ૭૯-૭-૦ દેરાસરજીના ખર્ચ ખાતે |
| ૧૧૨-૦-૪ શ્રી ઉપલક ખાતે | ૧૪-૦-૦ બીછાના ખાતે |
| ૨૫-૦-૦ શ્રી લાયબ્રેરી ખાતે | ૭૫૪-૪-૦ લાયબ્રેરી ખાતે |
| ૪૦૦૦૦-૦-૦ ઇન્ડીયા બેંક ફીક્સ ડીપોઝીટના | ૪૧૫-૦-૦ ફરનીચર ખાતે |
| ૧૪૦૨૭-૬-૦ ઇન્ડીયા બેંકના ચાલુ ખાતે | ૧૫૦-૦-૦ પંડિત બેચરદાસ જીવરાજ |
| ૪૫૦૦૦-૦-૦ સેંટ્રલ બેંકના ફીક્સ ડીપોઝીટના | ૧૧૪૭૫-૦-૦ ૧૯૭૪ ના લવાજમના વટાવ ખાતે |
| ૧૦૩૫૧-૦-૦ સાહિત્ય સમિતિ ખાતે | ૦-૭-૬ વાસણ ખાતે |
| | ૨૨૧૯૭૨-૧૩-૪ |
| | ૧૩૦૪-૩-૨ શ્રી હાથ પર રોકડ |
| ૨૨૩૨૭૭-૦-૬ | ૨૨૩૨૭૭-૦-૬ |

Examined and Found Correct.

Sd. N. B. SHAH.
Sd. M. K. SHAH.

2nd August, 1919.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**
ઓનરરી સેક્રેટરી.

**દેવકરણ મુળજી**
ઓનરરી ખજાનચી.

પરિશિષ્ટ નં ૨.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

### સરવૈયું સને ૧૯૧૮-૧૯ સવંત્ ૧૯૭૪-૭૫ નું તા. ૩૧ મે ૧૯૧૯ સુધીનું.

**જ**

૫૦૧૦૨-૮-૯ શ્રી વટાવ ખાતે
૮૩૮૦-૦-૦ શ્રી સ્થાયી ફંડ ખાતે
૧૨૩૬૩૧-૪-૦ શ્રી મકાન ફંડ ખાતે
૧૮૫૧-૦-૦ શ્રી યુનિવર્સિટિ સાહિત્ય ખાતે
૨૨૫૦-૦-૦ બોર્ડરોના અનામત ખાતે
૧૨૭૯૬-૪-૦ ૧૯૭૫ ના લવાજમ ખાતે
૧૧૯૫-૦-૦ ૧૯૭૬ ના લવાજમ ખાતે
૧૧૯૫-૦-૦ ૧૯૭૭ ના લવાજમ ખાતે
૧૦૪૩-૦-૦ ૧૯૭૮ ના લવાજમ ખાતે
૯૨-૦-૦ ઇનામ ફંડ ખાતે
૧૦૪૩-૦-૦ ૧૯૭૯ ના લવાજમ ખાતે
૧૦૪૩-૦-૦ ૧૯૮૦ ના લવાજમ ખાતે
૫૬૦-૦-૦ ૧૯૮૧ ના લવાજમ ખાતે
૩૧૪-૯-૦ વિદ્યાર્થી લોન રીફંડ ખાતે
૩૦૩-૯-૧૦ શ્રી દેરાસરજીના ભંડાર ખાતે
૭-૨-૦ શ્રી દેરાસરજીના ખર્ચ ખાતે
૩૫૭-૦-૦ ૧૯૮૨ ના લવાજમ ખાતે
૧૦૩૫૧-૦-૦ શ્રી સાહિત્ય સમિતિ ખાતે

૨૧૬૫૧૫-૫-૭

**ઉ**

૧૪૮૦૦૦-૦-૦ શ્રી ગોવાલીયા તળાવ પર મકાન નં ૪) ખાતે ( બનાજીવાળાં)
૪૨૦૦૦-૦-૦ શ્રી ગોવાલીઆ તળાવ પર મકાન નં. ૫ ખાતે ( પટેલવાળું )
૩૬-૯-૨ શ્રી ઉપલક ખાતે
૯૬૨૫-૦-૦ પોર્ટ ટ્રસ્ટ બોંડ ટકા ૪ાા ના રૂ. ૧૦૦૦૦) ની ફેસવેલ્યુના
૧૭૧-૫-૩ શ્રી ખીજાના ખાતે
૧૮૩૪-૪-૬ શ્રી લાયબ્રેરી ખાતે
૪૯૧-૨-૦ શ્રી વાસણ ખાતે
૪૨૮-૭-૬ શ્રી ડેડસ્ટોક ખાતે
૨૫૭૦-૬-૦ શ્રી ફરનીચર ખાતે
૯૦૬૦-૧૦-૯ ધી બેન્ક ઓફ ઇન્ડીયા લી.
૮૪૩-૫-૩ તત્ત્વાર્થાધિગમ નોટ ખાતે
૧૫૦-૦-૦ પંડિત બેચરદાસ જીવરાજ

૨૧૫૨૧૧-૨-૫
૧૩૦૪-૩-૨ શ્રી જણસે બાકી

૨૧૬૫૧૫-૫-૭

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
ઓનરરી સેક્રેટરી
દેવકરણ મુળજી
ઓનરરી ખજાનચી.

We have examined the Accounts and Balance Sheet with the books and vouchers of Shri Mahavira Jaina Vidyalaya and report that the Balance Sheet is properly drawn up, so as to exhibit a correct view of the affairs of that institution on 31st May 1919, as shown by the Books.

We have also seen the ten Port Trust Bonds of Rs. 1000/- each as well as the Gold Bar.

NAROTAM BHAGWANDAS SHAH.
MOHANLAL KHODIDAS SHAH.
Honorary Auditors.

Bombay, 2nd August 1919.

## પરિશિષ્ટ નં. ૩

### મકાનફંડમાં વસુલ આવ્યા તેની વિગત,

૫૦૦૧) શેઠ કલ્યાણજી ખુશાલ
૫૧) ,, મંછુભાઇ અમરચંદ
૨૫૦૧) ,, હીરાલાલ બકોરદાસ
૩૦૧) મેસર્સ એ. વી. નવાબની કું.
૫૦૧) શેઠ મોહનલાલ ચુનીલાલ બુલાખી
૫) ,, વસનજી મોતીચંદ
૫૧) ,, મોહનજી વસનજી
૫૦૧) ,, અમરચંદ ગુલાબચંદ
૨૧૩૩। શ્રી સેવાડીન જૈન સંઘ તરફથી હસ્તે શેઠ જેવંત અને ખુશાલ, શેઠ જગજીવન દેવકરણ, દોશી શેશકરણ લાલજી શાહ શવજી રૂગનાથ તથા શાહ ભીમજી કાળીદાસ પ્રથમ હફતો.
૧૦૦૧) શેઠ મોહનલાલ હેમચંદ
૫૦૦) ,, મણીલાલ મોકમચંદ
૧૦૦૧) ,, ચુનીલાલ નાનચંદ તથા મોતીલાલ નાનચંદ
૧૦૧) ,, છોટાલાલ લહેરચંદ
૨૫૧) ,, નગીનભાઇ મંછુભાઇ
૭૦૧) ,, મંગળચંદ લલ્લુભાઇ
૫) ,, જગજીવન પાનાચંદ
૧૦૦૧) ,, ખુબચંદ રામચંદ
૩૬૬॥ શેઠશ્રી સેવાડીન જૈન સંઘ તરફથી હસ્તે શેઠ જેવંત અને ખુશાલ વિગેરે બીજો હફતો.
૫૦૧) શેઠ સાંકલચંદ તલકચંદ
૨૦૦૦) ,, હેમચંદ અમરચંદ
૫૧) ,, ધરમચંદ મગનલાલ
૨૫) ,, છોટાલાલ ઇંદરજી
૨૦૧) ,, સારાભાઇ મગનભાઇ મોદી બી. એ.
૧૦૦૧) ,, કેશવજી માણેકચંદ
૧૧૦૧) ,, ભગવાનદાસ હીરાચંદ
૧૫૦૧) ,, કેશરીચંદ ભાણાભાઇ
૫૦૦) ,, મણીલાલ સુરજમલ ઝવેરી
૫૧) ,, ત્રીભોવનદાસ તુલશીદાસ
૨૫૧) ,, મગનલાલ લહેરચંદ
૧૦૦૧) ,, તુલશીદાસ મોહનજી કરાણી તથા શેઠ પરભુદાસ શેશકરણ

૨૪૧૫૭

## પરિશિષ્ટ નં. ૪

### પાછળના વર્ષના વસુલ.

### સંવત્ ૧૯૭૩ ના લવાજમના આવ્યા તેની વિગત.

૫૧) શેઠ મોતીચંદ પ્રેમચંદ
૫૧) ,, છગનલાલ ચુનીલાલ ચોકશી
૫૧) ,, ગુલાબચંદજી ઢઢા
૫૧) ,, અમીચંદ મોતીચંદ
૫૧। શેઠ મોતીચંદ વીરચંદ

૨૫૫।



### સંવત ૧૯૭૪ ના લવાજમના વસુલ આવ્યા.

૫૧) શેઠ જીવણલાલ લખમીચંદની કું.
૫૧) ,, રામચંદ પીતાબર
૧૦૧) ,, ઓધડભાઇ નેમજી
૧૨૫) ,, કલાણચંદ સોભાગચંદ
૧૦૧) ,, હીરાલાલ બકોરદાસ
૫૧) ,, અમુલખ દેવચંદ
૧૦૧) ,, કેશરીચંદ ભાણાભાઇ
૫૧) ,, મોહનલાલ ચુનીલાલ બુલાખી
૫૧) ,, મોહનજી વસનજી પોરબંદરવાળા
૫૧) ,, સુરચંદ પરસોતમ બદામી
૫૧) ,, પ્રાગજી ભીમજી
૫૧) ,, માણેકલાલ નાનજી
૫૧) ,, છોટુભાઇ ઇચ્છાચંદ
૫૧) ,, લખમીચંદ ચુનીલાલ
૫૧) ,, મણીલાલ મોકમચંદ
૫૧) ,, ભગવાનદાસ હીરાચંદ
૫૧) ,, મુળજી ધનજી હ. પ્રેમચંદ
૫૧) ,, જીવતલાલ શાંતિલાલ
૫૧) ,, ચુનીલાલ ઉત્તમચંદ દવાવાળા
૫૧) ,, છોટાલાલ લહેરચંદ
૫૧) ,, મોહનલાલ ખોડીદાસ
૫૧) ,, કકલભાઇ ભુદરભાઇ
૫૧) ,, છગનલાલ અમરશી
૫૧) ,, છોટાલાલ મગનલાલ કોઠારી
૫૧) ,, ઓતમચંદ હીરજી
૫૧) ,, મણીલાલ નગીનદાસ
૫૧) ,, મુળચંદ ઇચ્છાચંદ જરમનસીલ્વરવાળા
૫૧) ,, મોતીચંદ પ્રેમચંદ
૫૧) ,, નેમચંદ પીતાબરદાસ
૧૦૧) ,, રાયચંદ દુલભજી
૫૧) શેઠ છગનલાલ ચુનીલાલ
૫૦૧) ,, નાગરદાસ પુરૂષોત્તમ
૫૧) ,, પાનાચંદ વાલજી
૧૦૧) ,, રતનચંદ ખીમચંદ મોતીચંદ
૫૧) ,, મોહનલાલ દલીચંદ દેશાઇ
૫૧) ,, નરશીદાસ નથુભાઇ
૫૧) ,, ડાકટર નાનચંદ કસ્તુરચંદ મોદી
૫૧) ,, વીરચંદ જગજીવન
૫૧) ,, પ્રેમચંદ મગનચંદ પાટણવાળા
૫૧) ,, છોટાલાલ પ્રેમજી
૫૧) ,, કેશવલાલ ભાણાભાઇ
૭૫) ,, ટોકરશી દેવશી
૫૧) ,, ગુલાબચંદજી ઢઢા
૫૧) ,, લહેરૂભાઈ ન્યાલચંદ
૫૧) ,, જેસંગભાઇ છોટાલાલ સુતરીયા
૫૧) ,, મોહનલાલ ઉમેદરામ
૫૧) ,, લાલચંદ મુળચંદ
૫૧) ,, કેશવજી માણેકચંદ
૫૧) ,, રાજાજી લખમાજી
૧૦૧) ,, દલીચંદ વીરચંદ
૫૧) ,, મોહનદાસ વસનજી
૫૧) ,, અમીચંદ મોતીચંદ
૫૧) ,, સુમેરમલજી સુરાણા
૫૧) ,, કાળીદાસ અમરશી
૫૧) ,, મગનલાલ લહેરચંદ
૫૧) ,, લખમીચંદ ત્રીભોવનદાસ
૧૦૧ ,, ફુલચંદ ત્રીકમજી પારેખ
૫૧। ,, મોતીચંદ વીરચંદ સંઘવી

૩૮૫૬।

## પરિશિષ્ટ નં. ૫

### સંવત્ ૧૯૭૫ ના લવાજમના વસુલ આવ્યા તેની વિગત.

૫૧) શેઠ મોહનજી વસનજી પોરબંદરવાળા

૫૧) મી. મુલચંદ હીરજી

૫૧) શેઠ ભગવાનદાસ હીરાચંદ

૭૫) ,, હાથીભાઈ મગનલાલની કું.

૫૧) ,, દેવકરણ પ્રેમજી

૫૧) ,, દેવકરણ પ્રેમજીના પત્ની બાઈ શવકોર બાઇ

૫૧) ,, મણીલાલ લહેરચંદ

૧૦૧ ,, રાયચંદ દુલભજી

૧૦૧ ,, લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી

૧૦૧) ,, મોતીલાલ મુળજી

૫૧) ,, હેમચંદ મોહનલાલ

૫૧) ,, કુંદનજી કપુરચંદ હસ્તે ધીયા-લક્ષ્મીચંદ

૫૧) ,, ગોદડભાઇ ડોસજી

૧૦૧) ,, જેઠાભાઇ કલાણજી

૫૧) કાગદી કેશવલાલ એન્ડ સી. બી. મહેતાની કું.

૨૦૧) શેઠ ગુલાબચંદ મોતીચંદ દમણીઆ

૫૧) ,, મણીલાલ રીખવચંદ

૫૧) ,, જીવતલાલ શાંતિલાલ

૬૧) , ગોવિંદજી રૂગનાથ

૨૫૧ ,, પ્રેમચંદ રતનજી હસ્તે શેઠ નરો-ત્તમદાસ ભાણજી

૫૧) ,. ઘેલાભાઇ ઉત્તમચંદ

૨૫૧) ,, નગીનદાસ કપુરચંદ ઝવેરી

૫૧) ,, નગીનદાસ કપુરચંદની વિધવા બાઇ રૂક્ષ્મણીબાઇ

૧૦૧) ,, રૂપચંદ રંગીલદાસ

૫૧) ,, સુરજમલ લહેરચંદ

૫૧) ,, ડાયાભાઇ ધનજી

૫૧) ,, કાંતિલાલ સરૂપચંદ નાણાવટી

૧૦૦૧) ,, હેમચંદ અમરચંદ

૫૧) શેઠ પાનાચંદ વાલજી

૫૧) ,, ડાક્ટર નાનચંદ કસ્તુરચંદ મોદી

૫૧) ,, નરશીદાસ નથુભાઇ

૧૦૧) ,, હીરાલાલ બકોરદાસ

૧૦૦૧) ,, દેવકરણ મુળજી

૧૦૧) ,, મોહનલાલ હેમચંદ

૧૦૦) ,, ભોગીલાલ મોહનલાલ

૮૫) ,, રવચંદ ઉજમચંદ

૫૧) ,, ચુનીલાલ વીરચંદ

૫૧) ,, મોહનલાલ ચુનીલાલ

૫૧) ,, રાયચંદ નાનચંદ હસ્તે મગનલાલ

૧૦૧) ,, અમુલખ ખુબચંદની કું.

૧૨૫) ,, કલાણચંદ સોભાગચંદ

૫૧) ,, બાલુભાઇ મુળચંદ

૧૦૧) ,, ગુલાબચંદ અમૃતલાલ

૫૧) ,, શવચંદ કચરાભાઇ

૭૫) ,, રૂપચંદ લલ્લુભાઈ

૧૦૧) ,, પ્રેમજી નાગરદાસ

૫૧) ,, કેશવલાલ ભાણાભાઇ

૧૨૫) ,, લાલભાઇ કલાણભાઇ ઝવેરી

૫૧) ,, રાયચંદ મોતીચંદની કું.

૧૦૧) ,, ચતરભજ હેમરાજ ઝવેરી

૫૧) ,, પરભુદાસ શેશકરણ

૫૧) ,, ચુનીલાલ ઉત્તમચંદ દવાવાળા

૭૫) ,, ટોકરશી દેવશી

૫૧) ,, ગુલાબચંદજી ઢઢા

૫૧) ,, લહેરભાઇ ન્યાલચંદ

૫૧) ,, જેશીંગભાઇ છોટાલાલ સુતરીયા

૫૧) ,, મોહનલાલ ઉમેદરામ

૫૧) ,, પ્રેમચંદ કેશરીચંદ

૫૧) ,, અમુલખ દેવચંદ

૫૧) ,, સેવંતીલાલ નગીનદાસ



૧૫૧) શેઠ નરોત્તમદાસ જગજીવન

૧૫૧) ,, જમનાદાસ મોરારજી જે. પી.

૧૦૧) ,, રામચંદ હરગોવન

૫૧) ,, રાજાજી લખમાજી

૨૫૧) ,, પાનાચંદ પ્રેમચંદ જામનગરવાળા

૨૫૧) ,, મુળચંદ હીરાચંદ જામનગરવાળા

૫૧) ,, અમીચંદ મોતીચંદ

૫૧) ,, છોટાલાલ પ્રેમજી

૫૧) ,, જીવણલાલ લખમીચંદની કું.

૫૧) ,, મગનલાલ કંકુચંદ

૧૦૧) ,, ચુનીલાલ સાંકલચંદ

૫૧) ,, જેપાલ પાનાચંદ

૨૦૧ ,, લલ્લુભાઇ નથુચંદ

૧૦૧) ,, દુલભભાઇ ભગવાનજી

૫૧) ,, બાપુલાલ ન્યાલચંદ

૫૧) ,, ઓતમચંદ હીરજી

૫૧) ,, પોપટલાલ ધારશી

૫૧) ,, પ્રેમજી ભીમજી

૫૧) ,, ગીરધર વીરજી

૫૧) ,, છોટાલાલ કસ્તુરચંદ

૫૧) ,, રામચંદ જેઠા દેશાઇ

૫૧) ,, મકનજી જુઠાભાઇ મહેતા.

૧૦૧) ,, ઓધડભાઇ નેમજી

૫૧) ,, સુમેરમલજી સુરાણા

૧૫૧) ,, મોતીચંદ દેવચંદ

૫૧) ,, મણીલાલ સુરજમલ

૧૦૧) ,, દલછારામ નાનચંદ

૫૧) ,, ઉત્તમલાલ માણેકલાલ

૫૧) ,, ભુરીયાભાઇ જીવણચંદ

૫૧) ,, પ્રેમચંદ પુન્જા

૫૧) ,, લખમીચંદ ચુનીલાલ

૧૫૧) ,, પ્રાગજી ધરમશી

૫૧) ,, રામચંદ પીતાંબર

૫૧) ,, તુલશીદાસ મોહનજી કરાણી

૫૧) શેઠ ખીમચંદ નાગરદાસ તથા વાડી-લાલ નાગરદાસ

૫૧) ,, ઝવેરચંદ કલાણજી

૫૧) ,, અમરચંદ ઘેલાભાઇ

૫૧) ,, મુળજી ધનજી હ. પ્રેમચંદ

૫૧) ,, ચુનીલાલ નહાનચંદ

૫૧) ,, કાળીદાસ અમરશી

૧૦૧) ,, રતનલાલ ચુનીલાલ પનાલાલ

૫૧) ,, મગનલાલ લહેરચંદ

૫૧) , ઝવેરચંદ ઠાકરશી

૪૦૧) ,, રતનજી જીસણદાસની કું.

૫૧) ,, લખમીચંદ ત્રીભોવનદાસ

૧૫૧) ,, ભગુભાઇ હીરાભાઇ મલજી

૫૧) ,, સારાભાઇ મગનભાઇ મોદી

૫૧) ,, ચીમનલાલ પરશોતમ

૧૦૧) ,, ફુલચંદ ત્રીકમજી પારેખ

૧૫૦) ,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ

૫૧) ,, મોતીચંદ વીરચંદ

૫૧) ,, હરીલાલ આશારામ

૫૧) ,, ત્રીકમલાલ હીરાલાલ

૫૧) ,, દલીચંદ ફુલચંદ

૫૧) ,, રણછોડભાઇ કાનજીભાઇ કું.

૫૧) ,, ઉત્તમચંદ મુળચંદની વિધવા બાઇ સરસ્વતી બાઇ

૪૦૧ ,, જીવણચંદ લલ્લુભાઇની કું.

૧૦૦) ,, ગોપાળજી કાનજી ઝવેરી

૫૧) ,, નરોત્તમદાસ મોતીચંદ દીપચંદ

૫૧) ,, છોટુભાઇ ઇચ્છાચંદ

૩૦૧) ,, નેમચંદ ભીમજી

૫૧) ,, મણીલાલ મોકમચંદ

૫૧) ,, પ્રાગજી ભીમજી

---

૧૨૦૮૪૧

## પરિશિષ્ટ નં. ૬

### સંવત્ ૧૯૭૬ થી ૧૯૮૨ સુધીના (અગાઉનાં વર્ષોના વસુલ) લવાજમના આવ્યા.

| | ૧૯૭૬ | ૧૯૭૭ | ૧૯૭૮ | ૧૯૭૯ | ૧૯૮૦ | ૧૯૮૧ | ૧૯૮૨ |
|---|---|---|---|---|---|---|---|
| શેઠ મોહનજી વસનજી પોરબંદરવાળા | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૦ |
| મી. મુળચંદ હીરજી | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૦ | ૦ |
| શેઠ ભગવાનદાસ હીરાચંદ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૦ |
| ,, હાથીભાઈ મગનલાલની કું. | ૭૫ | ૭૫ | ૭૫ | ૭૫ | ૭૫ | ૦ | ૦ |
| ,, ચુનીલાલ વીરચંદ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૦ | ૦ |
| ,, પ્રેમચંદ કેશરીચંદ | ૫૧ | ૫૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ,, સેવંતીલાલ નગીનદાસ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૦ | ૦ |
| ,, કાળીદાસ અમરશી | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૦ | ૦ |
| ,, ચુનીલાલ નહાનચંદ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ |
| ,, બાપુલાલ ચુનીલાલ | ૦ | ૦ | ૧૦૧ | ૧૦૧ | ૧૦૧ | ૧૦૧ | ૧૦૧ |
| | ૪૮૩ | ૪૮૩ | ૫૩૩ | ૫૩૩ | ૫૩૩ | ૨૫૪ | ૧૫૨ |

## પરિશિષ્ટ નાં ૭.

### શ્રીમહાવીર જૈન વિદ્યાલય. ચાલુ ફંડમાં વસુલ આવ્યા.

૫) શેઠ પોપટલાલ હરગોવન
૧૦૧ ,, દેવજી લાધા
૫૧ ,, હીરજી દેવજી
૨૫૧) ,, આણંદજી પુરશોત્તમ
૨૫) ,, નાનાલાલ કાનજી
૫) ,, મગનલાલ નેમચંદ
૧૦૦) ,, નાનાચંદ ધનાજી
૨૫) ,, છોટાલાલ જીવણભાઇ
૨૫) ,, ચીમનલાલ પરશોતમ

૩૫૧) શેઠ લખમાજી ભુતાજી
૫૧) ,, નવલચંદ ઉદેચંદ
૫૧) એક સદ્‌ગૃહસ્થ
૫૧) શેઠ મંછુભાઇ તલકચંદ સંવત ૧૯૭૪ ના ત્રીજા વર્ષના.
૫) એક સદ્‌ગૃહસ્થ
૨) શેઠ હીરાલાલ ફીલાચંદ
૧) શેઠ સાંકલચંદ પ્રેમચંદ
૨૫) એક સદ્‌ગૃહસ્થ



૧૦) શેઠ દેવચંદ દામજી
૫) શેઠ દલસુખભાઇ ગિરધરદાસ
૧૧) મુતા ચોથમલ હમીરમલ. સંવત્ ૧૯૭૪ ના ચોથા વર્ષના
૧૫) શેઠ છગનલાલ રતનચંદ. સંવત્ ૧૯૭૪ ના ચોથા વર્ષના
૧૦) શેઠ જેશીંગભાઈ. જી. શાહ
૧૦૨) શેઠ હરીલાલ છોટાલાલ
૫૦) શેઠ દીપચંદ ભીમાજી સંવત્ ૧૯૭૪ તથા ૧૯૭૫ ના
૫૦) શેઠ રાયચંદ અમીચંદ. સંવત્ ૧૯૭૪ તથા ૧૯૭૫ ના
૧૮) શેઠ ઉમદેચંદ ખીમચંદ. સંવત્ ૧૯૭૪ તથા ૧૯૭૫ ના
૧૪) શેઠ લલ્લુભાઇ દેવાજી. સંવત્ ૧૯૭૪ તથા ૧૯૭૫ ના
૨૦) શેઠ લલ્લુભાઇ મલુકચંદ. સંવત્ ૧૯૭૩ તથા ૧૯૭૪ ના ત્રીજા અને ચોથા વર્ષના
૭૫) શેઠ દલીચંદ ફુલચંદ મારફત્
૫૦) શેઠ હિમતલાલ નાથાભાઇ વીરચંદ ડભોઇવાળા
૨૫) શેઠ પોપટલાલ પાનાચંદ. સંવત્ ૧૯૭૫ ના ચોથા વર્ષના
૧૦) શેઠ મોહનલાલ ભગવાનજી. સંવત ૧૯૭૩ ના બીજા વર્ષના
૨૦) શેઠ મોતી ખુશાલજી સંવત સંવત્ ૧૯૭૩ થી ૧૯૮૦ સુધી વર્ષ ૮) ના
૧૦૦) એક સદ્‌ગૃહસ્થ તરફથી-હસ્તે ગિરધરલાલ
૧૧) શેઠ ગટુલાલ અમૃતલાલ સંવત્ ૧૯૭૪ ના પ્રથમ વર્ષના
૨૫) શેઠ હરખચંદ મકનજી સંવત્ ૧૯૭૫ ના પાંચમા વર્ષના
૧૫) શેઠ કાળીદાસ સાંકલચંદ દોશી.

સંવત ૧૯૭૫ ના ચોથા વર્ષના
૧૫૦) શેઠ મેઘજી જગજીવન. સંવત્ ૧૯૭૫ થી ૧૯૮૦ સુધી વર્ષ ૬) ના
૨૫) શેઠ શેશકરણ લાલજી
૧૫) શેઠ હીરાલાલ ડાયાભાઇ સંવત્ ૧૯૭૪ ના ત્રીજા વર્ષના
૧૦૨) શેઠ ખુશાલચંદ કરમચંદ વેરાવળ-વાળા સંવત ૧૯૭૪ તથા ૧૯૭૫ ના ત્રીજા અને ચોથા વર્ષના
૧૫) શેઠ જેચંદ ખીમજી
૧૦) શેઠ મોનજી રૂપચંદ
૧) શેઠ વાલજી નાનાજી
૨૫) શેઠ ગોકલદાસ રવજી સંવત્ ૧૯૭૪ ના ચોથા વર્ષના
૯૬) અમદવાદથી આવ્યા
૫૦) શેઠ રતનચંદ મલીચંદ સંવત્ ૧૯૭૩ થી ૧૯૭૭ સુધી વર્ષ ૫)'ના
૧૧) શેઠ મોહનલાલ છોટાલાલ સં. ૧૯૭૪ ના બીજા વર્ષના
૧૦) શેઠ ડાયાભાઇ છગનલાલ સં. ૧૯૭૪ ના બીજા વર્ષના
૫) શેઠ મણીલાલ હીરાચંદ સંવત્ ૧૯૭૪ ના બીજા વર્ષના
૫) શેઠ ડાયાભાઇ મગનલાલ સં. ૧૯૭૪ ના બીજા વર્ષના
૫) શેઠ ભાઇચંદ હીરાચંદ
૫) શેઠ અમૃતલાલ મહાસુખરામ સં. ૧૯૭૪ ના બીજા વર્ષના
૨) શેઠ જેઠાભાઇ ખીમચંદ સં. ૧૯૭૪ ના બીજા વર્ષના
૨) શેઠ મુળચંદ જમનાદાસ સં. ૧૯૭૩ તથા ૧૯૭૪ ના
૧) શેઠ નગીનદાસ મગનલાલ

૯૬)

૨૫) શેઠ ફીલાચંદ ભીખાચંદ. સંવત્ ૧૯૭૩ ના પ્રથમ વર્ષના
૨) ,, ત્રીભોવનદાસ તુલસીદાસ. સંવત્ ૧૯૭૫ ના પાંચમાં વર્ષના
૫૦) ,, મણીલાલ ઉત્તમચંદ. સંવત્ ૧૯૭૪ તથા ૧૯૭૫ ના બીજા અને ત્રીજા વર્ષના
૨૫) શેઠ લખમીચંદ ખેંગાર. સંવત્ ૧૯૭૫ ના ચોથા વર્ષના
૧૦૧) ,, હીરજી ખેતશી
૧૫) ,, મોહનલાલ રામચંદ સં. ૧૯૭૩ થી ૧૯૭૫ સુધી વર્ષ ૩ ના
૫ા ,, હીરજી દેવજી સંવત્ ૧૯૭૪ ના
૨૫) ,, ફીલાચંદ ભીખાચંદ સંવત્ ૧૯૭૪ ના બીજા વર્ષના
૨૫) ,, રાયચંદ ડુંગરશી. સંવત્ ૧૯૭૫ ના ત્રીજા વર્ષના
૧૦૨ ,, મગનભાઇ કસ્તુરચંદ સંવત ૧૯૭૪ તથા ૧૯૭૫ ના ચોથા તથા પાંચમા વર્ષના
૩૦) ,, ગલાલચંદ જેચંદ માંગરોળવાળા સંવત્ ૧૯૭૩ થી ૧૯૭૫ સુધી પહેલા, બીજા અને ત્રીજા વર્ષના
૧૦૮) ,, વૈદ દલપતભાઇ મોતીચંદ વડોદરાવાળા આગષ્ટ ૧૯૧૭ થી જાનેવારી ૧૯૧૯ સુધી માસ ૧૮ ના
૨૫) શેઠ ભવાનજી અમરચંદ સંવત ૧૯૭૪ ના ત્રીજા વર્ષના
૧) ,, વાડીલાલ છગનલાલ
૧૦૨ ,, હઠીસિંગ જેઠાભાઇ ચોથાભાઇ પાંચમા વર્ષના
૧૧) ,, શેઠ ગટુલાલ અમૃતલાલની કું. સંવત્ ૧૯૭૫ના બીજા વર્ષના
૨૫, ,, જેશીંગભાઇ નાગરદાસ સંવત્ ૧૯૭૪ ના બીજા વર્ષના
૨૫) ,, રતનશી ત્રીકમજી સંવત્ ૧૯૭૫ ના પાંચમા વર્ષના
૧૧) મુતા ચોથમલ હમીરમલ સંવત ૧૯૭૫ ના પાંચમાં વર્ષના
૨૫) શેઠ રાયચંદ ડુંગરશી સંવત્ ૧૯૭૪ ના બીજા વર્ષના
૨૫) ,, માધવજી કરમચંદ સંવત્ ૧૯૭૫ ના પાંચમા વર્ષના
૧૨ા શેઠ મોહનચંદજી મુથા
૫૦૧) ,, હીરાલાલ એમ. શાહ
૨૦૦) ,, અમરચંદ કાનજી હ. દીવાળીબાઇ
૨૧) ,, ધરમશી શેશકરણ હ. દુલભદાસ સંવત્ ૧૯૭૪ ના ચોથા વર્ષના
૧૫) ,, હીરાલાલ ડાયાભાઇ સંવત્ ૧૯૭૫ ના ચોથા વર્ષના
૧૦૦) ,, હરખચંદ વીરજી હ. શેઠ નેણશી
૧૩૭૫) મોતીના ધર્મના કાટા તરફથી હ. શેઠ ગુલાબચંદ દેવચંદ
૫૦૦) સંવત્ ૧૯૭૪ ના વૈશાખ થી ભાદરવા સુધી દર માસે રૂ. ૧૦૦)
૮૭૫) સંવત્ ૧૯૭૪ આસોથી સંવત્ ૧૯૭૫ ચૈતર સુધી માસ ૭ દર માસે રૂ. ૧૨૫ લેખે.

---

૧૩૭૫)
૨૫) શેઠ પોપટલાલ પાનાચંદ સંવત્ ૧૯૭૪ ના ત્રીજા વર્ષના
૫૦ ,, ગુલાબચંદ મેઘજી

---

૫૧૨૫ા



## પરિશિષ્ટ નં. ૮

## વિભાગ ૧ લો.

### સંસ્થાના જૂદા જૂદા ખાતામાં મળેલી ભેટની રકમો.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય સ્થાઇ ફંડમાં વસુલ આવ્યા.**

૨૫૦૦) શેઠ સોમચંદ ઓતમચંદ

**યુનિવર્સિટિ માટે સાહિત્ય તૈયાર કરાવવા માટે આવ્યા**

૨૫૦) શેઠ સોમચંદ ઓતમચંદ.

**દેરાસરજી ખર્ચ માટે આવ્યા.**

૫૦) શેઠ સોમચંદ ઓતમચંદ.

**દવાઇ ખર્ચ માટે આવ્યા.**

૧૬૫) શેઠ સોમચંદ ઓતમચંદ

**ધાર્મિક અભ્યાસ ખર્ચ પેટે આવ્યા.**

૨૩૫) શેઠ સોમચંદ ઓતમચંદ.

---

## વિભાગ ૨ જો.

### ભેટ આવ્યાની વિગત.

મેસર્સ. એસ. દેવકરણની કંપની તરફથી રૂા. ૨૦૦) બસોની કિમતના ચાળીશ ધોતીજોટા ભેટ મળેલા છે.

શેઠ ચુનીલાલ વીરચંદ તરફથી પંદર પુસ્તકો લાઇબ્રેરી માટે ભેટ મળેલાં છે.

શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ તરફથી નવ પુસ્તકો ભેટ મળેલાં છે.

**પરિશિષ્ટ નં. ૯ સાલ ૧૯૧૮-૧૯ના વિદ્યાર્થીઓનું વિગતવાર પત્રક, તથા અભ્યાસનું પરિણામ વિગેરે.**

| નંબર. | નામ. | ન્યાત. | વતન. | જીલ્લો | પેઇંગ ફ્રી. | અભ્યાસ. | કૉલેજ. | ધાર્મિક પરિક્ષાનું પરિણામ | | યુનિ. અથવા કૉ. પરીક્ષાનું પરિ. | | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પાસ કે નાપાસ. | સામાયા મળેલા માર્કસ. | | | |
| ૧ | જસાણી રતીલાલ માણેકચંદ | દશા શ્રીમાળી | રાજકોટ | કાઠીઆવાડ | ફ્રી | સીનીયર બી. એ. | વીલ્સન | પાસ | ૬૦ | પાસ | | |
| ૨ | શાહ અંબાલાલ માણેકલાલ | ,, | સુરત | સુરત | ફ્રી | ,, | ,, | ,, | ૫૫ | ,, | | |
| ૩ | શાહ નરોત્તમદાસ ધરમશી | ,, | માગરોળ | કાઠીઆવાડ | પેઇંગ A | ,, | ,, | ... | ... | ... | | વિ. છોડયું. |
| ૪ | શાહ છગનલાલ નાનચંદ | વીશા પોરવાડ | સરભોણ | સુરત | ફ્રી | સીનીયર બી. કોમ. | સીડનહામ | પાસ | ૭૭ | નપાસ | | |
| ૫ | પરીખ ચીમનલાલ મોતીલાલ | દશા પોરવાડ | ખેડા | ખેડા | ,, | ,, | ,, | ,, | ૭૦ | પાસ | સે. ક | |
| ૬ | શાહ ચીમનલાલ દલસુખભાઇ | દશા શ્રીમાળી | ખંભાત | ખેડા | ,, | ,, | ,, | ,, | ૭૨ | ,, | ,, | |
| ૭ | શાહ ચંપકલાલ હેમચંદ | ,, | પારડી | સુરત | પેઇંગ B | ઇન્ટર બી. કોમ. | ,, | ,, | ૬૫ | ,, | | |
| ૮ | શાહ નાનચંદ ગોવિંદજી | ,, | લીંબડી | કાઠીઆવાડ | ફ્રી | ,, | ,, | ,, | ૫૯ | નપાસ | | |
| ૯ | શાહ નગીનચંદ જગજીવનદાસ | વીશા પોરવાડ | નવસારી | સુરત | ,, | જુનીયર બી. એ. | વીલ્સન | ,, | ૬૨ | [illegible] | | |
| ૧૦ | પરીખ ભાઇલાલ બેચરદાસ | દશા પોરવાડ | ખેડા | ખેડા | ,, | ,, | ,, | ,, | ૪૫ | | | |
| ૧૧ | શાહ ગોવિંદજી ઉજમશી | વીશા શ્રીમાળી | સીમેજ | અમદાવાદ | ,, | ,, | ,, | ,, | ૪૮ | | | |
| ૧૨ | શાહ દીપચંદ જીવણ | ,, | ભાવનગર | કાઠીઆવાડ | ,, | ,, | ,, | ,, | ૬૧ | | | |
| ૧૩ | શાહ મયાભાઇ ઠાકરશી | ,, | અમદાવાદ | અમદાવાદ | ,, | ,, | , | બેઠા નહિ | ... | | | |
| ૧૪ | શેઠ ચીમનલાલ ચુનીલાલ | દશા પોરવાડ | ખેડા | ખેડા | ,, | ,, | ,, | પાસ | ૬૧ | | | |
| ૧૫ | પરીખ અંબાલાલ લલ્લુભાઇ | વીશા ઓસવાળ | વડાદલા | ખેડા | પેઇંગ B | જુ બી. એસ. સી | ,, | ,, | ૬૪ | | | |
| ૧૬ | શાહ નરસીદાસ મુળજી | વીશા પોરવાડ | લીંબડી | કાઠીઆવાડ | ફ્રી | ,, | ,, | ,, | ૬૭ | | | આ વરસે જો- |
| ૧૭ | શાહ ખેમચંદ ઝવેરચંદ | દશા ઓસવાળ | રાતા | સુરત | ,, | ઇન્ટરમીજીએટ આર્ટ્સ. | ,, | ,, | ૬૪ | પાસ | સે. ક | ડાયા નથી ત- |
| ૧૮ | દોશી સાંકળચંદ હકમચંદ | વીશા પોરવાડ | ઊમતા | અમદાવાદ | ,, | ,, | ,, | ,, | ૫૪ | નપાસ | | પાસ ચાલેછે. |
| ૧૯ | શાહ દલસુખભાઇ મહીજીભાઇ | વીશા ઓશવાળ | ઓડ | અમદાવાદ | ,, | ,, | ,, | ,, | ૬૦ | પાસ | | |
| ૨૦ | શાહ મોહનલાલ પીતાંબરદાસ | ,, | બુહારી | સુરત | પેઇંગ B | ,, | ,, | ,, | ૭૩ | ,, | | |
| ૨૧ | લાઢીઆ નાગજી કલ્યાણજી | દશા શ્રીમાળી | રાજકોટ | કાઠીઆવાડ | ફ્રી | ,, | ,, | ,, | ૭૦ | ,, | | |
| ૨૨ | ઝવેરી ઉત્તમચંદ લલ્લુભાઇ | દશા ઓસવાળ | ભરૂચ | ભરૂચ | પેઇંગ B | ,, | ,, | ,, | ૬૦ | ,, | | |
| ૨૩ | શાહ મોહનલાલ હાથીભાઇ | દશા શ્રીમાળી | દેહગામ | અમદાવાદ | ફ્રી | ૩જું વર્ષ એમ બી બી.એસ. | ગ્રાન્ટ મેડીકલ | ,, | ૮૦ | ,, | સે ક. | |
| ૨૪ | સંઘવી મોતીલાલ છગનલાલ | વીશા શ્રીમાળી | પાલીતાણા | કાઠીઆવાડ | ,, | ,, | ,, | ,, | ૫૮ | ,, | ,, | |
| ૨૫ | કાપડીઆ નરોત્તમદાસ ચુનીલાલ | દશા શ્રીમાળી | લીંબડી | ,, | ,, | ,, | ,, | ,, | ૬૪ | ,, | | |
| ૨૬ | શાહ મોહનલાલ હેમચંદ | ,, | પારડી | સુરત | ,, | ૨જું વર્ષ ,, | ,, | ,, | ૫૫ | [illegible] | | |
| ૨૭ | કાપડીઆ ત્રીભોવનદાસ છોટાલાલ | વીશા શ્રીમાળી | આમોદ | ભરૂચ | ,, | ,, ,, | ,, | ,, | ૬૯ | | | |
| ૨૮ | કોઠારી રતીલાલ અમરચંદ | દશા શ્રીમાળી | મોરબી | કાઠીઆવાડ | ,, | ,, ,, | ,, | ,, | ૫૦ | | | |
| ૨૯ | શાહ નેણશી દેવકરણ | વીશા શ્રીમાળી | કોઠ | અમદાવાદ | ,, | ,, ,, | ,, | ,, | ૭૫ | | | |
| ૩૦ | ગુગળીઆ ખુબચંદ વચ્છરાજ | દશા ઓસવાળ | રતલામ | માળવા | ,, | ૧લું વર્ષ ,, | ,, | , | ૭૫ | પાસ | | |
| ૩૧ | શાહ હિંમતલાલ હીરાલાલ | વીશા પોરવાડ | પેથાપુર | અમદાવાદ | પેઇંગ A | ,, ,, | ,, | નપાસ | ૨૬ | નપાસ | | |
| *૩૨ | શાહ પ્રાગજી વીરજી | | જામનગર | કાઠીઆવાડ | પેઇંગ A | ,, ,, | ,, | બેઠા નહિ | ... | બેઠા નહિ | | વિ. છોડયું. |
| ૩૩ | કોઠારી શોભાગચંદ ખીમચંદ | દશા શ્રીમાળી | લીંબડી | ,, | ફ્રી | ૧લું વર્ષ બી. ઇ. | એન્જી. પુના | પુના | .... | પાસ | ફ. ક. | |
| ૩૪ | પરીખ છગનલાલ જીવણલાલ | વીશા શ્રીમાળી | મહુવા | ,, | ,, | ,, ,, | ,, | પુના | ... | ,, | ફ. ક. | |
| ૩૫ | બદામી ફકીરચંદ મગનલાલ | ,, | સુરત | સુરત | પેઇંગ B | ૧લું વર્ષ આર્ટ્સ પ્રીવીઅસ | વીલ્સન | | ... | નપાસ | | વિ. છોડયુ. |
| ૩૬ | શેઠ અમૃતલાલ ઉજમશી | ,, | શીહાણી | કાઠીઆવાડ | ફ્રી | ,, | ,, | પાસ | ૫૫ | પાસ | | |
| ૩૭ | શાહ ચીમનલાલ ઉજમશી | દશા શ્રીમાળી | બોટાદ | ,, | ,, | ,, | ,, | ,, | ૫૭ | ,, | | |
| ૩૮ | શાહ મંગળદાસ ગિરધરલાલ | વીશા શ્રીમાળી | ગોધરા | પંચમહાલ | પેઇંગ B | ,, | ,, | બેઠા નહિ | | બેઠા નહિ | | વિ. છોડયું. |

* બીજી ટર્મમાં દાખલ થએલ વિદ્યાર્થીઓ.

## પરિશિષ્ટ નં૦ ૧૦ સાલ ૧૯૧૯-૨૦ માટે જુના તથા નવા દાખલ કરેલા વિદ્યાર્થીઓનું વિગતવાર પત્રક.

| નંબર | નામ. | ન્યાત. | વતન. | જીલ્લો. | પેઇંગ-ફ્રી. | અભ્યાસ. | કોલેજ. | જુના યા નવા. | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શાહ છગનલાલ નાનચંદ | વીસા પોરવાડ | સરભોણ | સુરત | ફ્રી | સી. બી. કોમ. | સીડનહામ | જુના | |
| ૨ | શાહ નગીનદાશ જગજીવનદાસ | ,, | નવસારી | ,, | ફ્રી | સી. બી. એ. | વીલ્સન | ,, | |
| ૩ | પરીખ ભાઇલાલ બહેચરદાસ | દશા પોરવાડ | ખેડા | ખેડા | ,, | ,, | ,, | ,, | |
| ૪ | શાહ ગોવિંદજી ઉજમશી | વીસા શ્રીમાળી | સીમેજ | અમદાવાદ | ,, | ,, | ,, | ,, | |
| ૫ | શાહ દીપચંદ જીવણદાસ | ,, | ભાવનગર | કાઠીઆવાડ | ,, | ,, | ,, | ,, | |
| ૬ | શાહ મયાભાઇ ઠાકરશી | ,, | અમદાવાદ | અમદાવાદ | ,, | ,, | ,, | ,, | |
| ૭ | શેઠ ચીમનલાલ ચુનીલાલ | દશા પોરવાડ | ખેડા | ખેડા | ,, | ,, | ,, | નવા | |
| ૮ | શાહ ગોવિંદચંદ ઝવેરચંદ | વીસા પોરવાડ | સરભોણ | સુરત | પેઇંગ B | સી. બી. એસ. સી. | ,, | જુના | |
| ૯ | પરીખ અંબાલાલ લલ્લુભાઇ | વીસા ઓસવાળ | વડાદલા | ખેડા | પેઇંગ B | જુ. બી. એ. | .. | ,, | |
| ૧૦ | શાહ ખીમચંદ ઝવેરચંદ | દશા ઓસવાળ | રાતા | સુરત | ફ્રી | ,, | ,, | ,, | |
| ૧૧ | શાહ દલસુખભાઇ મહીજીભાઇ | વીસા ઓસવાળ | ઓડ | અમદાવાદ | ,, | ,, | ,, | નવા | |
| ૧૨ | દલાલ હીરાલાલ હાલચંદ | વીસા પોરવાડ | પાલણપુર | પાલણપુર | પેઇંગ | ,, | ,, | જુના | |
| ૧૩ | શાહ મોહનલાલ પીતાંબરદાશ | વીસા ઓસવાળ | બુહારી | સુરત | ,, | ,, | ;, | ,, | |
| ૧૪ | ઝવેરી ઉત્તમચંદ લલ્લુભાઇ | દશા ઓસવાળ | ભરૂચ | ભરૂચ | ,, | ,, | ,, | ,, | |
| ૧૫ | લાઠીઆ નાગજી કલ્યાણજી | દશા શ્રીમાળી | રાજકોટ | કાઠીઆવાડ | ફ્રી | જુ. બી. કોમર્સ | સીડનહામ | ,, | |
| ૧૬ | શાહ ચંપકલાલ હેમચંદ | ,, | પારડી | સુરત | પેઇંગ B | ઇન્ટર ,, | :, | ,, | |
| ૧૭ | શાહ નાનચંદ ગોવિંદજી | ,, | લીંબડી | કાઠીઆવાડ | ફ્રી | ૪ થું વર્ષ એમ. બી. બી. એસ. | ગ્રાન્ટ મેડીકલ | ,, | |
| ૧૮ | શાહ મોહનલાલ હાથીભાઇ | ,, | દેહગામ | અમદાવાદ | ,, | ,, | ,, | ,, | |
| ૧૯ | સંઘવી મોતીલાલ છગનલાલ | વીસા શ્રીમાળી | પાલીતાણા | કાઠીઆવાડ | ,, | ,, | ,, | ,, | |
| ૨૦ | કાપડીઆ નરોત્તમદાશ ચુનીલાલ | દશા શ્રીમાળી | લીંબડી | ,, | ,, | ૩ જું વર્ષ | ,, | ,, | |
| ૨૧ | શાહ મોહનલાલ હેમચંદ | ,, | પારડી | સુરત | ,, | ,, | ,, | ,, | |
| ૨૨ | કાપડીઆ ત્રીભોવનદાસ છોટાલાલ | વીસા શ્રીમાળી | આમોદ | ભરૂચ | ,, | ,, | ,, | ,, | |
| ૨૩ | કોઠારી રતીલાલ અમરચંદ | દશા શ્રીમાળી | મોરબી | કાઠીઆવાડ | ,, | ,, | ,, | ,, | |
| ૨૪ | શાહ નેણશી દેવકરણ | વીસા શ્રીમાળી | કોઠ | અમદાવાદ | ,, | ૨ જું ,, | ,, | ,, | |
| ૨૫ | ગુગળીયા ખુબચંદ વચ્છરાજ | દશા ઓસવાળ | રતલામ | માળવા | ,, | | | | |

## પરિશિષ્ટ નાં૦ ૧૦ સાલ ૧૯૧૯-૨૦ માટે જુના તથા નવા દાખલ કરેલા વિદ્યાર્થીઓનું વિગતવાર પત્રક.

| નંબર. | નામ. | ન્યાત. | વતન. | જીલ્લો. | પેઇંગ ફ્રી. | અભ્યાસ. | કૉલેજ. | જુના યા નવા | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | શાહ ચીમનલાલ મોતીલાલ | દશા શ્રીમાળી | અમદાવાદ | અમદાવાદ | પેઇંગ B | ૨ જું એમ બી બી એસ | ગ્રાન્ટ મેડીકલ | નવા | |
| ૨૭ | શાહ ચીમનલાલ મણીલાલ | દશા શ્રીમાળી | અમદાવાદ | અમદાવાદ | ” | ” | ” | ” | |
| ૨૮ | શાહ હીંમતલાલ હીરાલાલ | વીસા પોરવાડ | પેથાપુર | ” | પેઇંગ એ | પહેલું ” | ” | જુના | |
| ૨૯ | પટેલ મોરારજી મોતીચંદ | વીસા શ્રીમાળી | કાળાવડ | જામનગર | ફ્રી | ” | ” | નવા | |
| ૩૦ | શેઠ અમૃતલાલ ઉજમસી | વીસા શ્રીમાળી | શીઆણી | લીંબડી સ્ટેટ | ” | ” | વીલ્સન | જુના | |
| ૩૧ | શાહ અંબાલાલ જેઠાલાલ | દશા પોરવાડ | વસો | ખેડા | ” | ” | સેન્ટ ઝેવીઅર | નવા | |
| ૩૨ | ધ્રુવ નંદલાલ લાલચંદ | દશા શ્રીમાળી | વઢવાણ કેમ્પ | કાઠીઆવાડ | પેઇંગ B | ” | વીલ્સન | ” | |
| ૩૩ | શાહ ડાહ્યાભાઇ મગનલાલ | દશા ઓસવાળ | ભરૂચ | ભરૂચ | પેઇંગ B | ઇન્ટરમીડીએટ આર્ટ્સ. | ” | ” | |
| ૩૪ | શાહ ચીમનલાલ ઉજમસી | દશા શ્રીમાળી | બોટાદ | કાઠીઆવાડ | ફ્રી | ” | ” | જુના | |
| ૩૫ | કોઠારી સોભાગ્યચંદ ખીમચંદ | ” | લીંબડી | ” | ” | જુનીઅર બી. ઇ. | એન્જીનીઅરીંગ પુના | ” | |
| ૩૬ | પરીખ છગનલાલ જીવણલાલ | વીસા શ્રીમાળી | મહુવા | ” | ” | ” | ” | ” | |
| ૩૭ | શાહ ચંદુલાલ નાનચંદ | વીસા પોરવાડ | સરભોણ | સુરત | ” | ૧ લું વર્ષ આર્ટ્સ (પ્રીવીઅસ) | સેંટ ઝેવીઅર | નવા | |
| ૩૮ | શાહ હીરાલાલ ભોગીલાલ | વીસા ઓસવાળ | પાટણ | પાટણ | પેઇંગ B | ” | ” | ” | |
| ૩૯ | શાહ ચીમનલાલ સોમચંદ | દશા પોરવાડ | ખેડા | ખેડા | ફ્રી | ” | વીલ્સન | ” | |
| ૪૦ | શાહ ઉત્તમચંદ દીપચંદ | વીસા શ્રીમાળી | ધમણાદ | ભરૂચ | ” | ” | ” | ” | |
| ૪૧ | શાહ પોપટલાલ નરોત્તમદાસ | ” | મુંબઇ | મુંબઇ | ” | ” | સેંટ ઝેવીઅર | ” | |
| ૪૨ | મહેતા હીંમતલાલ ગોપાલજી | ” | જામનગર | કાઠીઆવાડ | ” | ” | વીલ્સન | ” | |
| ૪૩ | શાહ દલસુખભાઇ નગીનદાસ | ” | બોરસદ | ખેડા | ” | પ્રોફેશનર ક્લાસ | એન્જીનીઅરીંગ કૉલેજ પુના | ” | |

## પરિશિષ્ટ નં. ૧૧ (ચતુર્થ વર્ષ)

### ૧૯૧૮-૧૯માં રહેલા વિદ્યાર્થીઓનું વિગતવાર પત્રક (જુના.)

| અભ્યાસવાર | કુલ સંખ્યા | પેઇંગ | ફ્રી. | જુના | નવા | જીલ્લાવાર | | કુલ | ન્યાતવાર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સીનીયર બી. એ. | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | કાઠીઆવાડ | | ૧૪ | વીશા શ્રીમાળી | ૧૦ |
| જુનીઅર બી. એ. | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | માળવા | | ૧ | દશા શ્રીમાળી | ૧૩ |
| સીનીયર બી. કોમ. | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | અમદાવાદ | ગુજરાત—૨૩ | ૭ | વીસા ઓસવાળ | ૩ |
| ઇન્ટર બી. કોમ. | ૨ | ૧ | ૧ | ૦ | ૨ | ખેડા | ગુજરાત—૨૩ | ૫ | દશા ઓસવાળ | ૩ |
| ૩ જું વર્ષ એમ બી. બી. એસ. | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ભરૂચ | ગુજરાત—૨૩ | ૨ | વીસા પોરવાડ | ૫ |
| ૨ જું વર્ષ ,, ,, ,, | ૪ | ૦ | ૪ | ૩ | ૧ | સુરત | ગુજરાત—૨૩ | ૮ | દસા પોરવાડ | ૩ |
| ૧ લું વર્ષ ,, ,, ,, | ૩ | ૨ | ૧ | ૧ | ૨ | પંચમહાલ | ગુજરાત—૨૩ | ૧ | વીશા નીમા | ૧ |
| એન્જીનીઅરીંગ પુના | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | | | | | |
| જુનીઅર બી, એસ. સી. | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | | | | | |
| ઇન્ટર મીડીએટ આર્ટ્સ | ૬ | ૧ | ૫ | ૫ | ૧ | | | | | |
| પ્રીવીયસ | ૪ | ૨ | ૨ | ૦ | ૪ | | | | | |
| કુલ.... | ૩૮ | ૭ | ૩૧ | ૨૮ | ૧૦ | | | ૩૮ | | ૩૮ |



## પરિશિષ્ટ નં. ૧૨.

### સાલ ૧૯૧૯-૨૦ ના વિદ્યાર્થીઓનું ન્યાત જીલ્લા તથા અભ્યાસવાર પત્રક (નવા.)

| અભ્યાસવાર | સંખ્યા | પેઇંગ | ફ્રી | જુનાં | નવા | જીલ્લાવાર | | કુલ | ન્યાતવાર | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સીનીયર બી. એ. | ૭ | ૧ | ૬ | ૬ | ૧ | કાઠીઆવાડ | | ૧૩ | વીસા શ્રીમાળી | ૧૩ |
| જુનીઅર બી. એ | ૬ | ૩ | ૩ | ૫ | ૧ | માળવા | | ૧ | દશા શ્રીમાળી | ૧૨ |
| સીનીયર બી. કોમ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | અમદાવાદ | ગુજરાત ૨૮ | ૯ | વીસા ઓસવાળ | ૪ |
| જુનીઅર બી. કોમ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ખેડા | ગુજરાત ૨૮ | ૬ | દશા ઓસવાળ | ૪ |
| ઇન્ટર | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ભરૂચ | ગુજરાત ૨૮ | ૪ | વીસા પોરવાડ | ૬ |
| ૪ થુ વર્ષ એમ બી. બી એસ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | સુરત | ગુજરાત ૨૮ | ૮ | દશા પોરવાડ | ૪ |
| ૩ જુ વર્ષ એમ બી. બી. એસ | ૪ | ૦ | ૪ | ૪ | ૦ | પાલનપુર | ગુજરાત ૨૮ | ૧ | | |
| ૨ વર્ષ એમ બી. બી. એસ | ૩ | ૨ | ૧ | ૧ | ૨ | મુંબઇ | | ૧ | | |
| ૧ લું વર્ષ ,, ,, | ૫ | ૨ | ૩ | ૨ | ૩ | | | ૪૩ | | ૪૩ |
| જુનીઅર બી. ઇ. પુના | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | | | | | |
| પ્રીવીયસ ,, ,, પુના | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | | | | | |
| સીનીયર બી. એસ સી | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | | | | | |
| ઇન્ટરમીડીએટ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | | | | | |
| પ્રીવીયસ | ૬ | ૧ | ૫ | ૦ | ૫ | | | | | |
| | ૪૩ | ૧૨ | ૩૧ | ૨૮ | ૧૪ | | | | | |

## પરિશિષ્ટ ૧૩.

### જૂદી જૂદી ડીગ્રીઓ મેળવી વિદ્યાલયમાંથી બહાર પડેલા ગ્રેજ્યુએટો.

| વર્ષ. | નામ. | ડીગ્રી. | પેઇંગ કે ફ્રી | હાલમાં તેઓ શું કરે છે. |
|---|---|---|---|---|
| માર્ચ ૧૯૧૬ | મોદી રમણલાલ મગનલાલ | બી. એ. (ઓનર્સ) | પેઇંગ | નોકરી—શિક્ષક—આગ્રા. |
| ,, ,, | શાહ હીરાલાલ મંછાચંદ | બી. એ. (ઓનર્સ) | ,, | બીજી એલ. એલ. બી. પાસ |
| માર્ચ ૧૯૧૭ | શાહ ઓધવજી ધનજી | બી. એ (ઓનર્સ) | ફ્રી | બીજી એલ. એલ. બી. પાસ એમ. એ. નો અભ્યાસ. |
| ,, ,, | મહેતા મનજી ધરમશી | બી. એ. | ,, | નોકરી—કાપડ મારકીટમાં |
| માર્ચ ૧૯૧૮ | મોદી ચંદુલાલ સારાભાઇ | બી. એ. (ઓનર્સ) | પેઇંગ | વ્યાપાર—મુંબઇ |
| ,, ,, | શાહ રતિલાલ હીરાચંદ | બી. એ. | ,, | નોકરી—લાલભાઇ દલપતભાઇ મીલ અમદાવાદ |
| ,, ,, | શાહ અંબાલાલ ચતુરભાઇ | બી. એ. (ઓનર્સ) | ફ્રી | નોકરી—એમ. એ નો અભ્યાસ |
| ,, ,, | શાહ ચુનીલાલ જીવરાજ | બી. કોમ | ,, | નોકરી—જાપાનીસ ફર્મમાં |
| માર્ચ ૧૯૧૯ | પરીખ ચીમનલાલ મોતીલાલ | બી. કોમ (સે. ક્લાસ) | ફ્રી | કોટન કોન્ટ્રેક્ટસ બોર્ડમાં |
| ,, ,, | શાહ ચીમનલાલ દલસુખભાઇ | બી. કોમ (સે. ક્લાસ) | ,, | શેર બજારમાં—નોકરી |
| ,, ,, | શાહ અંબાલાલ માણેકલાલ | બી. એ. | ,, | એલ. એલ. બી. નો અભ્યાસ અને નોકરી |
| ,, ,, | જસાણી રતિલાલ માણેકચંદ | બી. એ. | ,, | એલ. એલ. બી. નો અભ્યાસ |



## પરિશિષ્ટ ૧૪.

### જૂદાં જૂદાં ખાતાંઓ અને તે પર દેખરેખ માટે ચુંટવામાં આવેલા વિદ્યાર્થીઓ. ( સેક્રેટરીઓ ) ૧૯૧૮-૧૯.

| ખાતાંનાં નામ. | સેક્રેટરીઓ તરીકે વિદ્યાર્થીઓનાં નામ. |
|---|---|
| સ્ટુડન્ટ્સ યુનીયન... ... ... ... | શાહ નગીનચંદ જગજીવનદાસ<br>શાહ મોહનલાલ હેમચંદ |
| સીનીયર ધાર્મિક ક્લાસ... ... ... | જસાણી રતિલાલ માણેકલાલ |
| જુનીયર ધાર્મિક ક્લાસ .. ... ... | શાહ નરોત્તમદાસ ધરમશી |
| કસરતશાળા... ... ... ... | શાહ ખીમચંદ ઝવેરચંદ<br>કાપડીઆ ત્રીભોવનદાસ છોટાલાલ |
| લાયબ્રેરી .. ... ... ... | શાહ ગોવિંદજી ઉજમશી<br>શાહ મયાભાઈ હાકરશી |
| રીડીંગ રૂમ... ... .... ... | ગુગળીયા ખુબચંદ વચ્છરાજ |
| દેરાસરજી... ... ... ... | શાહ મોહનલાલ પીતાંબરદાસ |
| દવા ખાતું... ... ... ... | શાહ મોહનલાલ હાથીભાઇ |
| રસોડા ખાતું... ... ... ... | શાહ છગનલાલ નાનચંદ |
| પહેલી બેચ ( ભોજન ) ... ... ... | પરીખ ચીમનલાલ મોતીલાલ |
| બીજી બેચ ( ભોજન ) ... ... ... | શાહ દીપચંદ જીવણ |
| રેફરન્સ બુક્સ ... ... ... ... | શાહ દીપચંદ જીવણ |
| ગરમ પાણી... ... ... ... | પરીખ ચીમનલાલ મોતીલાલ |
| સ્વચ્છતા... ... .... ... | શાહ નેણશી દેવકરણ |
| ધોબી ખાતું... ... ... ... | શેઠ ચીમનલાલ ચુનીલાલ |
| દીવા બત્તી... ... ... .... | કોઠારી રતિલાલ અમરચંદ |
| કપડાં પરચુરણ... ... .... ... | કાપડીઆ નરોત્તમ ચુનીલાલ |
| પ્રોવીઝન સપ્લાઇ... ... ... ... | શાહ દલસુખભાઇ મહીજીભાઇ |
| સવારના દુધને માટે .. ... .. ... | દોશી સાકરચંદ હકમચંદ |
| જનરલ સુપરવાઇઝર... ... ... ... | શાહ છગનલાલ નાનચંદ |

## પરિશિષ્ટ ૧૪ ચાલુ.

## જૂદાં જૂદાં ખાતાંઓ અને તે પર દેખરેખ માટે ચુંટવામાં આવેલા વિદ્યાર્થીઓ. ( સેક્રેટરીઓ ) ૧૯૧૯–૨૦

| ખાતાંનાં નામ.... ... ... | ... સેક્રેટરીઓ તરીકે વિદ્યાર્થીઓનાં નામ. |
|---|---|
| સ્ટુડન્ટ્સ યુનીયન... .... ... ... | શાહ મોહનલાલ પીતાંબરદાસ<br>ઝવેરી ઉત્તમચંદ લલ્લુભાઇ |
| ધાર્મિક ક્લાસ अ... ... ... | .... શાહ છગનલાલ નાનચંદ |
| ધાર્મિક ક્લાસ ब... ... .... | ... શેઠ અમૃતલાલ ઉજમશી |
| ધાર્મિક ક્લાસ क... ... ... | ... શાહ ડાહ્યાભાઇ મગનલાલ |
| કસરતશાળા... ... ... ... ... | કાપડીઆ નરોત્તમદાસ ચુનીલાલ<br>કાપડીઆ ત્રીભોવનદાસ છોટાલાલ |
| લાયબ્રેરી... ... .... ... ... | દલાલ હીરાચંદ લાલચંદ<br>લાડીઆ નાગજી કલ્યાણજી |
| રીડીંગ રૂમ... ... ... ... | ... શાહ અંબાલાલ જેઠાલાલ |
| દેરાસરજી... ... ... ... | .... શાહ ડાહ્યાભાઇ મગનલાલ |
| દવા ખાતું... ... ... ... | .... શાહ મોહનલાલ હાથીભાઇ |
| રસોડા ખાતું... ... ... ... ... | શાહ ખીમચંદ ઝવેરચંદ<br>શાહ ચીમનલાલ મોતીલાલ |
| પહેલી બેચ ( ભોજન )... ... ... | ... શાહ ચંદુલાલ નાનચંદ |
| બીજી બેચ ( ભોજન )... .... ... | ... ધ્રુવ નંદલાલ લાલચંદ |
| રેફરન્સ બુકસ અને કોલેજ બુકસ .... | ... શાહ ચંપકલાલ હેમચંદ |
| ગરમ પાણી .. ... ... .... | શેઠ અમૃતલાલ ઉજમશી |
| સ્વચ્છતા... ... ... ... | પરીખ અંબાલાલ લલ્લુભાઇ |
| ધોબી ખાતું... ... ... ... | શાહ નાનચંદ ગોવિંદજી |
| દીવા બત્તી... ... ... .... | કોઠારી રતિલાલ અમરચંદ |
| કપડાં પરચુરણ... ... ... ... | શાહ નેણશી દેવકરણ<br>શાહ ઉત્તમચંદ દીપચંદ |
| પ્રોવીઝન સપ્લાઇ... ... .... | ... શાહ દલસુખભાઇ મહીજીભાઇ |
| સવારના દુધ માટે.... ... | ... પટેલ મોરારજી મોતીચંદ |
| ફરનીચર... .... ... | ... શાહ ચીમનલાલ મણીલાલ |
| ગમતરમત... ... .... | ... શાહ ચંપકલાલ હેમચંદ |
| જનરલ સુપરવાઇઝર... ... | ... શાહ છગનલાલ નાનચંદ |



## પરિશિષ્ટ નં. ૧૫.

## વિદ્યાર્થીમંડળનો રિપોર્ટ અને ભાષણોની હકીકત

### સને ૧૯૧૮-૧૯ નો રિપોર્ટ.

**મહેરબાન સેક્રેટરી સાહેબ,**

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય,**

**મુંબઇ.**

સવિનય નિવેદન કરવાનું કે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના "વિદ્યાર્થી-મંડળ" ની સભાઓ નિયમિત રીતે દરેક અઠવાડીઆમાં શનિવારે ભરવામાં આવતી હતી અને નિયમ પ્રમાણે વર્ષની શરૂઆતમાં ભાષણની શ્રેણી અગાઉથીજ તૈયાર કરવામાં આવી હતી. વિષયની પસંદગીમાં વિષય ઉપર ખાસ કરીને વાદવિવાદ થઇ શકે એ બાબત ઉપર બહુજ ધ્યાન આપવામાં આવ્યું હતું, જેથી કરીને વિષયની ચર્ચામાં વિદ્યાર્થીબંધુઓ બહુ રસ ભર્યો ભાગ લેતા હતા મુખ્યત્વે કરીને હાલના વખતમાં સમાજમાં ચર્ચાતા વિષયો પસંદ કરવામાં આવતા હતા, જેથી ચર્ચા કરનાર વિષયને લગતા વિચારો છાપાઓ અથવા માસિકોદ્વારા જાણી ચર્ચામાં સારો ભાગ લઇ શકતા હતા, સમયાનુસાર પ્રમુખની ચુંટણી લાયક વિદ્યાર્થીઓમાંથી અથવા તો બહારના વિદ્વાન્ ગૃહસ્થોમાંથી કરવામાં આવતી હતી. પોતાની માતૃભાષા ભૂલી ન જાય માટે મહીનામાં એક ગુજરાતી ભાષણ પણ રાખવામાં આવતું હતું. વળી જાણવા લાયક ખીના તો એ છે કે જૈનોની બીજી સંસ્થાઓના વિદ્યાર્થી સાથે અમારો પરિચય વધે અને અન્યોઅન્ય ભ્રાતૃભાવની લાગણી વધે એવા ઉદ્દેશથી એક વિષયની ચર્ચા બધી સંસ્થાના વિદ્યાર્થી વચ્ચે રાખી હતી, જે વખતે દરેક સંસ્થાના વિદ્યાર્થીઓએ બહુ ઉમંગથી ભાગ લીધો હતો અને દરેક વિદ્યાર્થીઓની પરસ્પર ઓળખાણ પણ થઇ હતી, માટે અમારી નમ્ર વિનંતિ છે કે આવો પ્રયાસ ભવિષ્યના આ મંડળના મંત્રીઓ પણ ચાલુ રાખશે.

વિશેષમાં કુલે ૧૨ ( બાર ) ભાષણો થયાં હતાં. ભાષણોની સંખ્યા જોતાં તે ઓછી લાગે છે, પરંતુ એ વર્ષના બે મહાન્ રોગોએ અમારી પ્રવૃત્તિઓને અટકાવી હતી. રોગો ચાલવાના સબબે વિદ્યાર્થીઓ પોતાને દેશ જવાથી ભાષણશ્રેણી બંધ કરવી પડી હતી, પરંતુ અમો આ "વિદ્યાર્થીમંડળ" ના ચાલુ વર્ષને નિર્વિઘ્ન સંપૂર્ણ ફત્તેહ ઇચ્છીએ છીએ. અસ્તુઃ—

આપના આજ્ઞાંકિત,

**શાહ નગીનચંદ જગજીવનદાસ**

**શાહ મોહનલાલ હેમચંદ.**

મંત્રીઓ.

શ્રી મ. જૈ. વિ ' વિદ્યાર્થીમંડળ "

| ભાષણના વિષયો. | ભાષણકર્તાનાં નામો. | પ્રમુખ. |
|---|---|---|
| (1) " આપણી હાલની રાજકીય પરિસ્થિતિ જોતાં સત્યાગ્રહ કરવો યોગ્ય છે? " | Mr. D. M. Shah. ,, C. M. Parikh B. Com. | શ્રીયુત પંડિત લાલન. |
| (2) English Constitution. | Mr. C. N. Shah. | Mr. O. D. Shah, B. A. LL. B. |
| (3) વાદાર્થ વક્તૃત્વ કળાનાં ઉદાહરણો અને પ્રયોગો. | | શ્રીયુત પંડિત બહેચરદાસ |
| (4) Democracy v/s. Autocracy. | Mr. S. H. Doshi ,, A. M. Shah B. A. | M. R. M. Jasani B. A. |
| (5) Public-Managed Education v/s. State-Managed Education. | Mr. C. C. Sheth | Mr. V. P. Shah B.A. |
| (6) પાશ્ચાત્ય સુધારા આપણને લાભકારક છે ? | Mr. M. P. Shah | Mr. S. J. Shah B.A. |
| (7) What should precede? Whether political development or social development. | Inter Debate | Prof. P. A. Wadia M A. |
| (8) મહાવીરશાસનનું ભવિષ્ય. | V. M. Shah Esqr. | |
| (9) Editor v/s. Orator. | Mr. K. W. Gugalia. ,, N. J. Shah. | Mr. C. N. Shah |
| (10) " શું લોકો નાટકથી નીતિમાન્ થાય છે?" | Mr. D. J. Shah. ,, N. J. Shah. | શ્રીયુત પંડિત બહેચરદાસ |
| (11) Whether West owes much to the East or the East to the West. | Mr. C. M. Parikh ,, G. U. Shah. | Mr. C. C. Shah B. A. LL.B. |
| (12) Women should not have seats at present in the Municipal Corporation. | Mr. M. P. Shah. ,, N. J. Shah. | Mr. A. M. Shah B A. |



### પરિશિષ્ટ નં. ૧૬.

## રિટાયર થતા ઓ. સુપ્રીન્ટેન્ડન્ટના વિચારો.

પારડી તા.

મે. સેક્રેટરી સાહેબ,

શ્રી મ. જૈ. વિ.—મુંબઇ.

૧૯૧૫ માં વિદ્યાલય સાથે મારો સંબંધ થયો ત્યારે મને આશા નહોતી કે આટલી ટુંક મુદતમાં વિદ્યાલયને જે પાયા પર મૂકવામાં આવ્યું છે તે પાયા પર મૂકી શકાય. સંસ્થા માટે મકાનની જરૂર હતી તે કોમના સામાન્ય વર્ગે પૂરી પાડી છે, છતાં સંસ્થાને માટે થતા ચાલુ ગંજાવર ખર્ચ માટે જ્યાંસુધી અમુક મુદતના બંધારણથી આપવામાં આવતા વાર્ષિક લવાજમ પર આધાર રાખવામાં આવે છે ત્યાંસુધી એ સંસ્થા સંપૂર્ણ થયેલી નહિ ગણી શકાય, તેથી અધુરા રહેલા કાર્યનો બોજો કોમ ઉપાડી લઇ એ સંસ્થાને ચિર સજીવન રાખવાને સાધન કરી આપશે એવી શ્રધ્ધા છે. વ્યવસ્થા અને ધનના સદુપયોગ માટે જે જૈનોને શ્રધ્ધા ન હોય અગર ભરોસો ન હોય તેવાઓને વિનંતિ છે કે તેઓએ સંસ્થાની આંતરિક વ્યવસ્થા તપાસવી અને તેમના ધનનો સદુપયોગ થાય એમ તેઓને ખાત્રી થાય તો પોતાના ધનનો ઉપયોગ એ સંસ્થાના લાભ અર્થે અવશ્ય પોતાની શક્તિ અનુસાર કરવો.

વિદ્યાલયમાં રાખવાને પસંદ કરવામાં આવતા વિદ્યાર્થીઓ પૈકી આટલાં વર્ષો સુધી આર્ટ્સના એ વિદ્યાર્થીઓને પહેલી પસંદગી આપવામાં આવી છે અને વધુ ખર્ચ થવાની ભીતિથી ધંધા ઉદ્યોગ માટેના વિદ્યાર્થીઓ તરફ દુર્લક્ષ રહ્યું છે તેમ ન થતાં હવેથી મેડીકલ, કોમર્સ, એન્જીનીઅરીંગ, ખેતીવાડી, ટેકનીકલ અને સાયન્સ માટેના વિદ્યાર્થીઓને વધુ પસંદગી આપવામાં આવે એ ઇચ્છવા યોગ્ય છે આર્ટ્સના પહેલા વર્ષના વિદ્યાથીઓ જેઓ વિદ્યાલયમાંથી પાસ થાય તેવાઓને તેઓએ કંઇ લાઇનનો અભ્યાસ કરવો લાભકારક નીવડશે તે માટે સૂચના થાય એ જરૂરનું છે. આમ થવાથી વિદ્યાર્થીઓ સારી લાઇનોમાં જઇ શકશે. ગ્રેજ્યુએટ થયા પછી સાધારણ રીતે ટુંક મુદતમાં તેઓને પોતાના નિર્વાહનાં સાધનો મળી શકશે અને કોમમાં ડાક્ટર, એન્જીનીઅર અને વિવિધ કળા જાણનાર ગ્રેજ્યુએટોની ખોટ છે તે પૂર્ણ થઇ શકશે. આ તકે હું એક સૂચના કરવાની રજા લઉં છું કે વિદ્યાલયમાં રાખવામાં આવતા વિદ્યાર્થીઓ પૈકી દરેક લાઇન માટે વિદ્યાર્થીની સંખ્યાનું પ્રમાણ નક્કી કરવું અને તે પ્રમાણે પસંદગી કરવી, જેથી વિદ્યાર્થીઓ પોતાને પસંદ કરવાની લાઇન માટે વિચાર કરતા શીખશે અને દઢતા અને નિશ્ચયથી પોતાની લાઇન પસંદ કરી શકશે.

મુંબઇમાં એક સેન્ટ્રલ લાયબ્રેરીની જરૂર છે, જ્યાં ઇંગ્રેજી, ગુજરાતી અને ધાર્મિક પુસ્તકોનું સંગ્રહસ્થાન જેવું રહે. વિદ્યાલય સાથે એક લાયબ્રેરી પણ જોડવામાં આવી છે અને તેમાં મારા ધારવા પ્રમાણે ઉપયોગી પુસ્તકોનું સારૂં સંગ્રહસ્થાન જેવું થયું છે. એ લાયબ્રેરીની વ્યવસ્થા વિદ્યાલયની વ્યવસ્થા સાથે રહે અને વિશેષ સારાં ઉપયોગી પુસ્તકો ધીમ

ધીમે લેવામાં આવે અને વ્યવસ્થિત રીતે એ લાયબ્રેરીને ખીલવી દરેક જાતનાં અને દરેક વિષયનાં પુસ્તકોનું સારૂં સંગ્રહસ્થાન કરવામાં આવે તો એક આવશ્યક લાયબ્રેરીની જરૂરીઆત પૂરી પડી શકશે, તેથી આશા છે કે પુસ્તકોના અને લાયબ્રેરીઓના શોખીન વાંચકો અને ધનાઢ્યો આ લાયબ્રેરીને સારા પાયા પર મૂકવાને પોતાથી બનતો ફાળો આપશે.

લગભગ સાડા ત્રણ વર્ષના અનુભવ પરથી હું એટલું તો કહી શકીશ કે ધાર્મિક અભ્યાસ માટે વિદ્યાર્થીઓને દરરોજ જે વખત ગાળવો પડે છે તે કરતાં થોડો ઓછો વખત ગાળવામાં આવે તે ઇચ્છિવા યોગ્ય છે. ધાર્મિક અભ્યાસ માટે બે કલાક જેટલા વખતમાં ત્રણ ક્લાસની વ્યવસ્થા સંતોષકારક થાય એ કલ્પનાની બહાર છે. વિદ્યાર્થીઓને ધાર્મિક અભ્યાસ બોજારૂપ ન લાગે એવી રીતે વ્યવસ્થા થાય એ માટે પહેલાંથી ધ્યાન આપવામાં આવ્યું હતું અને તેવાજ સિધ્ધાંતને વળગી રહેવાને મારી વિનંતિ છે. પંડિતજી અને વિદ્યાર્થીઓને ધાર્મિક અભ્યાસ માટે ફરીયાદ રહે એ ઇચ્છવા યોગ્ય નથી. ધાર્મિક અભ્યાસ થવો ન જોઇએ એવા ઇરાદાથી નહિ, પણ આખા દિવસના અભ્યાસના શ્રમ પછી ખાસ ફરવા અગર આરામ લેવાના વખતે વિદ્યાર્થીઓને જે વખત ગાળવો પડે છે તેથી વિદ્યાર્થીઓને જે અસંતોષ રહે છે તેની કલ્પના માત્ર વિદ્યાર્થીઓજ કરી શકે. મારા અનુભવ પ્રમાણે વિદ્યાર્થીઓ ધાર્મિક અભ્યાસમાં રસ લેવા જિજ્ઞાસા રાખે છે અને તેથી તેઓને લાભ થાય છે એમ તેઓ જાહેર કરે છે. તેઓની ફરીયાદ માત્ર વખતને માટે છે અને તેઓનીજ સ્થિતિમાં રહેલા વિદ્યાર્થી તરીકેના મારા અનુભવ પરથી હું તેઓને સમ્મત થયા વગર રહી શકતો નથી આશા છે કે કમીટિ આ વિષય પર વિચાર કરી યોગ્ય સંતોષ આપશે.

મારા સાંભળ્યા પ્રમાણે નવા મકાનમાં વિદ્યાર્થીઓને માટે રહેવાની યોગ્ય સગવડ થઇ નથી, તેથી વિદ્યાર્થીઓની કંઇક ફરીયાદ જેવું રહે છે, પણ સુધારો વધારો હજુ કરવાનો હોવાથી પૂરેપૂરી સગવડ ન થઇ શકે એ બનવા જેવું છે. શરૂઆતથીજ થોડી જગ્યામાં વધારે વિદ્યાર્થી અગર જેટલા રહી શકે તેટલા વિદ્યાર્થીઓ રાખવાની પદ્ધતિનો આપણે સ્વીકાર કીધો નથી, પણ અમુક સ્થાનમાં કેટલા વિદ્યાર્થીઓ સગવડ અને સુઘડતાઇથી રહી શકે એ પધ્ધતિનો વિચાર કરી વ્યવસ્થા કરવામાં આવતી હતી તે પધ્ધતિને વળગી રહી વિદ્યાર્થીઓ માટે શું અનુકૂળ થાય તેનો વિચાર કરી વિદ્યાર્થીઓને રહેવાની સગવડ કરવામાં આવે તો વિશેષ લાભદાયક થવાનો સંભવ રહે છે.

વિદ્યાલયમાં દરેક વિદ્યાથીએ કસરત ફરજીયાત રીતે લેવી જોઇએ અને તે માટે પૂરતો બંદોબસ્ત કરવાની જરૂર છે. ક્રીકેટ વિગેરે રમતગમતોમાં લાભ સમાયલો છે અને તે માટે હવે સામેના મેદાનમાં વ્યવસ્થા થઇ શકશે, પણ શરીરકેળવણી માટે અંગકસરતની મુખ્ય જરૂર છે, માટે મકાનના કંપાઉન્ડમાં એક અખાડો કરાવવામાં આવે અને કસરત ફરજીયાત કરવામાં આવે એ ઇચ્છવા યોગ્ય છે



આ સંસ્થા સાથેના શરૂઆતના સંબંધ અને અનુભવ પછી એટલું તો સ્વાભાવિક છે કે એ સંસ્થાના ભવિષ્ય માટે મને કંઇક વિશેષ ભાવના હોય. આ સંસ્થાને સારા પાયા પર મૂકવામાં આવ્યા પછી સંતોષ રાખી કાર્ય પડતું મૂકવામાં આવે એ ઇચ્છવા યોગ્ય નથી. સંસ્થાના કાર્યનું ક્ષેત્ર ધીમે ધીમે વિશાળ બનાવી શકાય અને એકજ સંસ્થાને ખીલવી એકજ નામથી ઓળખાતી વિવિધ કાર્ય માટે વિવિધ સંસ્થાઓનો સમાવેશ થઇ શકે. નાના પ્રકારનું પુસ્તકોધ્ધારનું કાર્ય લાયબ્રેરી, વિદ્યાર્થીમંડળ અગર ગ્રેજ્યુએટ એસોશીએશનની પધ્ધતિ પર એક કેળવાયેલ પુરૂષોનું મંડળ વિગેરે જે કાંઇક કેળવણીને અંગના કાર્યને મદદરૂપ થાય તેવાં નાનાં મંડળો આ સંસ્થાના અંગે થઇ શકે. આ સંસ્થાને ખીલવી કદાચ કોમર્સ જેવી લાઇન માટે એક કોલેજને માટે પણ પ્રયત્ન થાય તો તે વધાવી લેવામાં આવે એવી આશા રહે છે. સંસ્થાને અંગે ઉંચા અભ્યાસ માટે મોટી સ્કોલરશીપો સ્થાપવામાં આવે અગર તેવી સ્કોલરશીપો માટે ફંડ કરવામાં આવે તો આશા આપતા જૈન વિદ્યાર્થીઓ તેનો લાભ મેળવી શકે. આવી ભાવના કદાચ અનુકૂળ સમય પહેલાં થયેલી લાગે અગર અતિશયોક્તિ ભરેલી લાગશે, છતાં એટલું તો હિમ્મતથી કહી શકાશે કે સંસ્થા માટે શરૂઆતમાં જે કાંઇ મુશ્કેલી લાગે છે તેમાંથી કમીટિ નશીબયોગે પસાર થઇ ગઇ છે. હવે માત્ર જેટલી દૃઢતા અને ખંતથી એ મુશ્કેલીમાંથી પસાર થયા છો તે કરતાં વિશેષ નહિ તો તેટલીજ દૃઢતા અને ખંતથી કાર્ય કરવામાં આવશે તો જે મુશ્કેલીનો અનુભવ થયો છે તે અનુભવ થવાનો વખત હવે આવશે નહિ અને થોડી મુશ્કેલીથી હવે વિશેષ પ્રગતિ માટેની નાની સંસ્થાઓ નીકળી શકશે. જે નાની સંસ્થાઓ એ વિદ્યાલયને વિશેષ શોભાવશે અને આશા છે કે અંતમાં જૈન કોમના ધનનો ઉપયોગ ધર્મને નામે જે થાય છે તે વિશેષ યોગ્ય અને જરૂરના સ્થાને કરવાની પધ્ધતિની શરૂઆત થશે. આપણી કોમને એક વખત સારી શ્રધ્ધા બેસશે તો ધનની મદદની તૂટી ન આવે એ બનવા યોગ્ય છે.

વિદ્યાલય સાથે સાડાત્રણ વર્ષના સંબંધ દરમ્યાન આપના તરફથી અને કમીટિના મેમ્બર સાહેબોએ મારા પ્રત્યે પ્રેમ અને માનથી જે સારી વર્તણુક ચલાવી હતી તે માટે મારો સંતોષ જાહેર કરૂં છું અને તે માટેનો સઘળાનો આ તકે સહૃદય આભાર માનું છું. મનુષ્યજીવનમાં સામાન્ય ત્રુટીનો વિચાર કરી વિદ્યાર્થીઓએ મારા પ્રત્યે માન ભરેલી રીતે અને માયાળુપણે વર્તણુક રાખી હતી તે માટે હું તેઓનો આભારી છું અને તેઓના વિદ્યાર્થીપણાની તેમજ ગૃહસ્થ તરીકેની જીંદગીમાં સફળતા ઇચ્છું છું. એજ વિનંતિ.

લી. સેવક,

છોટાલાલ વિ. શ્રોફ.

## પરિશિષ્ટ નં. ૧૭.

# નવા સુપ્રીન્ટેન્ડેન્ટ મી. શાહનો રિપોર્ટ.

**પૂજ્ય સેક્રેટરી સાહેબ,**

આ વિદ્યાલયનો સન ૧૯૧૮-૧૯ નો મારો ટૂંક રિપોર્ટ આપના સમક્ષ રજુ કરવાની રજા લઉં છું.

**અભ્યાસ.**

ગઈ સાલ બધા મળીને ૩૭ વિદ્યાર્થીઓએ આ સંસ્થાનો લાભ લીધો હતો. તેઓ ઘણીજ ખંતથી વિદ્યાભ્યાસ કરે છે તે તેમણે જૂદી જૂદી પરીક્ષાઓમાં મેળવેલાં ઘણાંજ સંતોષકારક પરિણામો જોવાથી માલૂમ પડી શકશે. આ સંસ્થાના ધાર્મિક શિક્ષક શ્રીયુત પંડિત વ્રજલાલજી નિયત થયેલાં પુસ્તકો શીખવવા ઉપરાંત બીજી ઘણી બાબતોનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપતા અને તેઓ તેમાં ઘણુંજ રસ લેતા હતા.

**રમતો.**

વિદ્યાલયના વિદ્યાર્થીઓને સંધ્યાકાળ પહેલાંજ વાળું કરી લેવાનું હોવાથી તથા નજીકમાંજ રમવાની ખાસ જગા નહિ હોવાથી, 'ક્રિકેટ' 'ફુટબોલ' જેવી ઘર બહાર રમવાની રમતોમાં તેઓ ઝાઝો ભાગ લઇ શકતા નહિ અને વિદ્યાલયના મકાનમાંજ 'પિંગબાંગ' રમીને તેમને સંતોષ માનવો પડતો હતો નવા વર્ષમાં સંસ્થાના ગોવાળીઆ તળાવ સામે આવેલા મુકામમાં રહેવા જવાનું થશે અને ત્યાં નજીકમાંજ રમવાની સગવડ થઇ શકશે એટલે વિદ્યાર્થીઓને તેમની રમવાની હોંશ પૂરી પાડવાનાં પૂરતાં સાધનો મળી શકશે.

**વ્યાયામ.**

